RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

# સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૦૨૮૧-૨૨૪૧૨૩૪, ફેક્સ : ૦૨૮૧-૨૨૩૦૬૬૬

● સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ - ૭ | સોમવાર, તા.૧૫-૦૪-૨૦૨૪ | અંક : ૨૧૭ વર્ષ : ૨૧ | e-mail : sauaajtak@gmail.com | કિંમત રૂ. ૨-૫૦ | પાના - ૮

# ઈરાને ઈઝરાયેલ પર કર્યો હુમલો

## ૨૭૦ મિસાઈલ દાગી અમેરિકાના મિલિટરી બેઝ પર પણ હુમલો

દમાસ્કસ,

આખરે જેનો ડર હતો, એ જ થયું. સીરિયામાં ઈરાની ઠેકાણાઓ પર ઈઝરાયેલના હુમલા બાદ સ્થિતિ કાબૂ બહાર થઈ ગઈ છે. દમાસ્કસમાં કરવામાં આવેલી એર સ્ટ્રાઈકમાં ઈરાનનો ટોચનો કમાન્ડર મરાયો હતો, જે બાદ તેહરાને ગંભીર પરિણામોની ચેતવણી આપી હતી. હવે ઈરાને ઈઝરાયેલ પર ડ્રોન અને મિસાઈલ હુમલા કરી દીધા છે. યુએસ અને ઈઝરાયેલના સૈન્ય અધિકારીઓએ ડ્રોન અને મિસાઈલને નિષ્ક્રિય કરવાનો દાવો કર્યો છે. આકાશમાં ડ્રોન અને મિસાઈલો ચમકવા



લાગી, જાણે આતશબાજી શરૂ થઈ હોય. ઈરાકમાં અમેરિકાના સૈન્ય મથક પર પણ હુમલાની માહિતી છે. બીજી તરફ ઈરાનના હુમલાથી ઈઝરાયેલને બચાવવા માટે ફ્રાન્સે પણ યુદ્ધ જહાજ મોકલ્યા છે. આગામી સમયમાં સ્થિતિ વધુ વણસે તેવી શક્યતાઓ વધી છે.

જાણીતું છે કે ઈઝરાયેલે સીરિયામાં ઈરાનના મથકોને નિશાન બનાવીને હવાઈ હુમલા કર્યા હતા. જેમાં ઈરાનનો ટોપ કમાન્ડર માર્યો ગયો હતો. આ પછી તહેરાને બદલો લેવાની ચેતવણી આપી હતી. ઈઝરાયેલ ત્યારથી જ એલર્ટ થઈ ગયું હતું. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડને પણ ઈરાનને આવું ન કરવાની ચેતવણી આપી હતી. જોકે ઈરાન પર તેની કોઈ અસર થઈ નથી. તેહરાને આખરે ઈઝરાયેલ પર હુમલો કરી જ દીધો. તેલ અવીવના આકાશમાં એક સાથે ડઝનબંધ ડ્રોન અને મિસાઈલો ચમકવા લાગ્યા. ઈઝરાયેલના સંરક્ષણ દળનો દાવો છે કે તેણે મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ આયર્ન ડોમની મદદથી ઈરાન દ્વારા છોડવામાં આવેલી મિસાઈલ અને ડ્રોનને તોડી પાડ્યા છે.

ઈઝરાયેલના સુરક્ષા દળોએ દાવો કર્યો છે કે ઈરાન દ્વારા છોડવામાં આવેલી ૨૦૦થી વધુ મિસાઈલોને ઈન્ટરસેપ્ટ કરી લેવામાં આવી છે. બીજી તરફ ઈરાની હુમલાને બેઅસર કરવા માટે અમેરિકા, ફ્રાન્સ અને બ્રિટન આગળ આવ્યા છે. અમેરિકા અને બ્રિટનની વાયુસેનાએ ઈઝરાયેલ વતી કામગીરી શરૂ કરી છે. બીજી તરફ એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ફ્રાન્સે ઈરાની હુમલાથી ઈઝરાયેલને બચાવવા માટે પોતાના યુદ્ધ જહાજને તૈનાત કર્યા છે.

## ઈઝરાયેલ પલટવારની તૈયારીમાં

ગાઝા,

રશિયા અને યુક્રેન બાદ હવે બીજા બે દેશો વચ્ચે છેડાયું છે યુદ્ધ. આ દેશો છે ઈરાન અને ઈઝરાયેલ. ભારત સહિત હાલ દુનિયાભરની નજર આ બન્ને દેશોની ગતિવિધીઓ પર છે. કારણકે, ક્યારેય પણ કોઈ બે દેશો વચ્ચે યુદ્ધ થાય તો એ માત્ર બે દેશો પુરતું સીમિત નથી રહેતું પણ સમગ્ર દુનિયા પર તેનો પ્રભાવ પડે છે. ઈરાને ઈઝરાયલ પર હવાઈ હુમલો શરૂ કર્યો છે. ૨૦૦ ડ્રોન અને મિસાઈલ છોડી ઈરાને ઈઝરાયલમાં રીસતરનો હાહાકાર મચાવ્યો છે. વળતો જવાબ આપવા નેતન્યાહૂએ વોર કેબિનેટની મીટિંગ કરી છે. સાથે આ મામલે ઈઝરાયેલે અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડનને ફોન કર્યો અને સમગ્ર મામલે વિગતવાર વાતચીત કરી છે. આ મામાલે હવે ઈઝરાયેલ પણ જવાબી કાર્યવાહી કરશે તે અંગે પણ અમેરિકાને જાણકારી આપવામાં આવી છે.

ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ છે. ઈરાને ઈઝરાયેલ તરફ સેંકડો ડ્રોન છોડ્યા છે. બીજી તરફ ઈઝરાયેલની એર ડિફેન્સ સિસ્ટમ તૈયાર છે. ઈરાની ડ્રોન લોન્ચ થયા બાદ ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સ હાઈ એલર્ટ પર છે. ઈઝરાયેલના સૂત્રોએ દાવો કર્યો છે કે સરહદમાં પ્રવેશતા પહેલા ૧૦૦ ડ્રોનને રોકવામાં આવ્યા હતા. તે જ સમયે, જોર્ડન, ઈરાક અને લેબનોને તેમની એરસ્પેસ બંધ કરી દીધી હતી.

## લાહોરમાં અંડરવર્લ્ડ ડોન આમિર સરફરાઝની હત્યા

### અજાણ્યા લોકોએ ગોળી મારી તેના પર સરબજીત સિંહની હત્યાનો આરોપ હતો

લાહોર

લાહોરના ડોન અમિર સરફરાઝની હત્યા કરવામાં આવી છે. પીટીઆઈના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે લાહોરમાં કેટલાક લોકોએ અમીરને ગોળી મારી હતી. આ પછી તેનું મોત થયું. એવું માનવામાં આવે છે કે અમીર સરફરાઝ અને તેના સહયોગીઓએ પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISIના નિર્દેશ પર ૨૦૧૩માં લાહોર જેલમાં બંધ ભારતીય નાગરિક સરબજીત સિંહની માર મારી હત્યા કરી હતી. ડિસેમ્બર ૨૦૧૮માં પાકિસ્તાનની એક કોર્ટે પુરાવાના અભાવને ટાંકીને સરબજીતની હત્યાના બે આરોપીને મુક્ત કર્યા હતા. જેમાં અમીર સરફરાઝ અને મુદ્દસરનો સમાવેશ થાય છે. આ બંને વિરુદ્ધ કોઈએ જુબાની આપી નહોતી. વાસ્તવમાં પંજાબનો સરબજીત ૧૯૯૦માં ભૂલથી સરહદ પાર કરીને પાકિસ્તાન ગયો હતો.

## ઝીરો વીજળી બિલ, મફત રાશન-ગેસ

### મોદીની ગેરંટી સાથે ભાજપનો ઢંઢેરો જાહેર




નવીદિલ્હી,

ભાજપે લોકસભા ચૂંટણી માટે તેનો ઢંઢેરો બહાર પાડ્યો છે. આ વખતે ભાજપે જીતની હેટ્રિક માટે ઘણા મોટા વચનો આપ્યા હતા. વિકસિત ભારતના સંકલ્પ અને મોદીની ગેરંટી દ્વારા ભાજપે પોતાનું વિઝન રજૂ કર્યું. બીજેપી હેડક્વાર્ટર ખાતે પીએમ મોદીની હાજરીમાં મેનિફેસ્ટો લોન્ચ કરવામાં આવ્યો હતો. મોદીની ઉઠાંતરીની ઝલક ભાજપના ઠરાવ પત્રમાં પણ જોવા મળી હતી. ૨૦૧૪માં ભાજપે સબકા સાથ, સબકા વિકાસનો નારો આપ્યો હતો. ૨૦૧૯માં ભાજપ સબકા સાથ, સબકા વિકાસ અને સબકા વિશ્વાસ સાથે આગળ વધ્યું. ૨૦૨૪માં ભાજપનો ચૂંટણી પ્રચાર મોદીની ગેરંટી સાથે ચાલી રહ્યો છે.

ભાજપે તેના મુખ્ય મુદ્દાઓ પહેલાથી જ પૂર્ણ કરી લીધા છે જેમાં રામ મંદિરનું નિર્માણ અને કલમ ૩૭૦ હટાવવાની બાબત મહત્વપૂર્ણ છે. નોંધનીય છે કે ભાજપે ઠરાવ પત્ર બહાર પાડવા માટે બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતિનો દિવસ પસંદ કર્યો હતો.

## ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના ભાઈએ સલમાનના ઘરની બહાર કર્યું ફાયરિંગ





મુંબઈ,

બોલિવૂડ એક્ટર સલમાન ખાનના ઘર ગેલેક્સી એપાર્ટમેન્ટની બહાર ફાયરિંગ કેસમાં એક નવું અપડેટ સામે આવ્યું છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી પોસ્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે આ હુમલો લોરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલ બિશ્નોઈ દ્વારા કરવામાં આવ્યો છે.

જોકે, આજતક આ દાવાની પુષ્ટિ કરતું નથી. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી પોસ્ટ પર દાવો કરવામાં આવ્યો છે કે અમેરિકામાં હાજર લોરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલ બિશ્નોઈએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ લખીને સલમાન ખાન પર હુમલાની જવાબદારી લીધી છે.

અનમોલ બિશ્નોઈએ પોસ્ટમાં લખ્યું છે - ઓમ જય શ્રી રામ, જય ગુરુજી જંભેશ્વર, જય ગુરુ દયાનંદ સરસ્વતી, જય ભારત અમને શાંતિ જોઈએ છે, જો જુલમ વિરુદ્ધ નિર્ણય યુદ્ધ દ્વારા લેવામાં આવે તો યુદ્ધ યોગ્ય છે.

## ગુજરાતમાં 35 IPSની બઢતી-બદલી

### હસમુખ પટેલ સહિત ૨૦થી પણ વધુ અધિકારીઓને પ્રમોશન આપવામાં આવ્યાં

અમદાવાદ

સભા ૨૦૨૪ની ચૂંટણીની વાતોની વચ્ચે ઘણા સમયથી ગુજરાતમાં આઈપીએસ અધિકારીઓની બદલીની પણ વાતો ચાલી રહી હતી, આ દરમિયાન ચૂંટણી પણ જાહેર થઈ ગઈ હતી. આ ચૂંટણી પ્રક્રિયા વચ્ચે ચૂંટણીપંચે બઢતી અને બદલીના ઓર્ડર કર્યા છે. જેમાં એકસાથે ૩૫ અધિકારીના બદલી અને બઢતીના આદેશ કરવામાં આવ્યા છે.

૭૪ દિવસથી ઈન્ચાર્જથી ચાલી રહેલા સુરતને હવે નવા પોલીસ કમિશનર મળી ગયા છે. હાલ વડોદરાના પોલીસ કમિશનર એવા અનુપમસિંહ ગેહલોતને સુરતના પોલીસ કમિશનર બનાવવામાં આવ્યા છે. જ્યારે વડોદરાના પોલીસ કમિશનર તરીકે નરસિંમ્હા કોમરને મૂકવામાં આવ્યા છે. કરાઈ ટ્રેનિંગ સેન્ટરના પ્રિન્સિપાલ અભય ચુડાસમાને પ્રમોશન આપી છઠ્ઠૂં બનાવવામાં આવ્યા છે. હાલ અમદાવાદના પોલીસ કમિશનર જીએસ મલિક, અને ગુજરાત પોલીસ હાઉસિંગ કોર્પોરેશનના એડિશનલ ડીજી હસમુખ પટેલ સહિત ૨૦થી પણ વધુ અધિકારીઓને પ્રમોશન આપવામાં આવ્યાં છે.જ્યારે અમદાવાદ શહેરમાં ત્રણ જગ્યાઓ ખાલી છે. જેમાં ડીસીપી ક્રાઈમ સેક્ટર વન જોઈન્ટ કમિશનર અને ઝોન વન ડીસીપીની જગ્યા હજી પણ ખાલી રહી છે. બીજી તરફ વેઈટિંગ ફોર પોસ્ટિંગમાં પણ હજી ઘણા હુકમ થવાના બાકી છે, એટલે એવું માનવામાં આવી રહ્યું છે કે હજી વધુ એક લિસ્ટ આવે તેવી શક્યતા છે. અમદાવાદ શહેરના ઝોન ડીસીપી તરુણ દુગ્ગલની બદલી કરીને મહેસાણા જિલ્લા એસપી તરીકે નિમણૂક કરવામાં આવી છે.

## યુપીમાં તોફાન અને વરસાદની આગાહી સાથે એલર્ટ જાહેર

લખનૌ,

ઉત્તર પ્રદેશમાં હવામાન સતત બદલાઈ રહ્યું છે. જો કે છેલ્લા કેટલાક દિવસોથી દેશના વિવિધ રાજ્યોમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર જોવા મળી રહી છે. આ જ ક્રમમાં હવે ખરાબ હવામાનની અસર યુપીમાં પણ જોવા મળશે. આ સમયગાળા દરમિયાન રાજ્યમાં તોફાન, વરસાદ તેમજ કરા પડવાની સંભાવના છે. આવી સ્થિતિમાં હવામાન વિભાગે સોમવારથી બે દિવસ માટે એલર્ટ જાહેર કર્યું છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર સક્રિય વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વરસાદી સિસ્ટમ બની રહી છે. આ દરમિયાન માત્ર યુપીમાં જ નહીં પરંતુ મધ્યપ્રદેશ, છત્તીસગઢ સહિત અન્ય રાજ્યોમાં પણ વરસાદની સંભાવના છે. ઉત્તર પ્રદેશમાં બે દિવસ રવિવાર અને સોમવાર, ૧૪ અને ૧૫ એપ્રિલે વરસાદની સંભાવના છે. આ સમયગાળા દરમિયાન ભારે તોફાન સાથે વરસાદ અને કરા પડવાની સંભાવના છે.

સહારનપુર, મેરઠ, જ્યોતિબાફૂલે નગર, મુરાદાબાદ, ગાઝિયાબાદ, ગૌતમ બુદ્ધ નગર, અલીગઢ, મથુરા, મહામાયાનગર, ઈટાહ, ફિરોઝાબાદ, ઈટાવા, મૈનપુરી, જાલૌન, ઔરૈયા, ઝાંસી અને લલિતપુરમાં ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. આગામી બે દિવસમાં ભારે તોફાન અને ભારે વરસાદની સંભાવના છે. આ સાથે કરા પડવાની પણ સંભાવના છે.

## આંધ્ર પ્રદેશના સીએમ જગન મોહન રેડ્ડીના કાફલા પર પથ્થરમારો

### મુખ્યમંત્રીનું માથું ફોડી નાખ્યું

નવીદિલ્હી

આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી જગનમોહન રેડ્ડી પોતાના કાફલા પર પથ્થરમારો થતાં ઘાયલ થઈ ગયા છે. આજે ચૂંટણી પ્રચાર દરમ્યાન મેમંથા સિદ્ધમ બસ યાત્રા પર પથ્થરમારો થયો હતો. સીએમ વાઈએસ જગનના માથા પર ઈજા થઈ છે. જ્યારે તેમની બાજુમાં ઉભેલા ધારાસભ્ય વેલ્લમપલ્લીની જમણી આંખમાં ઈજા થઈ છે. હાલમાં તેઓ ડોક્ટર્સની દેખરેખ હેઠળ છે.

આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી વાઈએસ જગન મોહન રેડ્ડી તે સમયે ઘાયલ થઈ ગયા, જ્યારે તેઓ મેમંથા સિદ્ધમ બસ યાત્રા સાથે વિજયવાડાથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે એક અજાણ્યા શખ્સે ગુલેલથી પથ્થર ફેંકીને તેમને ટાર્ગેટ કરવાની કોશિશ કરી હતી.

મુખ્યમંત્રી જગન મોહન રેડ્ડીને સિંહનગરમાં વિવેકાનંદ સ્કૂલ કેન્દ્ર નજીક આ દુર્ઘટના થઈ હતી. તેની જમણી બાજુથી આ હુમલો થયો હતો. જેના કારણે તેમની માથામાં ઈજા થઈ છે. જો કે મુખ્યમંત્રી ભાગ્યશાળી નીકળ્યા અને તેમને આંખથી બસ થોડી દૂર વાગ્યું છે. સીએમ જગનની બાજુમાં ઊભેલા ધારાસભ્યની આંખમાં ઈજા થઈ છે. ઘટનાના સમયે જગન રેડ્ડી જનતાને હાલ ઊંચા કરી અભિવાદન જીલી રહ્યા હતા.

## હરિયાણામાં YouTuber કપલે સજોડે આત્મહત્યા કરી

### લિવ-ઈનમાં રહેતા હતા : પોલીસે કહ્યું- સવારે ઝઘડો થયો ત્યારબાદ બિલ્ડિંગના ૭મા માળેથી છલાંગ લગાવી

બહાદુરગઢ

હરિયાણાના બહાદુરગઢમાં શનિવારે સવારે સોસાયટીના ૭મા માળેથી પડી જવાથી એક યુવક અને એક મહિલાનું શંકાસ્પદ સંજોગોમાં મોત નીપજ્યું હતું. બંને યુટ્યુબર હતા અને લિવ-ઈન રિલેશનશિપમાં રહેતા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં આપઘાત થયાનું બહાર આવ્યું છે. પોલીસે જણાવ્યું કે, આત્મહત્યા કરતા પહેલા બંને વચ્ચે કોઈ બાબતે ઝઘડો થયો હતો.

મૃતકોની ઓળખ ગરવિત (૨૫) અને નંદિની (૨૨) તરીકે થઈ છે. થોડા સમય પહેલા બંને દહેરાદૂનથી પોતાની ટીમ સાથે બહાદુરગઢ આવ્યા હતા. બંને વીડિયો બનાવીને ફેસબુક અને યુટ્યુબ પર પોસ્ટ કરતા હતા. હાલમાં તેઓ બહાદુરગઢ શહેરની રૂહિલ રેસીડેન્સી સોસાયટીના ફ્લેટ નંબર ૭૦૧માં રહેતા હતા. ગરવિત શનિવારે સવારે જ અહીં આવ્યો હતો.ગરવિત શનિવારે સવારે સોસાયટીમાં આવ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

## ભારત ૧૭ વર્ષમાં કોંક્રીટના જંગલમાં ફેરવાઈ ગયો છે ૫ લાખ હેક્ટરનો વધારો થયો છે



હૈદરાબાદ,

છેલ્લા ૧૭ વર્ષમાં આપણો દેશ કોંક્રીટના જંગલમાં ફેરવાઈ ગયો છે. ૨૦૦૫ થી ૨૦૨૩ સુધીમાં દેશમાં બાંધકામ ક્ષેત્રે ૨૫ લાખ હેક્ટરનો વધારો થયો છે. આ માહિતી ઈસરોના હૈદરાબાદ સ્થિત નેશનલ રિમોટ સેન્સિંગ સેન્ટર દ્વારા આપવામાં આવી છે. આ દર્શાવે છે કે દેશમાં શહેરીકરણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વર્ષોથી નોંધપાત્ર વધારો થયો છે.

એનઆરએસસીના વાર્ષિક અહેવાલમાં, ૨૦૦૫-૦૬ અને ૨૦૨૨-૨૩ વચ્ચે જમીનનો ઉપયોગ અને જમીન કવરમાં લગભગ ૩૧ ટકાનો વધારો થયો છે. આ સમયગાળા દરમિયાન, ૩૫ ટકા વધુ બાંધકામ વિસ્તાર ઉમેરવામાં આવ્યો છે. જમીન કવરમાં લગભગ ૨.૪ ટકાનો વધારો થયો છે. આ બાંધકામ વિસ્તારમાં માત્ર ઈમારતો જ નહીં, રસ્તાઓ વગેરે પણ છે. ઉદાહરણ તરીકે, ૨૦૦૫ અને ૨૦૨૩ ની વચ્ચે, રાષ્ટ્રીય ધોરીમાર્ગો ગુજરાતમાં ૧૭૫ ટકા, કર્ણાટકમાં ૧૦૯ ટકા, આંધ્રપ્રદેશમાં ૯૪ ટકા, મધ્યપ્રદેશમાં ૭૫ ટકા અને પશ્ચિમ બંગાળમાં ૫૮ ટકા વધ્યા છે. રિપોર્ટ અનુસાર ખેતીની જમીનમાંથી બાંધકામ વિસ્તાર પણ લેવામાં આવ્યો છે.

એનઆરએસસી મુજબ, બાંધવામાં આવેલા વિસ્તારમાં ઈમારતો એટલે કે છતની રચનાઓ, પાકા સપાટીઓ એટલે કે રસ્તાઓ અને પાર્કિંગ, વ્યાપારી અને ઔદ્યોગિક સ્થળો જેમ કે બંદરો, લેન્ડફિલ્સ, ખાણો અને રનવે અને શહેરી લીલા વિસ્તારોમાં ઉદ્યાનો અને બગીચાઓનો સમાવેશ થાય છે. એટલે કે દેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઝડપથી વિકાસ કરી રહ્યું છે. પરંતુ સમસ્યા એ છે કે બાંધકામ વિસ્તાર વધારવા માટે ખેતીની જમીનનો ઉપયોગ કરવો નુકસાનકારક છે. જેના કારણે ખેડૂતોને નુકશાન થાય છે. તેમની આજીવિકા છીનવાઈ ગઈ છે. પુરતું વળતર ન મળતા ખેડૂતોએ દેખાવો કર્યા હતા. ગુજરાતમાં વાપીથી શામળાજી સુધીના એનએચ-૫૬ના વિકાસનો વિરોધ થયો હતો.ફેબ્રુઆરી ૨૦૨૪માં પણ મધ્યપ્રદેશના ખેડૂતોએ ઈન્દોરના વેસ્ટર્ન રિંગ રોડ અને ઈન્દોર-બુધાની રેલ લિંક માટે જમીન સંપાદનનો વિરોધ કર્યો હતો.

સૌરાષ્ટ્ર આજતક

# ગુજરાતમાં ચોમાસું વહેલા શરુ થવાની શક્યતા



અમદાવાદ,
ગુજરાતમાં હવે બારેમાસ ચોમાસું જેવી સ્થિતિ રહે છે. વર્ષના વચલા દહાડે ગમે ત્યારે કમોસમી વરસાદ આવી ચઢે છે. આવામાં ખરુ ચોમાસું કેવુ જશે તે વધુ મહત્વનું છે. વર્ષ ૨૦૨૪ નું ચોમાસું કેવુ જશે તે માટે ભવિષ્યવાણી આવી ગઈ છે. આગાહીકાર અંબાલાલ પટેલે અત્યારથી જ ચોમાસાની આગાહી કરી છે. આ વર્ષે ચોમાસુ વહેલુ શરૂ થવાની શક્યતા છે.સાથે જ આ વર્ષે ચોમાસુ સારું રહેવાની શક્યતા હોવા છતાં કેટલાક ભાગોમાં વરસાદની વહેંચણી અનિયમિત રહે તેવી પણ આગાહી છે. હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે આગાહી કરતા જણાવ્યું કે, આ વર્ષે ચોમાસું વહેલા શરુ થવાની શક્યતા છે. ૧૦ થી ૧૨ મે સુધીમાં દેશમાં આંધીવંટોળ સાથે પ્રિમોન્સૂન એક્ટિવિટી શરુ થશે. ૨૩-૨૪ મે સુધીમાં વાદળો આવશે. ૮ થી ૧૨ જૂનમાં ચોમાસાની શરૂઆત થશે. સામાન્ય રીતે ગુજરાતમાં ૧૫ જૂનથી ચોમાસુ શરું થાય છે. આ વર્ષે આંધીવંટોળ અને ભારે પવન સાથે વરસાદ રહેશે. સારા ચોમાસા અંગે તેમણે કહ્યું કે, ૨૮ જૂનથી રાજ્યના મોટાભાગમાં સારો વરસાદ રહેવાની શક્યતા છે. જુલાઈ માસમાં સારો વરસાદ રહેશે. પાક માટે આ વર્ષે પશ્ચત્તર વરસાદની શક્યતા રહેતા દુધિયા દાણા આવાની અવસ્થામાં પાક ઉપર વિષમ અસર થાય છે. આ વર્ષે દક્ષિણ ગુજરાત અને દક્ષિણ સૌરાષ્ટ્રમાં વધુ વરસાદ નોંધાઈ શકે છે. તો વલસાડ અને બનાસકાંઠામાં અત્યંત ભારે વરસાદની સંભાવના છે. અંબાલાલ પટેલે ગરમીની આગાહી કરતા જણાવ્યું કે, ૧૬ એપ્રિલથી રાજ્યમાં ગરમીનો કહેર વર્તાશે. મધ્ય ગુજરાતમાં મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રીને પાર કરી જવાની શક્યતા છે. ૧૮ એપ્રિલથી કચ્છ અને મધ્યપ્રદેશમાં વાદળો આવવાની શક્યતા છે. વડોદરા, આણંદ અને અમદાવાદનું તાપમાન ૪૨-૪૩ ડિગ્રી રહેવાની શક્યતા છે.

# સુરતના વોટર પાર્કમા પેલેસ્ટાઇન સમર્થકોએ સુરક્ષાકર્મી સાથે કરી મારામારી, ૧૫ની અટક

સુરત,
સુરત ખાતે આવેલ મેજિકા વોટર પાર્કમાં એક યુવક દ્વારા પ્રતિબંધિત વિસ્તારમાં ઘૂસી જઈ પેલેસ્ટાઈન દેશનાં ચિન્હવાળી ટી-શર્ટ સાથે નારા લગાવ્યા હતા. આ યુવકને અટકાવવાની કોશિષ કરતા આઠ થી દસ જેટલા યુવકોએ ભેગા મળી સિક્યુરિટી ઓફિસર સહિત બે લોકો પર જીવલેણ હુમલો કર્યો હતો. જેને લઈ પોલીસ અધિકારીનો કાફલો ઘટનાં સ્થળે દોડી ગયો હતો. તેમજ આ સમગ્ર બાબતે પુણા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્શ વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી હતી.

મેજિકા વોટર પાર્કમાં પ્રતિબંધિત વિસ્તારમાં ઘુસેલ યુવકને સિક્યુરિટી મેનેજર દ્વારા તેઓને અટકાવવાની કોશિષ કરતા ૮ થી ૧૦ જેટલા યુવકોએ સિક્યુરિટી મેનેજર સહિત બે વ્યક્તિઓ સિક્યુરિટી મેનેજરને માથામાં પ્લાસ્ટિકની ડોલ મારતા ગંભીર ઈજા પહોંચતા તેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ સમગ્ર બાબતે સુરત એસીપી પી.કે.પટેલે જણાવ્યું હતું કે, જે વોટર પાર્કમાં એમ્બીઝમેન્ટ માટે પબ્લીક આવતી હોય છે. તે પૈકી ત્યાં વેબ સાઈડ હતી. જ્યાં એક વ્યક્તિએ સ્ટેજ ઉપર જવાની જગ્યા ન હોય તે જગ્યાએ ચડી જઈ બુમા બુમ કરેલી અને પોતે ટી-શર્ટ પહેરેલી તે ટી-શર્ટ ઉંચી કરી લોકોનું ધ્યાન ખેંચેએ પ્રકારની હરકત કરેલી જેથી એ ટી-શર્ટ ઉપર કોઈ દેશનો સિમ્બોલ હોઈ સિક્યુરીટીનાં માણસોને ધ્યાને આવતા જે પ્રતિબંધિત વિસ્તારમાંથી તેને હટાવવા માટે પહોંચી જતા તેને પકડીને હટાવતા તે દરમ્યાન તેની સાથેનાં અન્ય વ્યક્તિઓ પણ ત્યાં સાથે આવી ગયેલા અને સિક્યુરીટી સ્ટાફ સાથે બોલાચાલી તકરાર કરેલી.

# કમ્પાઉન્ડરમાંથી બની ગયા ડોક્ટર

## સુરતમાં ડિગ્રી વગર ક્લિનિક ચલાવતા બે શખ્સ ઝડપાયા એલોપેથિક દવાના જથ્થા સાથે ઝબ્બે

સુરત
સુરતના પાંડેસરામાં બે અલગ અલગ બનાવવામાં પોલીસે ડુપ્લીકેટ ડોક્ટરને ઝડપી પાડ્યા છે. બંને ડોક્ટર પાસે કોઈપણ પ્રકારની ડિગ્રી ન હોવા છતાં પણ તેઓ ખાનગી પ્રેક્ટિસ કરતા હતા. ડિગ્રી વગર જ તેઓ ક્લિનિકમાં એલોપેથીક દવાનો જથ્થો રાખતા હતા. જેથી પોલીસે બંને સામે ડુપ્લીકેટ તબીબનો ગુનો દાખલ કરી બંનેની ધરપકડ કરી છે.

પોલીસે બંને ડોકટરોની પ્રાથમિક પૂછપરછમાં અગાઉ હોસ્પિટલમાં કમ્પાઉન્ડર તરીકે નોકરી કરી સામાન્ય બીમારીમાં કઈ કઈ દવા, ઈન્જેકશન આપવાની માહિતી મેળવી લીધા બાદ જાતે જ ડોકટર બની ગયા હોવાની કબૂલાત કરી હતી. પોલીસે બંને ક્લિનિકમાંથી દવા, ઈન્જેક્શન સહિત કુલ રૂપિયા ૩૦ હજારનો દવાનો જથ્થો કબ્જે કર્યો હતો.

અંતર્ગત જીઁ૨ પોલીસના માણસોની અલગ અલગ ટીમો બનાવી શહેરમાં ડિગ્રી વગરના ક્લિનીક ચલાવતા બોગસ ડોક્ટરોને પકડી પાડવાની દિશામાં વર્કઆઉટમાં હતા. બાતમી મળી હતી કે પાંડેસરા વિસ્તારમાં આવેલા બે બોગસ તબીબો દ્વારા ક્લિનિક ખોલી લોકોના આરોગ્ય સાથે ચેડા કરી રહ્યા છે.

દવાનો જથ્થો કબજે કર્યો પોલીસે બાતમીના આધારે પોલીસે જિલ્લા પંચાયત હેલ્થ વિભાગના અધિકારીઓ સાથે અકે ટીમ બનાવી પાંડેસરા ગોવાલક રોડ રામનગર ખાતે આવેલ જગન્નાથ ક્લિનીકમાં ડમી પેશન્ટ મોકલી રોડ પાડી હતી. જેમાં ૨૮ વર્ષીય આરોપી હિમાંશુ શેખર ગૌરીશંકર પ્રેક્ટિસ કરતો હોવાનું બહાર આવ્યું હતુ. જીઁ૨ પોલીસે તેની ધરપકડ કરી ક્લિનિકમાંથી દવા, ઈન્જેક્શન, સિરપ મળી કુલ રૂપિયા ૨૭ હજારથી વધુનો જથ્થો કબ્જે કર્યો હતો. વડોદ ગામ ભગવતીનગરમાં આવેલ નીર ક્લિનીકમાં દરોડા કરતા ૨૮ વર્ષીય સદામ શકુર બનખાન ઝડપાયો હતો.

# કેસર કેરીના શોખીનોને સ્વાદ કડવો લાગે તેવા ભાવ



## કેરીના પેટીનો ભાવ ૨ હજારથી ૨૪૦૦ જેટલો બોલતાં સામાન્ય માનવી માટે કેરી ચાખવી અઘરી

અમદાવાદ,
ગુજરાતમાં કદાચ એવું કોઈ વ્યક્તિ નહીં હોય કે જેને કેરીનો સ્વાદ પસંદ ન હોય. ઉનાળો આવ્યો છે તો કેસર કેરીના શોખીનો કેરીનો સ્વાદ માણવા તલપાપડ હશે. બજારમાં કેરીનું આગમન પણ થઈ ગયું છે. પરંતુ કેરીના ભાવ તમે બજારમાં સાંભળ્યા હશે પરંતુ આ ભાવમાં ઘટાડો થાય તેમ લાગતું નથી. કારણ કે ગ્લોબલ વોર્મિંગ અને કમોસમી માવઠાને કારણે કેરીના પાકને ખરાબ અસર થઈ છે. સૌ કોઈ આકરો ઉનાળો આવ્યો છે તો કેરીનો સ્વાદ માણવા આતુર હશે. બજારમાં કેરીનું આગમન પણ થઈ ગયું છે. પરંતુ જ્યારે કેરીના ભાવ પૂછીએ તો લેવાનું મન થતું નથી. આભને આંબે તેવા ભાવથી કેરીનો સ્વાદ માણી શકાય તેમ નથી. સૌ કોઈ એ ઈન્તજારમાં છે કે થોડા સમય પછી ભાવમાં ઘટાડો આવશે. ત્યારે કેરીનું હબ કહેવાતા ભાવનગરના તળાજા તાલુકામાં મોટા પાયે કેરીનો પાક થાય છે. પરંતુ આ વખતે વિષમ તાપમાનને કારણે કેરીનું ઉત્પાદન મોટા પાયે નિષ્ફળ જવાની સંભાવનાઓ દેખાઈ રહી છે. આ વખતે મહોર આવવાની શરૂઆત તો થઈ હતી, ત્યારબાદ આંબા પર નાની મોટી ખાખટી પણ આવી હતી...પરંતુ શિયાળામાં ઓછી ઠંડી અને ઉનાળો વધુ પડતો તપી જતાં આંબા પરથી મહોર ખરી જવાનું પ્રમાણ વધી ગયું...એટલું જ નહીં એપ્રિલમાં કેરી તૈયાર થઈ જાય છે પરંતુ હાલ આંબા પર અચાનક કપળો ફૂટીને નવા પાન આવવા લાગ્યા છે. જે ચોમાસામાં ફૂટતા હોય છે.

# ગાંધીનગર સાયબર ક્રાઇમના નામે નોટીસ મોકલીને છેતરપિંડીનો પ્રયાસ

અમદાવાદ,
નિકોલમાં રહેતા વેપારીને દવા કંપનીએ કેસ કર્યો હોવાનું કહીને ગાંધીનગર સાયબર ક્રાઇમના નામે દંડ ભરવાનું અથવા ત્રણ મહિનાની સજા અપાવવાનું કહીને કોઇ ગઠિયાએ વોટ્સએપથી બનાવટી લીગલ નોટિસ મોકલી હતી. જે અંગે અમદાવાદ સાયબર ક્રાઇમ દ્વારા ગુનો નોંધીને તપાસ શ કરવામાં આવી છે. નિકોલમાં આવેલા દિવ્યજ્યોત ટેનામેન્ટમાં રહેતા વિષ્ણુભાઇ પંચાલ ઓઢવમાં ફર્નિચરનો વ્યવસાય કરે છે. ગત ૮મી એપ્રિલના રોજ તેમને અજાણ્યા મોબાઇલ નંબર પરથી કોલ આવ્યો હતો. જેમાં કોલ કરનારે પોતાની ઓળખ ગાંધીનગર સાયબર ક્રાઇમના પીએસઆઇ હેમંતસિંહ તરીકે આપીને જણાવ્યું હતું કે તમે વર્ષ ૨૦૨૨માં ઓનલાઇન દવા મંગાવીને રીસીવ નહોતી કરી અને પરત આપી હતી. સાથેસાથે દવાના ખરાબ રિવ્યું આપ્યા હતા. જેથી અર્બન મેટ્રો કંપનીએ તમારા પર છેતરપિંડી અને અન્ય કેસ બાબતને લઇને કેસ કર્યો છે. આ કેસ પાછો ખેચાવવો હોય તો કોલ કરજો. જો કેસ થશે તો ૩૦ હજારનો દંડ અથવા ત્રણ મહિનાની કેદની સજા થશે. ત્યારબાદ ગાંધીનગર ક્રાઇમબ્રાંચના નામના લેટરપેડ પર નોટિસ મોકલી હતી. જો કે સાયબર ક્રાઇમના નામે કોલ કરીને છેતરપિંડીનો પ્રયાસ કર્યો હોવાથી આ અંગે વિષ્ણુભાઇએ સાયબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાવી હતી.

# કચ્છમાં નોધાયો ૨.૯ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો

કચ્છ,
કચ્છના સરહદી વિસ્તારમાં આજે સવારના સમયમાં ફરી એકવાર ભૂકંપનો આંચકો નોંધાયો છે. ૨૦૦૧ના વિનાશક ભૂકંપ બાદ જિલ્લામાં ભૂકંપના નાના નાના આંચકાઓનો સિલસિલો અવિરતપણે ચાલુ રહ્યો છે.

પશ્ચિમ કચ્છના વિસ્તારમાં ૨.૯ની તીવ્રતાનો ભૂકંપના આંચકો નોંધાયો હતો.સવારના ૫:૦૮ કલાકે આ ભૂકંપનો આંચકો નોંધાયો હતો.કચ્છના સરહદી વિસ્તારમાં આજે સવારના સમયમાં ફરી એકવાર ભૂકંપનો આંચકો નોંધાયો છે. ૨૦૦૧ના વિનાશક ભૂકંપ બાદ જિલ્લામાં ભૂકંપના નાના નાના આંચકાઓનો સિલસિલો અવિરતપણે ચાલુ રહ્યો છે. ત્યારે આજે પશ્ચિમ કચ્છના વિસ્તારમાં સવારના ૫:૦૮ કલાકે ૨.૯ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો હતો.વર્ષ ૨૦૦૧માં કચ્છમાં આવેલા વિનાશક ભૂકંપ બાદ ખાસ કરીને વાગડની ફોલ્ટ લાઈન પર નાના નાના આંચકાઓ નોંધાઈ રહ્યા છે.ખાવડા વિસ્તાર પાસે પણ નાના નાના આંચકાઓ અનુભવાય છે.

# રૂા. સાત કરોડની ઠગાઈના કેસમાં અમરેલીના મુખ્ય આરોપીની ધરપકડ

અમરેલી,
સીઆઈડી ક્રાઈમની આર્થિક ગુના શાખાએ સાત કરોડની છેતરપિંડીના કેસમાં મુખ્ય આરોપીની ધરપકડ કરી છે. આરોપીએ કથિતપણે યુકેમાં એક કંપની રજીસ્ટર્ડ કરી હતી. બાદમાં તેણે ઉંચા વળતરની બાંહેધરી આપીને ૩૮ થી વધુ લોકો સાથે છેતરપિંડી કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ આ કેસમાં ૭ એપ્રિલના રોજ અમરેલીના રવીરાજસિંહ વાઘેલાની દરપકડ કરવામાં આવી હતી. કોર્ટે તેને ૧૫ એપ્રિલ સુધીના પોલીસ કસ્ટડી આપી છે.વાઘેલાએ યુકેમાં રાઈટ ગ્રુપ ફાયનાન્સિયલ લિમીટેડ કંપની શરૂ કરી હતી. બાદમાં સોશિયલ મિડીયા દ્વારા કંપની ફોરેક્સ બિઝનેસ સાથે સંકળાયેલી હોવાનું જણાવ્યું હતું. અમદાવાદ, ભાવનગર સહિત પંજાબ અને દુબઈમાં ઓફિસો ખોલીને રવિરાજસિંહ સહિત કંપનીના માલિકોએ લોકોને રોકાણ પર ૫ થી ૭ ટકા વળતરની લાલચ આપી હતી.

આરોપીઓ ડમી ટ્રેડિંગ કરીને રોકાણકારોને યુઝર આઈડી અને પાસવર્ડ આપીને ચોક્કસ એકાઉન્ટમાં રકમ જમા કરવવા જણાવતા હતા. આ ખાતાઓ વિવિધ ફર્મ્સ, આરોપીઓના સંબંધીઓ અને કર્મચારીઓના નામે ખોલાવ્યા હતા. તેમાં આવતું ફંડ મુંબઈની આંગડીયા કંપનીઓ મારફતે આવતું હતું.

# અમદાવાદથી આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓમાં ૩૭ ટકાનો વધારો

અમદાવાદ,
અમદાવાદ એરપોર્ટ પર વર્ષ ૨૦૨૨ કરતાં વર્ષ ૨૦૨૩ માં ઈન્ટરનેશનલ અને ડોમેસ્ટિક પેસેન્જરોની કુલ સંખ્યા ૧.૧૬ કરોડને પાર થઈ છે.

એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓમાં વર્ષ ૨૦૨૩ માં એક કરોડથી વધુ પેસેન્જરોએ અમદાવાદ એરપોર્ટથી અવરજવર કરી હોવાનું જાણવા મળ્યુ છે. અમદાવાદથી ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી વિવિધ દેશોમાં ૧૮.૭૩ લાખ પેસેન્જરોએ ઉડાન ભરી છે જયારે ડોમેસ્ટિકમાં૯૭.૮૫ લાખ પેસેન્જરોએ અમદાવાદથી વિવિધ શહેરોની ઉડાન ભરી છે. સૌથી વધુ ઈન્ટરનેશનલના પેસેન્જરો વર્ષ ૨૦૨૩ ના ડિસેમ્બરમાં ૧.૯૩ લાખ અને ડોમેસ્ટિકમાં વર્ષ ૨૦૨૩ ના જાન્યુઆરીમાં ૯ લાખથી વધુ પેસેન્જરો નોંધાયા હતા. વર્ષ ૨૦૨૨ ની સરખામણીમાં વર્ષ ૨૦૨૩ માં ઈન્ટરનેશનલ પેસેન્જરોમાં ૩૭.૯૫% અને ડોમેસકટિક પેસેન્જરોમાં ૩૩ .૦૨%નો વધારો થયો છે. અમદાવાદ એરપોર્ટ પરથી દિન-પ્રતિદિન પેસેન્જરોની સંખ્યામાં વૃધ્ધિ થઇ રહી છે.

# ભાવનગરમાં બે અલગ અલગ અકસ્માતમાં ૬ લોકોના મોત

ભાવનગર,
વહેલી સવારે ભાવનગર અમદાવાદ હાઈવે મોતની ચીચીયારીઓથી ગુંજી ઉઠ્યો હતો. સવાર પડતા જ હાઈવે પર લોહીની નદીઓ વહી હતી. ભાવનગરમાં અલગ અલગ બે અકસ્માતમાં ૬ લોકોના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. ભાવનગર અમદાવાદ હાઈવે પર સનેસ ગામ પાસે અજાણ્યા વાહનચ ચાલકે યાત્રાળુ પર ગાડી ચઢાવી દીધી હતી. વાહન ચાલકે પગપાળા જઈ રહેલા સાત યાત્રાળુઓને અડફેટે લેતા ૩ લોકોના કમકમાટીભર્યા પર મોત થયા છે. તો પીપળી વટામણ હાઈવે પર કાર અને ટ્રક




ટકરાતા ૩ મુસાફરોના મોત નિપજ્યા છે. આમ, ભાવનગરનો રવિવાર લોહિયાળ બની ગયો છે. એક અકસ્માત ભાવનગર શહેરની હદમા અને બીજો અકસ્માત શહેરની બહારની બાજુ થયો છે. ત્યારે બે કાળમુખી અકસ્માતમાં કુલ ૬ લોકોના જીવ ગયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ભાવનગર - અમદાવાદ હાઈવે પર સનેસ ગામ નજીક ગોઝારો અકસ્માત થયો હતો. વહેલી સવારે હિટ એન્ડ રનની ઘટનાથી હાઈવે સમસમી ઉઠ્યો હતો. ખેડા જિલ્લાના મહેમદાબાદ તાલુકાના વરસોલા ગામથી ૪૦ યાત્રાળુઓનો સંઘ ભાવનગરના રાજપરા ખોડીયાર મંદિર તરફ આવી રહ્યો હતો. એ સમયે પુરપાટ ઝડપે પસાર થઈ રહેલા વાહને કહેર વરસાવ્યો હતો. પગપાળા જઈ રહેલા યાત્રાળુઓને વાહન ચાલકે અડફેટે લીધા હતા, જેમાં સાત યાત્રાળુઓને ટક્કર મારી હતી. આ ટક્કરમાં ત્રણ લોકોના કમકમાટીભર્યા પર મોત થયા છે.

# ૧૨ વર્ષથી નાસતો ફરતો આરોપી મહારાષ્ટ્ર-અક્કલકુવાથી ઝડપાયો

ભરૂચ,
ભરૂચ જિલ્લાના અંકલેશ્વર શહેર એ' ડિવિઝન પોલીસ મથકના ચોરીના ગુનામાં છેલ્લા ૧૨ વર્ષથી નાસતા ફરતા લિસ્ટેડ આરોપીને મહારાષ્ટ્રના અક્કલકુવા ખાતેથી પેરોલ ફર્લો સ્કોડની ટીમે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ મહા નિરીક્ષક સંદીપસિંહ વડોદરા રેન્જ તથા ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડા દ્વારા પેરોલ પર જમ્પ ફરાર આરોપી તથા નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે આપવામાં આવેલ સૂચનાના આધારે ભરૂચ પેરોલ ફર્લો સ્કોડની ટીમ દ્વારા જિલ્લામાં બનેલા ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન ખાનગી બાતમીના આધારે અંકલેશ્વર શહેર એ' ડિવિઝન પોલીસ મથકના ગુનાના કામે નાસતા ફરતા આરોપી દીન મહંમદ બસીર મહંમદ મકરાણીને મહારાષ્ટ્રના અક્કલકુવા ખાતેથી પકડી સીઆરપીસી કલમ ૪૧ (૧) આઈ મુજબ અટકાયત કરવામાં આવી છે.

# ૩૩% સ્ત્રી અનામતની વાતો પોકળ! રાજકીય પક્ષોની મહિલાઓને ટિકિટ આપવામાં કંજૂસાઈ




ગાંધીનગર,
લોકસભા ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાની શરુઆત થઇ ચૂકી છે ત્યારે સૌથી મહત્વનો મુદ્દો એ ઉઠે છે કે - મહિલા સશકતિકરણની ગુલબાંગો પોકારતા રાજકીય પક્ષો તરફથી કેટલી ટિકિટો મહિલાઓ માટે ફળવાઈ? ૩૩ ટકા અનામતની વાતો કરતી ભાજપ સરકારે પણ ટિકિટ ફાળવણીમા મહિલાઓ ને કેટલુ મહત્વ આપ્યું? જો ગુજરાતના રાજકીય ઈતિહાસની વાત કરીયે તો ૧૯૬૨માં ગુજરાતમાં પ્રથમ વખત લોકસભાની ચૂંટણી યોજાઈ હતી ત્યારથી ૨૦૧૯ સુધીમાં ૩,૫૬૨ ઉમેદવારો મેદાનમાં હતા.

આમાં માત્ર ૧૬૦ મહિલાઓએ ઉમેદવારી નોંધાવી હતી. સંસદમાં ગુજરાતમાંથી મહિલાનું પ્રતિનિધિત્વ ઓછા પ્રમાણમાં રહેવાનું કારણ મહિલાઓ રાજકારણથી દૂર રહેવા માંગે છે અથવા રાજકીય પક્ષો દ્વારા પણ મહિલાઓને પૂરતા પ્રમાણમાં ટિકિટ આપવામાં આવતી નથી તે છે દેશમાં ૩૩% મહિલા અનામત ની વાતો કરનાર રાજકીય પક્ષો પણ આ મામલે ઉદાસીન રહ્યા છે.

જ્યારે ગુજરાત અને મહારાષ્ટ્ર એક રાજ્ય હતા ત્યારે ગુજરાત રાજ્યની સ્થાપના પહેલા સરદાર વલ્લભભાઈ પટેલની પુત્રી મણીબેન તથા સાબરકાંઠા બેઠક પરથી જોહરબેન ચાવડા સાંસદના પદ પર રહ્યા હતા. ૧૯૬૨માં અમરેલીની બેઠક પરથી જયાબેન શાહ અને બનાસકાંઠાની બેઠક પરથી જોહેરા બેન ચાવડા વિજેતા બન્યા હતા.

૧૯૭૭ની ચૂંટણીમાં મહેસાણાની બેઠક પરથી મણીબેન પટેલ એકમાત્ર વિજેતા મહિલા ઉમેદવાર હતા. ૧૯૮૦ની લોકસભા ચૂંટણીમાં એક પણ મહિલા ઉમેદવાર સાંસદ બન્યા ન હતા, ૧૯૮૪માં કચ્છની બેઠક પર ઉષાબેન ઠકકર વિજેતા થયા હતા. ૧૯૯૮એ ૯૯ અને ૨૦૦૪ એમ સળંગ ત્રણ ટર્મ સુધી વડોદરાની બેઠક પર જયાબેન ઠકકર સાંસદ રહ્યા હતા.

# હાર્દિક પટેલની ૪૦ સ્ટાર પ્રચારકમાં બાદબાકી : અલ્પેશનો સમાવેશ

ગાંધીનગર,
ગુજરાતમાં લોકસભાની ચૂંટણીને લઈને ભારતીય જનતા પાર્ટીના સ્ટાર પ્રચારકોની યાદી જાહેર થઈ છે. ગુજરાતમાં ભાજપના સ્ટાર પ્રચારકોની યાદીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીથી માંડીને કુલ ૪૦ લોકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાજકોટ બેઠકના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા પણ સ્ટાર પ્રચારકમાં સામેલ કરવામાં આવ્યા છે. પરંતુ આશ્ચર્યજનક સમાચાર એ છે કે એક સમયે કોંગ્રેસમાં હેલિકેપ્ટર લઈને દેશમાં ગમે ત્યાં પ્રચાર કરવા માટે જનાર હાર્દિક પટેલની સ્ટાર પ્રચારકમાંથી બદબાકી કરી નાંખવામાં આવી છે.

પાટીદાર આંદોલનનો મુખ્ય ચહેરો અને છટાદાર ભાષણ માટે જાણીતો હાર્દિક પટેલને એક સમયે કોંગ્રેસમાં જબરું રાજકીય પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. તેની ટોચના સ્ટાર પ્રચારકમાં સમાવેશ કરાયો હતો અને હાર્દિક પટેલને ચૂંટણી પ્રચાર માટે કોંગ્રેસે અલગથી હેલિકોપ્ટર ફાળવ્યું હતું. લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ એક સમયે ગુજરાતમાં હાર્દિક પટેલ સૌથી મોટો પ્રચારક બન્યો હતો. કોંગ્રેસે હાર્દિક પટેલને અલગ-અલગ જગ્યાએ પ્રચાર કરવા માટે હેલિકોપ્ટર ફાળવ્યું હતું. હાર્દિક પટેલ વધુમાં વધુ પ્રચાર કરી શકે તે માટે કોંગ્રેસે તેને હેલિકોપ્ટર ફાળવ્યું હતું.

પાટીદાર આંદોલનમાંથી બહાર આવેલા હાર્દિક પટેલ એક સમયે કોંગ્રેસમાં રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી પછી હાર્દિક પટેલ ગુજરાતમાં ત્રીજા નંબરનો સ્ટાર પ્રચારક બની ગયો હતો. પરંતુ હાર્દિક પટેલ કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા બાદ ખરેખર પાર્ટીની ખિસકોલી બનીને રહી ગયો છે.

# રાજકોટ જિલ્લામાં ચૂંટણી જાહેર થતાં જ ચેકિંગ સ્કવોડ મેદાને : ચેક પોસ્ટો પર વાહનોનું ચેકિંગ

રાજકોટ,

લોકસભાની ચુંટણી નજીક આવી રહી છે. ત્યારે ગઈકાલે જિલ્લા કલેકટર દ્વારા ચુંટણી અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરતાની સાથે જ રાજકોટ જિલ્લામાં ચેક પોસ્ટ શરૂ કરી ફલાઈંગ સ્કવોડ અને ચેંકિગ સ્કવોડ કાર્યરત કરી દેવામાં આવી છે.રાજકોટ સહીત ગુજરાતમાં લોકસભાની ચૂંટણીનું ગઈકાલે જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જેના પગલે રાજકોટ જિલ્લા કલેકટર દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ થતાની સાથે રાજકોટ જિલ્લામાં ઠેરઠેર ચેક પોસ્ટ કાર્યરત કરી દેવામાં આવી છે.



રાજકોટ શહેરને જોડતા નેશનલ અને રાજય ધોરીમાર્ગો પર પસાર થતા વાહનોમાં મોટાપાયે રોકડ, સોના-ચાંદી કે દારૂની હેરફેર અટકાવવા માટે વાહન ચેંકિગ શરૂ કરી દેવામાં આવ્યું છે.ચુંટણીપંચના આદેશની રાજકોટ જિલ્લાની તમામ ચેક પોસ્ટ પર ચેંકિગ સ્કવોડની સાથે ફલાઈગ સ્કવોડ, સ્ટેટીક સ્કવોડ પણ કાર્યરત કરી દેવામાં આવી છે. જેમાં પોલીસની સાથે ઈક્રમટેકસના કર્મચારી, જી.એસ.ટીના કર્મચારી સહીતના ઓની અલગ અલગ સ્કવોડમાં નિમણુંક કરવામાં આવી છે.ફલાઈગ સ્કવોડ દ્વારા વાહન ચેંકિગ કરતી વખતે વિડીયોગ્રાફી પણ કરવામાં આવતી હોવાનું જાણવા મળ્યું છે અને વાહન ચેંકિગમાં કોઈ અનઅધિકૃત ચીજ વસ્તુ મળી આવે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવ્યું છે.

# મંગળવારે રાજકોટમાં ક્ષૌરકર્મ વાળંદ સમાજ સમિતિ - સમસ્ત વાળંદ સમાજ દ્વારા ૩૭મો હવન મહોત્સવ

રાજકોટ,

ક્ષૌરકર્મ વાળંદ સમાજ સમિતિ તથા સમસ્ત વાળંદ સમાજ રાજકોટ દ્વારા ૩૭ મો હવન મહોત્સવ તા.૧૬ એપ્રિલના મંગળવારના રોજ વાળંદ સમાજની વાડી ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં માતાજીના યજ્ઞનો પ્રારંભ સવારે ૮ કલાકે મંગલયજ્ઞ, સવારે ૯ કલાકે શોભાયાત્રા વાળંદ સમાજની વાડી થી સેન મહાજન સર્કલ, બપોરે ૧૨ બિડુ હોમવાનું, સાંજે ૭ કલાકે સન્માન સમારંભ અને સાંજે ૭:૩૦ કલાકે મહાપ્રસાદ રેસકોર્ષ ખાતે યોજાશે. આ તકે શહેર પ્રમુખ ભાજપ મુકેશભાઈ દોશી, સાંસદ રામભાઈ મોકરીયા, શહેર ભાજપ મંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, મેયર નયનાબેન પેઢડીયા, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે. કમિટિ ચેરમેન જયમીનભાઈ ઠાકર, સામાજીક ન્યાય મહિલા બાળ કલ્યાણ, ગુજરાત રાજય, કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, પૂર્વ મેયર પ્રદિપભાઈ ડવ, નિલેષભાઈ જલુ, વિજયભાઈ વાંક, શૈલેષભાઈ ડાંગર, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ધારાસભ્ય દર્શિતાબેન શાહ, ભાજપ અગ્રણી કિશોરભાઈ રાઠોડ, એડવોકેટ પિયુષભાઈ શાહ અને બક્ષીપંચ મોરચાના પ્રમુખ લલીતભાઈ વાડોલિયા ઉપસ્થિત રહેશે.આ આયોજનને સફળ બનાવવા પ્રમુખ ગિરધરભાઈ બગથરીયા, ઉપપ્રમુખ સચિનભાઈ પરમાર, ખજાન લલિતભાઈ પરમાર, મંત્રી ભરતભાઈ ધોળકિયા, સહમંત્રી બળદેવભાઈ સોલંકી, ટીકુ ભાઈ ગોંડલિયા, જયેશભાઈ ગોહેલ, કાળુભાઈ ગોહેલ, રાજ ધામેલિયા, કમલેશભાઈ અમરેલીયા, ચિરાગભાઈ પોપટાણી, મુકેશભાઈ શિશાંગિયા, હિતેશભાઈ ખોરજા પ્રકાશભાઈ પરમાર, મુકેશભાઈ સુરાણી જહેમત ઉઠાવી રહ્યા છે.

# રાષ્ટ્રહિતનો સાકાર અને જનકલ્યાણનો સાકાર એટલે મોદી સરકાર : મુકેશભાઈ દોશી

## રમેશભાઈ ટીલાળા, ગોવિંદભાઈ પટેલ સહીતના આગેવાનો : 'મોદી પરિવાર' સભામાં જનતા જનાર્દનનું કમળને પ્રચંડ જનસમર્થનઃ મુકેશભાઈ દોશી

રાજકોટ

રાજકોટ શહેર ભાજપ ધ્વારા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી ડો. માધવ દવે, અશ્વીન મોલીયા, વિરેન્દ્રસિહ ઝાલાના માર્ગદર્શન હેઠળ આગામી લોકસભા ચૂંટણીને અનુલક્ષીને પ્રચાર–પ્રસાર કાર્ય વેગવંતુ બનાવવામાં આવ્યું છે ત્યારે રાજકોટ મહાનગર ખાતે તા. ૮એપ્રિલ થી તા.૧૬ એપ્રિલ સુધી ૮૫ થી વધુ મોદી પરિવાર સભાનું આયોજન કરવામાં આવેલ છે. તે અંતર્ગત વિધાનસભા–૭૦માં શહેરના વોર્ડ– ૭ માં રાષ્ટ્રીય શાળા ખાતે તેમજ વોર્ડ–૧૭માં નાલંદા સ્કુલ પાસે, વિરાટનગર ખાતે મોદી પરિવાર સભા યોજાઈ હતી. જેમાં વોર્ડ–૭માં વકતાઓ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા અને વોર્ડ–૧૭માં ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, પૂર્વ ધારાસભ્ય




ગોવિંદભાઈ પટેલ, પૂર્વ મેયર ડો. જૈમનભાઈ ઉપાધ્યાય સહિતના એ મોદી સરકારની ૧૦ વર્ષની સિધ્ધીઓ વર્ણવી, સી.એ.એ. થી માંડીને કલમ–૩૭૦ નાબૂદી સહિતના મોદીના મહત્વના નર્ણયો જેમાં નોટબંધી ,કાશ્મીરમાં અનુચ્છેદ ૩૭૦ની નાબૂદી, મેક ઈન ઈન્ડિયા : ડિજિટલ ઈન્ડિયા, વડાપ્રધાન ઉજજવલા યોજના , સર્જિકલ સ્ટ્રાઈક , તીન તલાકથી છુટકારો, વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી, સ્વચ્છ ભારત અભિયાનની શરૂઆત , એરસ્ટ્રાઈક , સીએએ નો અમલ , ગરીબોને આરોગ્ય સેવા, આયુષ્યમાન ભારત સહિત કેન્દ્ર અને રાજય સરકારની અનેકવિધ લોકકલ્યાણકારી યોજનાઓની માહિતી પુરી પાડી, 'મોદી પરિવાર' સભામાં જનતા જનાર્દનના પ્રચંડ જનસમર્થન સાથે વિજય પ્રાપ્ત કરવા અને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના 'અબ કી બાર–૪૦૦ પાર' ના વિજયલક્ષી સંકલ્પને સાકાર કરી રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતભાઈ રૂપાલાને જંગી લીડથી જીતાડી દેશના પ્રધાનસેવક નરેન્દ્રભાઈ મોદીના હાથ વધુ મજબૂત બનાવવા આહવાન કર્યૂ હતું . આ તકે વોર્ડ–૭ માં મુકેશભાઈ દોશી, રમેશભાઈ ટીલાળા, શહેર ભાજપ મહામંત્રી વિરેંન્દ્રસિહ ઝાલા, જીતુભાઈ મહેતા, શૈલેષ હાપલીયા, કૌશીક ચાવડા, વિશાલ માંડલીયા, ભાવનાબેન જોશીપુરા, દેવાંગ માંકડ, જયશ્રીબેન ચાવડા, વર્ષાબેન પાંધી, સહદેવ ડોડીયા, અજય પરમાર, અનિરૂધ્ધ વાળા, જીજ્ઞેશ જોષી, રાજેન્દ્રસિહ જાડેજા, ઉમેશ ધામેચા, ઈશ્વર જીતીયા, મોહિલ ભીમજીયાણી, મોહીત ગણાત્રા, વર્ષીલ મોરજરીયા, મયુર હેરમા, પથુભાઈ, ચેતન મહેતા, નિકુંજ વૈદ્ય, કિરીટ ગોહેલ, ચંદ્રેશભાઈ, નિલેશ સોલંકી, દર્શનભાઈ, મનોજ હુંબલ, જય રાઠોડ, જીતેન્દ્ર વાઘેલા, નિલેશ ચાવડીયા, નિતીન ઝરીયા, પ્રવિણ ચાવડા, સહિતના ઉપસ્થિત રહયા હતા.

# રાજકોટના ગુંદાવાડીમાં દૂકાનમાં પગથીયેથી પટકાતાં વૃધ્ધનું મોત

રાજકોટ,

રાજકોટ શહેરની ગુંદાવાડીમાં આવેલી જલારામ ગ્લાંસ વેર નામની દુકાનના કામ કરતાં વૃધ્ધ સામાન લઈને દાદરા ઉતરતા હતાં ત્યાં પગથીયા ભુલાઈ જતાં નીચે પટકાતાં ગંભીર ઈજા થતાં મોત થયું હતું.

કોઠારીયા મેઈન રોડ પર મેહુલનગર-૫માં રહેતા અને ગુંદાવાડીમાં ૩/૨૧ના ખૂણે આવેલી જલારામ ગ્લારસવેર નામની દુકાનમાં કામ કરતા ગિરીશભાઈ રતિલાલ આડેસરા (ઉ.વ.૬૪) નામના સોની વૃધ્ધી સાંજે છએક વાગ્યેમ દુકાનના પહેલા માળે સીડીના પગથીયા ઉતરતી વખતે પડી જતાં માથામાં ઈજા થતાં સારવાર માટે સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો. મૃત્યુખપામનારને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. હોસ્પિટલ ચોકીના રામશીભાઈ વરૂ, ભાવેશભાઈ મકવાણા સહિતે ભક્તિનગર પોલીસને જાણ કરી હતી.

## ફેડબેંક ફાઈનાન્શિયલ સર્વિસિઝ લિ.હરાજી નોટિસ

આથી, જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, ફેડબેંક ફાઈનાન્શિયલ સર્વિસિઝ લિ.એ મુદત વીતી અથવા કસૂર કરેલ અથવા માર્જિન ભંગ કરનારા સંબંધિત ગ્રાહકોના ખાતાઓના (નીચે આપેલ વિગત) સોનાનાં ઘરેણાંની હરાજી કરવાનું નક્કી કર્યું છે. હરાજી નીચે આપેલ સંબંધિત શાખાઓમા **શુક્રવાર, તા.૨૬-૦૪-૨૦૨૪**ના રોજ સવારે **૧૦.૦૦**થી બપોરે **૧૨.૦૦**ની વચ્ચે રાખવામાં આવશે જે હરાજીની પ્રક્રિયા પતે ત્યાં સુધી ચાલુ રહેશે.

**અમરેલી** 9724538424 FEDGL05080002395, 0000644, 0000667, 0001125, 0001158, 0002396 **અમરોલી** 0261-2495005 FEDGL01390005585, 0005528, 0004499, 0004510, 0004574, 0004884, 0004919, 0005325, 0005441, 0005330, 0005486 **આણંદ** 9825333253 FEDGL04510001285, 0001293, 0001300, 0001318, 0001331, 0001335, 0001646, 0001688, 0002139 **અંજાર** 9316375855 FEDGL03480006906, 0006922, 0006925, 0006936, 0006948, 0006955, 0006957, 0006990, 0007007, 0007018, 0007048, 0007051, 0007067, 0007078, 0007079, 0007082, 0007088, 0007099, 0008177, 0008202 **આશ્રમરોડ** 9512994499 FEDGL03370006810, 0004773, 0004808, 0004817, 0004825, 0004835, 0004844, 0004850, 0004866, 0004879, 0004883, 0004895, 0004901, 0004915, 0004916, 0004918, 0004919, 0006760, 0006498, 0006964, FEDBD03370000050 **બાલાસિનોર** 9081030838 FEDGL03590003434, 0003438, 0003440, 0003449, 0003455, 0003462, 0003469, 0003476, 0003484, 0003493, 0003509, 0003515, 0003517, 0003520, 0003521, 0003534, 0003539, 0003542, 0003549, 0003585, 0003587, 0003589, 0003590, 0003592 **બાપુનગર** 079-22702881 FEDGL00670004362, 0004391, 0004371, 0003344, 0003353, 0003355, 0003376, 0003697, 0003715, 0004057, 0004246, 0004320, 0004342, 0004254, 0004346, 0004369, 0004370, 0004374 **બારેજા** 7338848829 FEDGL01320002609, 0002612, 0002615, 0002633, 0002655, 0002660, 0002663 **બાવળા** 02714-230483 FEDGL01300004873, 0004879, 0004887, 0004888, 0004902, 0004915 **ભગવતી માણસા** 02763-273200 FEDGL03400003507, 0003510, 0003513, 0003514, 0003515, 0003529, 0003533, 0003541, 0003548, 0003580, 0003603, 0003610, 0004087 **ભાવનગર વાઘાવાડી રોડ** 02782560905/ 9033620379 FEDGL03890003703, 0003717, 0003722, 0003775, 0004197, 0004245, 0004250, 0004273, 0005040, FEDBD03890000009 **ભૂજ** 9725015327 FEDGL04780003609, 0001984, 0001985, 0001988, 0001994, 0002004, 0002010, 0002034, 0002045, 0002057, 0003494 **બોટાદ** 02849-252414 FEDGL01530008721, 0008630, 0008644, 0006563, 0006568, 0006572, 0006577, 0006586, 0006592, 0006600, 0006602, 0006605, 0006612, 0006618, 0006658, 0006669, 0006671, 0006672, 0007282, 0008024, 0008560, 0008496, 0008631, 0008647 **ડીસા** 9724470299 FEDGL03410002997, 0003022, 0003063, 0003064, 0003074, 0003083 **દિયોદર** 9638294929 FEDGL03420002439, 0002453 **ધોળકા** 02714-225885 FEDGL04250003927, 0003930, 0002362, 0002364, 0002375, 0002389, 0002403, 0002404, 0003014, 0003853, 0003654, 0003779 **ગાંધીનગર સેકટર-૧૬** 079-23223380 FEDGL01540005851, 0005957, 0004076, 0004079, 0004080, 0004097, 0004103, 0004104, 0004106, 0004111, 0004118, 0004137, 0004160, 0004172, 0004191, 0004208, 0004216, 0004217, 0004220, 0004884, 0005407, 0004667, 0006305 **ગાંધીધામ બેંકીંગ સર્કલ** 9601502653 FEDGL03550007983, 0005109, 0005158, 0005159, 0005198, 0005200, 0005201, 0005202, 0005203, 0005204, 0005205, 0005211, 0005217, 0005228, 0005238, 0005262, 0005265, 0006219, 0006231, 0006259, 0007175, 0007176, 0007178, 0007809 **ઘાટલોડીયા** 079-27603199 FEDGL01350002498 **ગોંડલ** 02825-224553 FEDGL03360004963, 0004967, 0004982, 0004991, 0004998, 0005019, 0005279 **હારીજ** 8141532456 FEDGL05140001093, 0000336, 0000339, 0000543, 0000566, 0000710 **હિંમતનગર** 02772-242527 FEDGL03580004836, 0003295, 0003310, 0003317, 0003328, 0003337, 0003342, 0003343, 0003344, 0003359, 0003364, 0003372, 0003373, 0003412, 0004815 **હિરાબાગ** 7448629994 FEDGL01110005520, 0005548, 0005507, 0004053, 0004060, 0004072, 0004099, 0004101, 0005249, 0005250, 0005342, 0005343, 0005457, 0005764, FEDDS01110000177, 0000161 **જૂનાગઢ** 0258- 2674933 / 8200543754 FEDGL03690002685, 0002724, 0002729, 0002730, 0002772, 0003245, 0003739 **કડી** 02764-265501 FEDGL01330005983, 0006003, 0004373, 0004382, 0004391, 0004402, 0004421, 0004433, 0004438, 0004439, 0004440, 0004470, 0004474, 0004478, 0004486, 0005022, 0005943, 0005978 **કલોલ** 02764- 225501 FEDGL01380006587, 0005026, 0005028, 0005035, 0005051, 0005070, 0005071, 0005098, 0005105, 0005889 **કામરેજ** 02621-251005 FEDGL01450004543, 0004545, 0004548, 0004552, 0004576, 0004613, 0004615, 0004620, 0004631, 0005088, 0005089, 0005173, 0005211, 0006057, FEDBD01450000067 **કતારગામ** 0261- 2530892 FEDGL01160002890, 0002924, 0002926, 0002951, 0002952, 0002953, 0002956, 0003506 **ખોડિયાર કોલોની જામનગર** 9574460964 FEDGL04560002031, 0002034, 0002041, 0002043, 0002054, 0002116, 0002907 **કોડીનાર** 9924730944 FEDGL04920002148, 0002152, 0002155, 0002189, 0002194, 0002207, 0002218, 0002222, 0002225, 0002226, 0002235, 0002248, 0002255, 0002261, 0002287, 0002289, 0003575 **કોઠારીયા રોડ** 9537733772 FEDGL00790005257, 0005324, 0005337, 0005795 **કુબેરનગર** 079-22801120 FEDGL01410006373, 0005025, 0005047, 0005049, 0005051, 0005058, 0005894, 0005935, 0006354, 0006372, FEDBD01410000214 **લાલ બંગલા** 9712341187 FEDGL04790001748, 0001749, 0001775, 0001778, 0001782, 0001786, 0001799, 0001809, 0001810, 0001811, FEDDS04790000066 **લીમડી** 02753-261200/ 270010 FEDGL03340006945, 0004643, 0004646, 0004653, 0004659, 0004662, 0004671, 0004685, 0004700, 0004712, 0004713, 0004715, 0004716, 0004719, 0004722, 0004732, 0004762, 0004766, 0004767, 0004775, 0004781, 0004783, 0004785, 0006344, 0006206 **માંડવી** 9913875838 FEDGL03490003583, 0003620, 0003650, 0003678, 0003700 **મણીનગર** 079-25463356 FEDGL00680002605, 0002619, 0002229, 0002230, 0002822, 0002905 **માંડવી મેઈન રોડ** 9537733771 FEDGL01480006127, 0005306, 0005318, 0005341, 0005351, 0005372, 0006017, 0006582, 0007448 **મહેસાણા** 9426876308 FEDGL03570003130, 0002328, 0002341, 0002354, 0002371, 0002373, 0003033, 0003470 **મેમ્કો** 079-22201310 FEDGL00760003823, 0003824, 0003825, 0003851, 0003862, 0003874, 0004262, 0004996 **મોડાસા** 02774-244244 FEDGL03670002597, 0002601, 0002607, 0002608, 0002612, 0002613, 0002618, 0002633, 0002657, 0002665, 0002674, 0002694, 0002696, 0002704, 0002707, 0002709, 0003194 **મોરબી** 0282-2222622 FEDGL03320009353, 0006626, 0006628, 0006629, 0006643, 0006647, 0006656, 0006665, 0006667, 0006677, 0006678, 0006704, 0006710, 0006718, 0006744, 0006758, 0006764, 0006781, 0006786, 0008463, 0008745, 0009683, 0009732, 0010452, 0010535, 0010609 **મોટી ટાંકી** 9979965591 FEDGL01100004089, 0004107, 0004116, 0004129, 0004155, 0004171, 0004650, 0004702, FEDDS01100000018, 0000019 **મુંદ્રા** 8980333303 FEDGL04500001547, 0001548, 0001551, 0001555, 0001573, 0001579, 0001582, 0001583, 0001589, 0001598, 0001600, 0001601, 0001628, 0001634, 0001960, 0002550 **નખત્રાણા** 9978384182 FEDGL05070002615, 0000759, 0000766, 0000770, 0000771, 0000776, 0000797, 0000809, 0000812, 0000821, 0000826, 0000830, 0000843, 0000864, 0000868, 0001390, 0001399, 0002542, 0003432 **પાલનપુર** 9601469914 FEDGL04760003369, 0001974, 0001983, 0001987, 0001990, 0001991, 0002073, 0003299 **પર્વત પાટીયા** 9586036200 FEDGL04530001948, 0001481, 0001513, 0002296, FEDBD04530000045 **પાટણ** 9426876308 FEDGL04240001021 **પીપલોદ** 0261-2255005 FEDGL00690005142, 0003805, 0003814, 0003857, 0003863, 0004476, 0004516, 0004848, 0004812 **પોરબંદર** 2862240400 FEDGL03600005388, 0005389, 0005399, 0005403, 0005445, 0005454, 0005461, 0005469, 0005480, 0005481, 0006270, 0006303 **રાધનપુર** 8980467133 FEDGL03430004460, 0004468, 0006230 **રૈયા રોડ** 9601480679 FEDGL04890001833, 0000895, 0000898, 0000907, 0001536, 0001844, 0002045, FEDBD04890000027 **સાધુ વાસાણી રોડ** 9909659594 FEDGL00780005341, 0005404, 0005414, 0006183 **સાણંદ** 9601480679 FEDGL04910001908, 0001920, 0001925, 0001931, 0001941, 0001955, 0001956, 0001957, 0001989, 0001994, 0001999, 0002397 **સરથાણા** 9384000906 FEDGL01050005545, 0005578, 0004321, 0004757, 0004800, 0004802, 0005406, FEDDS01050000091, FEDBD01050000085 **સિહોર** 02795- 223775 FEDGL04220001599, 0001620, 0001632, 0001660, 0001685 **સુરેન્દ્રનગર વઢવાણ** 02752-221333 FEDGL03310011261, 0011337, 0007912, 0007945, 0007997, 0008058, 0008072, 0008085, 0008112, 0008135, 0008139, 0010326, 0010907, 0012024, FEDDS03310000284, FEDBD03310000091, 0000094, 0000124 **ઉધના** 0261-2277005 FEDGL01490006453, 0006469, 0006488, 0007167, 0007170 **વલસાડ** 9687406174 FEDGL04540004814, 0004813, 0004865, 0004878, 0002878, 0002892, 0002899, 0002903, 0002905, 0002906, 0002911, 0002920, 0002939, 0002949, 0002950, 0002988, 0002996, 0003001, 0003002, 0003004, 0003598, 0004241, 0004371, 0004456, 0004505, 0005560, 0005561, FEDDS04540000097, FEDBD04540000059 **વાપી** 0260-2427277 FEDGL04230005003, 0003054, 0003066, 0003068, 0003077, 0003082, 0003084, 0003085, 0003088, 0003090, 0003106, 0003112, 0003129, 0003145, 0003146, 0003147, 0003152, 0003778, 0003857, 0003869, 0003890, 0003893, 0003894, 0003895, 0004997, 0004464, FEDBD04230000056 **વરાછા** 0261-2541005 FEDGL01460003832, 0003807, 0003074, 0003075, 0003077, 0003085, 0003095, 0003120, 0003123, 0003375, 0003620, 0003671, 0003749 **વસ્ત્રાલ** 079- 22892662 FEDGL01280003291, 0003307, 0003318, 0003319, 0003337, 0003600, FEDBD01280000078 **વેરાવળ** 2876222662 FEDGL03660004558, 0004562, 0004571, 0004583, 0004604, 0004606, 0004628, 0004636, 0004637, 0004642, 0004647, 0004652, 0004663, 0004682, 0004691, 0004705, 0004713, 0005474, 0006209, 0006295, 0006344 **વિસનગર** 8401012110 FEDGL05250000115, 0000250

સ્થળ કે તારીખમાં ફેરફાર હશે તો અમારી વેબસાઈટ **www.fedfina.com** પર દર્શાવવામાં આવશે. ભાગ લેનાર તમામ બીડરોને બીડના સ્વીકાર અથવા નકાર બાબતે તેમણે બીડ જમા કર્યા બાદ જાણ કરવામાં આવશે. જે ગ્રાહક પોતાના દાગીના છોડાવવા માંગતા હોય તે જે શાખામાં દાગીના પ્લેજ કર્યા હોય તે શાખાનો **૨૫-૦૪-૨૦૨૪** પહેલાં અથવા/ત્યાં સુધીમાં ઉપર આપેલ નંબર પર સંપર્ક કરી શકે છે જે લાગુ પડતા નિયમો અને શરતોને આધીન રહેશે.

હરાજી સંબંધિત શાખાઓમાં થશે, જો હરાજી આપેલ તારીખે કોઈપણ કારણસર થાય નહીં/પૂરી ન થાય તો એ સંબંધિત હરાજી અમારી વેબસાઈટ પર વિગતો દર્શાવ્યા બાદ, પછીના કામકાજી દિવસે યોજવામાં આવશે. આ સંબંધે વધુ કોઈ વાતચીત થઈ શકશે નહીં.

**તારીખ** : ૧૫-૦૪-૨૦૨૪
**સ્થળ** : ગુજરાત

**વતી, સહી/-અધિકૃત હસ્તાક્ષર**
**ફેડ બેંક ફાઈનાન્શિયલ સર્વિસિઝ લિ.**

# ટ્રેનમાં ચડવા જતાં રાજકોટના મહિલા નીચે પટકાતા ઈજા : સારવારમાં

રાજકોટ,

રાજકોટ શહેરના શ્રોફ રોડ પર નીત્યાનંદ કોમ્પ લેક્ષમાં રહેતાં મીતાબેન રવિભાઈ પડીયા (ઉ.વ.૪૫) જામનગરમાં રેલ્વે સ્ટેશને ટ્રેનમાં ચડવા જતાં પડી જતાં ઈજાઓ થતાં જામનગર સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે.

મીતાબેન પડીયા અને પરિવારજનો દ્વારકા દર્શને ગયા હતાં. સાતમીએ પરત ઓખાથી ટ્રેનમાં બેસી રાજકોટ આવતાં હતાં ત્યાબરે જામનગર ટ્રેન હોલ્ટ થતાં તેઓ નાસ્તો લેવા ઉતર્યા હતાં. એ દરમિયાન ટ્રેન ચાલુ થઈ જતાં દોડીને ચડવા જતાં પડી ગયાનું સગાએ જણાવ્યું હતું. હોસ્પિટલ ચોકીના રામશીભાઈ વરૂ, કેતનભાઈ નિકોલો અને ભાવેશભાઈ મકવાણાએ જામનગર રેલ્વે પોલીસને જાણ કરી હતી.

# કોળી સમાજના અગ્રણી રમેશભાઈ પરમારના પરિવારની સૌજન્ય મુલાકાત લેતા પરશોતભાઈ રૂપાલા

રાજકોટ

શહેરના સંત કબીર રોડ સ્થિત ન્યુ શક્તિ નંદુ બાગ સોસાયટી ખાતે શહેર ભાજપ ઉપપ્રમુખ અને ગુજરાત પ્રદેશ કોળી સમાજના મંત્રી રમેશભાઈ પરમારના પરિવારની રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાએ સૌજન્ય મુલાકાત લીધી હતી. આ તકે રૂપાલાજીએ પરિવારના વયોવૃધ્ધ જીવુમા ના આશિર્વાદ મેળવ્યા હતા. તેમજ પરશોતમભાઈ રૂપાલાનું રમેશભાઈ પરમાર, ધનજીભાઈ, ઋષીકભાઈ, તુષારભાઈ પરમાર અને પરિવારના અન્ય સદસ્યોએ સ્વાગત કર્યુ હતું.આ તકે રૂપાલાજી એ રમેશભાઈ પરમાર પરિવાર સાથે પ્રીતીભોજન લીધુ હતું. આ તકે ઉપસ્થિત કોળી સમાજના આગેવાનો સાથે પરશોતભાઈ રૂપાલાએ ઉષ્માસભર વાતાવરણમાં ચર્ચા–સંવાદ કર્યો હતો.



# રાજકોટના સામાકાંઠે બે મુસાફરોના મોબાઈલ તફડાવી લેનાર રિક્ષા ઝડપાઈ

રાજકોટ,

રાજકોટ બી ડીવીઝન પોલીસ વિસ્તારમાંથી રીક્ષામાં બેસેલા મુસાફરોના મોબાઈલ તફડંચી થયાના બનાવો સામે આવતા હરકતમાં આવેલી પોલીસે રીક્ષા ગેંગના બે શખ્સોને દબોચી લઈ પુછતાછ હાથ ધરી હતી.

બનાવ અંગે માલીયાસણ ગામે રહેતા ખોડાભાઈ વિજયભાઈ ભરવાડ (ઉ.વ.૩૯)એ નોંધાવેલ ફરિયાદ માં જણાવ્યું હતું કે તેઓ દૂધનો વેપાર કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા. ૫ના તેઓ માલીયાસણ ગામથી રાજકોટ આવેલ ત્યારે ગ્રીનલેન્ડ ચોકડીએ રીક્ષાની રાહ જોઈ ઉભેલ હતા ત્યારે આવેલ રીક્ષાના ચાલકને પેડક રોડ તરફ જવાનું પુછતા તેઓએ હા પાડી હતી. તેમજ રીક્ષામાં અગાઉ એક પુરૂષ બેસેલ હતો. ત્યારબાદ તેઓ પણ રીક્ષામાં બેસી ગયેલ અને તેમાં બેસેલો અજાણ્યો શખ્સ બેસવા બાબતે ધકકામુકકી કરેલ અને સેટેલાઈટ ચોક પાસે રીક્ષા પહોંચતા રીક્ષા ચાલકે કહેલ કે તમે અહીં ઉતરી જાવ હવે મારે બાલક હનુમાન તરફ જવું નથી જેથી તેઓ ત્યાં ઉતરી ગયેલ.ત્યારબાદ તેના ખિસ્સામાં તપાસ કરતા મોબાઈલ ફોન જોવા મળેલ નહીં. જેથી રીક્ષાના ચાલકે અને તેની સાથે રહેલ શખ્સે મોબાઈલની તફડંચી કરી નાસી છુટયા હતા. બનાવ અંગે બી ડીવીઝન મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે બી ડીવીઝન પોલીસ મથકના પીઆઈ એસ.એમ.જાડેજાની રાહબરીમાં પીએસઆઈ કે.ડી.મારૂ સહિતનો સ્ટાફ તપાસમાં હતો ત્યારે ચોકકસ બાતમીના આધારે રીક્ષા ગેંગના બે શખ્સોને દબોચી પુછતાછ હાથ ધરી હતી.

V.V.P. Engineering College, Rajkot
Vajdi Virda, Kalawad Road, Rajkot - 360005.
NBA Accredited in Computer, EC, Civil & Electrical Engg. Depts.
ESTD : 1996 AICTE approved & affiliated to GTU (GTU accredited with A+ grade by NAAC)

ગુજરાતની ખ્યાતનામ, ચાર બ્રાંચમાં NBA એક્રેડિટેડ વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજમાં અભ્યાસ માટે સુવર્ણ તક

બી.ઈ. પ્રથમ વર્ષ
મિકેનીકલ એન્જીનીયરીંગ – ૬૦ સીટ
ઇલેકટ્રીકલ એન્જીનીયરીંગ – ૩૦ સીટ
કેમિકલ એન્જીનીયરીંગ – ૩૦ સીટ
કોમ્પ્યુટર એન્જીનીયરીંગ – ૧૮૦ સીટ
ઇન્ફોર્મેશન ટેકનોલોજી – ૧૨૦ સીટ
ઇલેકટ્રોનીકસ એન્ડ કોમ્યુનિકેશન – ૩૦ સીટ
સીવીલ એન્જીનીયરીંગ – ૩૦ સીટ
બાયોટેકનોલોજી – ૩૦ સીટ

ઉપરોક્ત બ્રાંચમાં ACPC ની પ્રવેશ પ્રક્રિયા અને મેનેજમેન્ટ કવોટાની પ્રવેશ પ્રક્રિયા માટેના જરૂરી માર્ગદર્શન માટે તા. ૧૮-૦૪-૨૦૨૪ થી સવારે ૭-૩૦ થી બપોરે ૪-૩૦ સુધી વી.વી.પી. ઇજનેરી કોલેજ ખાતે રૂબરૂ સંપર્ક કરી શકશો.

Contact : 63519 75064, 9737478500
website : www.vvpedulink.ac.in

ટ્રસ્ટી
વ્યવસાય વિદ્યા પ્રતિષ્ઠાન, રાજકોટ.

સૌરાષ્ટ્ર આજતક Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

સૌરાષ્ટ્ર આજતક

# ચીન સામેનું આર્થિક યુદ્ધ સરળ નથી

જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ટ્ઝ આ સપ્તાહના અંતમાં ચીનની મુલાકાતે જવાના છે. તેનો સૌથી મોટો પડકાર પશ્ચિમી દેશોના વધુને વધુ કઠોર અવાજોના યુગમાં જર્મનીના સૌથી મોટા વેપાર ભાગીદાર સાથે સંતુલિત વાટાઘાટો જાળવવાનો રહેશે. અમેરિકા જાપાન ભારત સહિતના દેશો ચીનની વિસ્તારવાદી નીતિ સામે એક થઈ રહ્યા છે. છતાં પણ ચીનને પહોંચી વળવું સરળ નથી વિસ્તારવાદી ચીને એકસાથે દુનિયાના અનેક દેશો સામે મોરચો માંડ્યો છે. બીજું વિશ્વયુદ્ધ જર્મનીના વિસ્તારવાદમાંથી ઊભું થયું હતું અને તેના મૂળમાં હિટલર હતો. ચીનના આજના વિસ્તારવાદના મૂળમાં તેના આજીવન પ્રમુખ થઈ બેઠેલા પ્રમુખ શી જિનપીંગ છે. ચીને લદાખ મોરચે લશ્કરી કાર્યવાહી કરીને પોતાની સરહદ વિસ્તારવાની પ્રવૃત્તિ હાથ ધરી છે. આમાં ભારતના ૨૦ સૈનિકોની કરવામાં આવેલી હત્યાથી દેશમાં ચીન સામે ભારે આક્રોશ સર્જાયો હતો.એ સૂચક છે કે આ આક્રોશ આર્થિક મોરચા તરફ વળી ગયો છે. પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલી આ પ્રકારની હરકતમાં એકની સામે દસ માથાંની માગણી કરનારા રાષ્ટ્રવાદીઓ ચીન સામે એવાં જ પગલાંની માગણી કરવાના વિકલ્પે ચીનનાં માલના બહિષ્કારની માગણી કરી રહ્યા છે. આમાંથી ચીનની આર્થિક તાકાત અને ભારત ચીન વચ્ચેના આર્થિક સંબંધો ચર્ચાનો વિષય બન્યા છે.મુદ્દો એ છે કે જેમ લશ્કર દ્વારા યુદ્ધ કરવાનું સરળ નથી, તેમ આર્થિક મોરચે પણ યુદ્ધ છેડવાનું સરળ નથી. તેની પણ દેશમાં કોઈક વર્ગોએ કિંમત ચૂકવવી પડે છે. તેથી અત્યારે તો ‘ડિજિટલ સ્ટ્રાઇક’ અને ચીનની કંપનીઓને અપાયેલા કેટલાક કોન્ટ્રેક્ટ રદ કરીને સંતોષ માનવો પડ્યો છે.‘ડિજિટલ સ્ટ્રાઇક’ કરીને ચીનની ૫૯ એપ પર દેશમાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જોકે આ પ્રતિબંધ દેશની સલામતી માટે મૂકવામાં આવ્યો છે એવું કારણ રજૂ કરવામાં આવ્યું છે. મુદ્દો એ છે કે ચીનની આક્રમક નીતિનો સામનો કેવી રીતે કરવો તે અંગે સરકાર હજી સ્પષ્ટ થઈ શકી નથી.

પ્રથમ ચીનની આર્થિક તાકાતનો પરિચય મેળવીએ. કુલ જીડીપીના (ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ/કુલ ઘરેલુ ઉત્પાદન) આધારે માપતાં ચીન આજે દુનિયાની બીજા નંબરની મહાસત્તા છે. તેની કુલ જીડીપી વર્ષ ૨૦૧૮માં ૧૪ લાખ કરોડ ડોલર હતી. તેની તુલનામાં ભારતની કુલ જીડીપી ત્રણ લાખ કરોડ ડોલરની હતી. એ વધારીને ત્રણ વર્ષમાં પાંચ લાખ કરોડ ડોલરની કરવાનો લક્ષ્યાંક વડાપ્રધાને આપ્યો હતો. હવે જોકે એ ભુલાઈ ગયો છે અને તેનું સ્થાન આત્મનિર્ભર ભારતે લીધું છે.

દુનિયાની નિકાસોમાં ૧૪ ટકાના હિસ્સા સાથે ચીન પ્રથમ ક્રમે આવે છે અને આયાતોમાં ૧૦ ટકાના હિસ્સા સાથે તે બીજા ક્રમે આવે છે. આની સરખામણીમાં વિશ્વવેપારમાં ભારતનો હિસ્સો બે ટકા જેટલો છે. આમ વૈશ્વિક અર્થતંત્રમાં ચીન એક મહાસત્તા છે. વધારે અગત્યની બાબત એ છે કે આ સ્થાન તેમણે માત્ર ચાર દસકા જેવા ટૂંકા સમયગાળામાં હાંસલ કર્યું છે. જેની ગણના ૧૯૮૦ સુધી ભારતની જેમ એક ગરીબ દેશમાં થતી હતી તે આજે વિશ્વની એક મહાસત્તા બની ગયું છે. ચીની પ્રજા અને તેના શાસકોની ગતિશીલતા અને તેમની ધાર્યું નિશાન પાર પાડવાની વ્યવસ્થાશક્તિ આની પાછળ રહેલાં છે.

# ખાવડામાં અદાણીનો ગ્રીન એનર્જી પ્લાન્ટ ફ્રાન્સની રાજધાની પેરિસની સરખામણીમાં ૫ ગણો મોટો

## આ પ્લાન્ટની ક્ષમતા ૨૦૦૦ મેગા વોટ અથવા ૨ ગીગા વોટ વીજળીનું ઉત્પાદન કરશે

સમગ્ર વિશ્વમાં ભારતનો પ્રભાવ વધી રહ્યો છે અને ભારતીય ઉદ્યોગપતિઓ દરેક ક્ષેત્રમાં પોતાનો બિઝનેસ વધારી રહ્યા છે. જો આપણે ઉર્જા ક્ષેત્રની વાત કરીએ, તો અબજોપતિ ગૌતમ અદાણી આ ક્ષેત્ર પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે અને તેથી જ તેમનું અદાણી જૂથ ગુજરાતના ખાવડાની ખરાબાની જમીન પર વિશ્વનો સૌથી મોટો ગ્રીન એનર્જી પ્લાન્ટ બનાવી રહ્યો છે. ખાવડામાં અદાણીનો પ્લાન્ટ ફ્રાન્સની રાજધાની પેરિસની સરખામણીમાં ૫ ગણો મોટો છે.

પાકિસ્તાનની બાજુમાં આવેલો આ ગ્રીન એનર્જી પ્લાન્ટ આ સેક્ટરમાં અદાણી ગ્રુપની મહત્વાકાંક્ષી યોજનાઓમાંની એક છે. ગૌતમ અદાણીની કંપની અદાણી ગ્રીન એનર્જી લિમિટેડે આ પ્લાન્ટ તૈયાર કર્યો છે. ગુજરાતના ખાવરામાં પાકિસ્તાન બોર્ડર પાસે બનેલા આ પ્લાન્ટમાં સૌર ઉર્જા અને પવન ઉર્જામાંથી ગ્રીન એનર્જી જનરેટ કરવામાં આવશે. આ પ્લાન્ટના કદની વાત કરીએ તો, અદાણીનો આ પ્લાન્ટ લગભગ ૫૩૮ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલો છે, જે પેરિસના કદ કરતાં




લગભગ ૫ ગણો છે. પેરિસ ૧૦૫.૪ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલું છે.

ભારતના બીજા સૌથી ધનિક વ્યક્તિ ગૌતમ અદાણી તેમના પ્રોજેક્ટના સંબંધમાં વર્ષ ૨૦૨૨માં પહેલીવાર ગુજરાતના ખાવડા આવ્યા હતા, ત્યારે આ સ્થળ જોયા પછી આ પછી, તેમના જૂથ અદાણી જૂથે આ ઉજ્જડ જમીન પર માત્ર સોલાર પેનલ્સ જ લગાવી નથી, જે સૂર્યના કિરણોને વીજળીમાં રૂપાંતરિત કરશે, પરંતુ ખારા પાણીને પંપ કરવા માટે મિલો, મજૂર વસાહતો અને ડિસેલિનેશન પ્લાન્ટ પણ સ્થાપિત કર્યા છે.

રિપોર્ટ અનુસાર, હાલમાં આ પ્લાન્ટની ક્ષમતા ૨૦૦૦ મેગા વોટ અથવા ૨ ગીગા વોટ વીજળીનું ઉત્પાદન કરવાની છે. અદાણી ગ્રીન એનર્જીના મેનેજિંગ ડિરેક્ટર વિનીત જૈનના જણાવ્યા અનુસાર, કંપની નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં જ તેને ૪ ગીગા વોટ સુધી લઈ જવાની યોજના ધરાવે છે. જ્યારે ગૌતમ અદાણીનો આ પ્લાન્ટ સંપૂર્ણ રીતે તૈયાર થઈ જશે અને સંપૂર્ણ ક્ષમતાથી કામ કરશે, ત્યારે તે ૩૦ ગીગા વોટ સ્વચ્છ વીજળીનું ઉત્પાદન કરશે. જેમાંથી ૨૬ ગીગા વોટ સોલારમાંથી અને ૪ ગીગા વોટ પવન ઉર્જામાંથી ઉત્પન્ન થશે. કંપનીનું કહેવું છે કે ખાવરા પ્લાન્ટ તેની ટોચ પર ૮૧ અબજ યુનિટ વીજળીનું ઉત્પાદન કરશે, જે બેલ્જિયમ, ચિલી અને સ્વિટ્ઝર્લેન્ડ જેવા દેશોના સમગ્ર વપરાશ કરતાં વધુ છે.

દેશની સૌથી મોટી રિન્યુએબલ એનર્જી કંપની અદાણી ગ્રીન એનર્જી ખાવરામાં સ્વચ્છ વીજ ઉત્પાદન માટે આશરે રૂ.૧.૫ લાખ કરોડનું રોકાણ કરી રહી છે. અદાણી ગ્રૂપ ૨૦૭૦ સુધીમાં નેટ-શૂન્ય કાર્બન ઉત્સર્જન હાંસલ કરવાની વ્યાપક યોજનાના ભાગરૂપે આ પ્રોજેક્ટને જોઈ રહ્યું છે. છેલ્લી માનવ વસાહત જ્યાં આ છર્ઈન પ્લાન્ટ છે ત્યાંથી ૮૦ કિલોમીટરના અંતરે છે. આવી સ્થિતિમાં, અદાણી જૂથ લગભગ ૮૦૦૦ કર્મચારીઓ માટે કોલોની અને અન્ય મૂળભૂત સુવિધાઓ તૈયાર કરવામાં વ્યસ્ત છે. કામદારોને પીવાનું પાણી અને અન્ય પાયાની સુવિધાઓ પૂરી પાડવાની સાથે કંપની મોબાઈલ ફોન રિપેરિંગ શોપ જેવી સેવાઓ પણ પૂરી પાડવાની તૈયારી કરી રહી છે.

અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણી વિશ્વના ટોચના અબજોપતિઓની યાદીમાં સામેલ છે અને બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર તેમની કુલ સંપત્તિ ૧૦૪ અબજ ડોલર છે. આ સંપત્તિના આંકડા સાથે તેઓ વિશ્વના ૧૪મા સૌથી અમીર વ્યક્તિ છે. આ વર્ષની શરૂઆતથી ૨૦૨૪ સુધી તેમની સંપત્તિમાં ૧૯.૨ અબજ ડોલરનો વધારો થયો છે.

# સંગઠિત ખેડૂતો મૂલ્ય વૃદ્ધિથી વિકાસ સાધે

**વિકાસ અને વિકલ્પ** -ડૉ. નાનક ભટ્ટ

વર્ષ ૨૦૨૧-૨૨ માં કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના ૨૦ ખેડૂતોએ સંકર ૪ જાતના કપાસનું વાવેતર કર્યું. કપાસની માવજત લેવામાં આ ખેડૂતોએ ઇંન્ટિગ્રેટેડ પેસ્ટ મેનેજમેન્ટની પદ્ધતિ અનુસાર ૫૦ ટકા સેન્દ્રિય ખાતર અને ૫૦ ટકા રાસાયણિક ખાતર અને દવાઓનો વિવેકપૂર્ણ ઉપયોગ કર્યો. આથી લાંબો તાંતણો ધરાવતા ૧૬,૦૦૦ કિલો કપાસનો ઉતારો મળ્યો. બજારભાવે કપાસિયા સાથેનું રૂ વેચી દેવામાં આવે તો ખેડૂતોને ૬ લાખની આવક થાય. પરંતુ કચ્છના આ ખેડૂતો કપાસમાંથી બીજ છૂટાં પાડીને ભૂજમાં જિનિંગ માટે લઈ ગયા. તે પછી મોરબી ખાતે મિલમાં યાર્ન, તાર તૈયાર કરાવી તે જ મિલમાં સફેદ રંગનાં ટી-શર્ટનું વિવિંગ કરાવ્યું. તેના પરિણામે ૨૦ ખેડૂતોના ૮૦૦ મણ કપાસમાંથી ૫૦૦૦ નંગ ટી-શર્ટ બન્યાં. આ ટી-શર્ટના નિર્માણમાં રાસાયણિક પ્રક્રિયાનો શક્ય તેટલો ઓછો ઉપયોગ થયો હતો. આથી તેને "સેમીઓર્ગેનિક’નું પ્રમાણપત્ર મળ્યું અને બેલ્જિયમ ખાતે ઓકસફાર્મ દ્વારા એક ટી-શર્ટના રૂ.૧૧૦૦ લેખે ખરીદી કરાઈ. એટલું જ નહીં પણ કપાસમાં વેલ્યૂ એડિશનના કાર્યથી પ્રભાવિત થયેલ વિદેશી વ્યાપારીઓએ બીજાં ૨૫,૦૦૦ ટી-શર્ટનો ઓર્ડર આપ્યો.

ધરતીમાતાની ચાકરી કરનાર ગુજરાતનો ખેડૂત પેઢી દર પેઢીથી કપાસ ઉગાડે છે અને ગાંસડીઓ બાંધી વિદેશમાં નિકાસ કરે છે. એક જમાનામાં માંચેસ્ટર ઉદ્યોગ જેના પર નભતો તેવા આપણા કપાસના ખેડૂતોની શક્તિ જોઈ ગાંધીજીએ સ્વરાજની ચળવળ સાથે રેંટિયાની વાત ઘર સુધી પહોંચાડી, ગરીબ માણસને સ્વાવલંબી બનાવવા ખાદીના વસ્ત્રને પ્રતિષ્ઠા આપી. પરંતુ રેંટિયાને એક તકનીક તરીકે સ્વીકારનાર ગાંધીનું તત્ત્વ તેમના તંત્રવાહકોની સમજણથી પર રહી ગયું. આથી ખાદિવસ્ત્ર મૂલ્યવૃદ્ધિની પ્રવૃત્તિ બનવાના બદલે સરકારી સબસિડી આધારિત કાર્યક્રમ બની ગયો. એટલું જ નહીં પણ ગુજરાતના ગાંધી- સર્વોદય પરિવારમાં શિરમોર શ્રી મનુભાઈ પંચોલીએ તો કહેવું પડ્યું, “આજની ખાદી એ ગાંધીની વિધવા માત્ર છે."

કાળી મજૂરી કરી કુદરત સામે બાથ ભીડી કપાસ ઉગાડનાર ખેડૂતને એક મણ કપાસના રૂ.૧૮૦૦ થી રૂ.૨૦૦૦ મળે છે. તેમ માંડવીના આ ૨૦ ખેડૂતોને વ્યક્તિગત રીતે ૧.૬૦ લાખ મળ્યા હોત. પરંતુ માંડવી સ્થિત એફ.પી.ઓ દ્વારા આ કપાસને ધ્રાંગધ્રા ખાતે સજીવ ખેતી કપાસમાં જિનિંગ કરાવી યાર્નને નિટિંગ મશીન સુધી લઈ જવા માર્ગદર્શન મળ્યું. તેથી એક ખેડૂતને એકંદરે રૂ.૮૦,૦૦૦ની આવક મળી. એટલું જ નહીં પણ આગામી વર્ષ માટેના ટી-શર્ટના ઓડર્સ વધુ રુચિકારક બનાવવા ખેડૂતો ટી-શર્ટને વેજિટેબલ ડાયમાં રંગી તેના પર કરછના કારીગરોના ભરતકામ અને છાપકામના રંગો પૂરશે. પરિણામે ખેડૂતોનો કપાસ વધુ રોજગારલક્ષી અને સુવાસિત બનશે.

ગુજરાત રાજ્યે ફાર્મસ પ્રોડ્યુસ ઓર્ગેનાઇઝેશન યોજી ખેતીના માળખામાં આધુનિકીકરણ લાવવા પ્રયત્ન કર્યા. આથી આપણી પરંપરાગત ખેતીના સ્થાને નવાં ઓજારો, બિયારણો, ખાતર અને જંતુનાશક દવાઓ પ્રચલિત બન્યાં છે. ગુજરાતની કૃષિ યુનિવર્સિટીના સ્નાતકો અને વિદ્યાપીઠોના રુરલ સ્ટડીઝના અનુસ્નાતકો દ્વારા સંચાલિત ખેતસેવા કેન્દ્રોએ દૂર-દરાજનાં ગામડાંઓમાં ખેતીની નવી પદ્ધતિ પ્રચલિત કરી છે. આથી ગુજરાતનું ખેત-ઉત્પાદન આપણી જરૂરિયાતો સાથે બરાબરીની હરોળમાં આવ્યું છે.

તેથી આગળ વધી માંડવી એફ.પી.ઓ.એ ખેડૂતોના મિત્ર બની પોતાની ત્રણ એકર જમીન ઉપર ખેડૂતોની મગફળીમાંથી સારી જાતના દાણા અલગ કરી તેને પરદેશ મોકલવાની સેવા આપી છે. ખેડૂતો પોતાના સિંગદાણામાંથી તેલ અને ખોળ કઢાવી પોતાની મહેનતનું અધિક મૂલ્ય મેળવી શકે તેવી સાધનસુવિધા આપી છે. "પ્રામાણિક ધંધો અને વાજબી નફો”ની કાર્યપદ્ધતિથી ચાલતા માંડવીના ખેડૂતમંડળે ખેડૂતોનાં જૂનાં-નવાં સાધનોની લેવેચની સેવા વિસ્તારી છે, પોતાનાં ૭ સેવા કેન્દ્રોથી આસપાસનાં ૩૦૦ ગામડાંઓને ખેતી આનુષંગિક સેવાઓથી આવરી લીધાં છે.

ખેત પેદાશમાં મૂલ્ય વર્ધનની ત્રીજી હકીકત જોઈએ તો હવામાં લહેરાતું હળવું સિલ્ક સ્ત્રીઓનું મન મોહી લે છે અને પુરુષોનું ખિસ્સું ખંખેરી લે છે. આ સિલ્કનાં વસ્ત્ર બહુ રૂપાળાં હોય છે. પરંતુ અન્ય સૌંદર્યપ્રસાધનો માફક સિલ્કની બનાવટ અત્યંત ક્રૂર હોય છે, જેની જાણ ભાગ્યે જ કોઈ ગ્રાહકને હશે. શેતૂરના પાનનો ખોરાક ખાઈ પોતાને ૯૦ દિવસ માટે કોશેટામાં બાંધી રાખનાર ઇયળ પછીથી ફૂલો માટે રંગબેરંગી પતંગિયું હવામાં મૂકે છે. અને આ પતંગિયું ફૂલોને ફળ સુધી પહોંચાડવામાં મદદ કરે છે. પરંતુ માણસ પોતાના સ્વાર્થ ખાતર આવા લાખો કોશેટાઓને ખદબદતા ગરમ પાણીમાં ઉકાળી રેશમનો તાંતણો છૂટો પાડી લે છે. અહીં કોશેટામાંથી સુંદર પતંગિયાની પ્રાકૃતિક સ્થિતિ તો અટકી જાય છે પણ કરોડો જીવની હત્યા પણ થાય છે.

આ સ્થિતિથી બચવા અમદાવાદ સ્થિત આઈ. આઈ. એમ.ના સહકારથી કચ્છનાં ખેડૂતોમાં એરંડાની ખેતી પ્રચલિત કરવામાં આવી છે. ખારા-ભાંભળા પાણીથી ઊછરતા ગુજરાત હાઇબ્રિડ એરંડા-૧ નામની વેરાઈટિવાળા આ દિવેલાને ઓછી માવજત આપવા છતાં તેમાં એરંડાનાં બીજનો માળ (લૂમખા) વધુ બેસે છે. તેના પાન ઉપર નભતી “બોબકસ મોરી" નામની ઇયળથી અહિંસક સિલ્ક બની શકે છે. ઉપરાંત અડધા હોર્સ પાવરની મોટર કે ઓઈલ એન્જિન સાથે એક ચાફકટર ફિટ કરતાં તેનાં ડાળખાંના ભૂકામાંથી ઘરવપરાશ માટેનો કોલસો બનાવી શકાય છે. એરંડાના તેલનો ઉપયોગ છેક નાયલોન રેઝિનના નિર્માણ સુધી પહોંચ્યો છે. સજીવ ખેતી પદ્ધતિથી તૈયાર થતા એરંડા તેલના ભાવ પણ ઘણા ઊંચા રહે છે. એટલું જ નહીં પણ એરંડાનો ખોળ એક ઉત્તમ સેન્દ્રિય ખાતર હોઈ ખેડૂતો હોંશે હોંશે પોતાની જમીનને તેનું ઉત્પાદન પાછું આપી ઋણમુક્તિનો આનંદ લે છે અને નવી સિઝને વધુ ઉત્પાદનની આશા બાંધે છે.

ખેડૂતને ધરતીપુત્ર અને જગતનો તાત જેવા શિરપાવ આપ્યા પછી તેની કંગાળ હાલત સામું જોવાની કોઈને ફુરસદ નથી ત્યારે કપાસના પૂંભડાનું કુરતું બનાવનાર, તેમજ એરંડાના છોડ પર સિલ્કના કાપડ અને નાયલોન રેઝિનની શોભા આપનાર કચ્છી માડુઓને સલામ ખપે છે.

કચ્છની ખેતી નર્મદાનાં નીરની કાગડોળે રાહ જોઈ રહેલ છે. અને ગુજરાતની ૧૮ લાખ હેક્ટર જમીન ઉપર નર્મદાનાં પાણી વહેશે ત્યારે વર્ષે ૧૪૦૦ કરોડનું ખેત-ઉત્પાદન બજારમાં પગરવ કરશે. તે વેળાએ જેમ ડુંગળીના પાકની દશા થાય છે તેવી અનેક પાકોની બેહાલી થશે. “પાણીના પાપે ખેડૂતો અન્નની હોળી કરશે! તેવા માઠા દિવસો પણ મંડાશે." પરંતુ એવો સમય દેખાય તે પહેલાં દક્ષિણ ગુજરાતનાં ટમેટાં, સૌરાષ્ટ્રની ડુંગળી, ચીકુ, કેરી અને બોર જેવી ગુજરાતની ફળ પેદાશો તેમજ શાકભાજીના ઉત્પાદનને વિજ્ઞાન અને મધ્યમ કદની તકનીકનો સમન્વય સાંપડે તો ખેડૂતોની મહેનત સાર્થક થાય. અન્યાયમુક્ત, પ્રદૂષણમુક્ત, સ્વાવલંબી સમાજની રચના થાય. નાનાં ગામડાંઓ ભાંગી જતાં મટે અને સ્વસ્થસમાજની ગાંધીની કલ્પનાનો પાયો બંધાય. સૂતરના તાંતણે સ્વરાજની વાત લઈ ગુજરાત ગાંધીમેળાઓ યોજે છે ત્યારે શહેરી કલ્ચર દ્વારા વિકેન્દ્રિત ઉત્પાદનવ્યવસ્થા થકી ગાંધીવિચારનું દર્શન આપનાર એફ.પી.ઓ. જેવી વ્યવસ્થાઓને પણ હવે ગાંધીની સંસ્થા ગણવાનો સમય પાકી ગયો છે.

# પરમ શક્તિની અનુભૂતિનો અવસર એટલે ચૈત્રી નવરાત્રી

## વિશ્વમાં શક્તિ સર્વોપરી છે, શક્તિ થકી સહદેવ પૂજાય છે જો શક્તિન હોય તો માનવી સાવ નિર્બળ બની જાય, આ જગતમાં શક્તિમાન માનવી જ સુખી થઈ શકે, હેલ્થ વેલ્થ અને હેપીનેસનો આધાર શક્તિ છે અને આથી જ શક્તિની ઉપાસના દરેક માનવીએ કરવી આવશ્યક છે

સમયની ગતિ અનંત છે સમયની સાથે બધું ગતિશીલ છે ધરતી પર ગતિશીલ છે તે એક વર્ષમાં સૂર્યની ફરતી એક પ્રદિક્ષણા કરે છે તેમાં ચાર વખત એવો સમય આવે છે કે જ્યારે બ્રહ્માંડમાં શક્તિનો પ્રભાવ સવિશેષ હોય છે અને આથી જ વર્ષમાં ચાર વખત નવરાત્રી ઉજવવામાં આવે છે અને આથી જ વર્ષમાં ચાર વાર નવરાત્રીની ઉજવણી કરવામાં આવે છે. જેના નામ વસંત નવરાત્રી, અષાઢ નવરાત્રી, શરદ નવરાત્રી અને પુષ્ય નવરાત્રી છે. આમાં આસો મહિનામાં શરદ નવરાત્રીની ઉજવણી થાય છે અને વસંત કાળમાં વસંત નવરાત્રીની ઉજવણી થાય છે જેને ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

ચૈત્રી (વસંત) નવરાત્રી: શક્તિ (માતૃદેવી)ના નવ સ્વરૂપોની રીતે નવ દિવસોમાં સમર્પિત થયેલો ઉત્સવ છે. આ તહેવાર વસંતઋતુ (માર્ચ-એપ્રિલ)માં ઉજવાય છે. તેને ચૈત્ર નવરાત્રા તરીકે પણ ઓળખવામાં આવે છે. આ નવ દિવસોના ઉત્સવને રામ નવરાત્રી તરીકે પણ ઓળખવામાં આવે છે.

ગુપ્ત (અષાઢ) નવરાત્રી: ગુપ્ત નવરાત્રી, જેને અષાઢ કે ગાયત્રી કે શાકંભરી નવરાત્રી પણ કહેવાય છે, જે અષાઢ (જૂન-જુલાઇ) મહિનામાં શક્તિ (માતૃદેવી)ના નવ સ્વરૂપોને નવ દિવસોમાં સમર્પિત કરીને ઉજવવામાં આવે છે. ગુપ્ત નવરાત્રીને અષાઢ શુક્લ પક્ષ (અષાઢ સુદ - અજવાળીયું) દરમ્યાન અનુસરવામાં આવે છે.

શરદ (આસો) નવરાત્રી: આ ખુબ જ મહત્વની નવરાત્રી છે. તેને સામાન્ય રીતે મહા નવરાત્રી કહેવાય છે અને તેની ઉજવણી આસો મહિનામાં થાય છે. તેને શરદ નવરાત્રી પણ કહેવાય છે, કારણકે તેની ઉજવણી શરદ ઋતુમાં અશ્વિન શુક્લ પક્ષ (આસો સુદ - અજવાળીયું) થાય છે.

પુષ્ય (પોષ) નવરાત્રી: પુષ્ય નવરાત્રી પોષ (ડિસેમ્બર-જાન્યુઆરી) મહિનામાં શક્તિ (માતૃદેવીઓ)ના નવ સ્વરૂપોને નવ દિવસોમાં સમર્પિત કરવામાં આવ્યા છે. પુષ્ય નવરાત્રી પોષ શુક્લ પક્ષ (પોષ સુદ - અજવાળીયું) દરમ્યાન ઉજવવામાં આવે છે.

માઘ નવરાત્રી: માઘ નવરાત્રીને ગુપ્ત નવરાત્રી પણ કહેવાય છે, મહા (જાન્યુઆરી-ફ્રેબ્રુઆરી) મહિનામાં શક્તિના નવ સ્વરૂપોને નવ દિવસોમાં સમર્પિત કરવામાં આવ્યા છે. માઘ નવરાત્રી માઘ શુક્લ પક્ષ (મહા સુદ - અજવાળીયું) દરમ્યાન કરાય છે.

વસંત નવરાત્રી

વસંત ઋતુ (ઉનાળાની શરૂઆત) (માર્ચ-એપ્રિલ) દરમિયાન આ ઉત્સવની ઉજવણી થાય છે. તેને ચૈત્ર કે ચૈત્રી નવરાત્રી પણ કહેવાય છે, કારણકે કે ચૈત્ર માસમાં આ ઉત્સવ આવે છે.

શરદ નવરાત્રી

અશ્વિન/આસો મહિનાના અજવાળીયા પક્ષમાં તેની શરૂઆત થાય છે. નવરાત્રી ઉત્સવની ઉજવણી સુદ પખવાડીયામાં પ્રતીપદાથી નવમી સુધી એમ કરવામાં આવે તેવું ધૌમ્ય-વકના કહેવામાં આવ્યું હતું. ૨૦૧૭ના વર્ષમાં નવરાત્રી ૨૦ સપ્ટેમ્બરથી શરૂ થશે અને ૨૯ સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ પૂરી થશે.

ચૈત્ર નવરાત્રીનો ગઈકાલે પ્રથમ દિવસ હતો. આ દિવસ માતા શૈલપુત્રીને સમર્પિત માનવામાં આવે છે. ધાર્મિક માન્યતાઓ અનુસાર નવરાત્રિના પહેલા દિવસે માતા શૈલપુત્રીની પૂજા કરવાથી જીવનમાં સુખ-સમૃદ્ધિ આવે છે અને માતાના આશીર્વાદથી વ્યક્તિને વિવિધ મુશ્કેલીઓમાંથી મુક્તિ મળે છે.

**આસપાસ ચોપાસ** સુરેશ ભટ્ટ

ચૈત્ર નવરાત્રીની શરૂઆત થઇ ગઈ છે. ધાર્મિક માન્યતાઓ અનુસાર, નવરાત્રી દરમિયાન માતા દુર્ગાના ૯ સ્વરૂપોની પૂજા કરવાનું વિધાન છે. કહેવામાં આવે છે કે નવરાત્રીમાં માતા દુર્ગાપોતાના ભક્તો વચ્ચે રહે છે અને માતા રાણીને પ્રસન્ન કરવા માટે ભક્તો ઘણા પ્રકારના ઉપાય કરે છે. જો તમે પણ માતારાણીને પ્રસન્ન કરવા માંગો છો અને રાહુ, કેતુ સાથે શનિથી પરેશાન છો તો આ ખબર તમારા માટે મહત્વપૂર્ણ છે. વાસ્તવમાં આજે અમે જણાવશું કે જો તમે રાહુ, કેતુ અને શનિથી પરેશાન છો અને એનાથી મુક્તિ મેળવવા માંગો છો તો ચૈત્ર નવરાત્રીમાં જ્યોતિષ શાસ્ત્ર દ્વારા જણાવવામાં આવેલા કેટલાક ઉપાય કરી મુક્તિ મેળવી શકો છો.

આ ચૈત્ર નવરાત્રીમાં તંત્ર-મંત્ર, જપ તપ અને ઉપાય કરવાનું વિધાન છે. જે પણ ભક્ત રાહુ કેતુ અથવા શનિની પરેશાન છે એમણે આ નવરાત્રીમાં કેટલાક ઉપાય કરવા જોઈએ. જો તમે પણ નવરાત્રીમાં જીવનમાંથી દરેક મુશ્કેલીઓથી છુટકારો મેળવવા માંગો છો, તો નવરાત્રીમાં જરૂર કરો આ ઉપાયપ

ચૈત્ર નવરાત્રી દરમિયાન કેટલાક ખાસ ઉપાય કરવાથી રાહુ અને કેતુને શાંત કરી શકાય છે. રાહુ અને કેતુને શાંત કરવા માટે નવરાત્રીના ૯ દિવસ સુધી બ્રહ્મ મુહૂર્તમાં જાગીને સ્નાન કર્યા પછી હનુમાન ચાલીસાનો પાઠ કરવો જોઈએ. આમ કરવાથી જીવનમાં સ્થિરતા પ્રાપ્ત થાય છે.

આ સિવાય જો તમે નવરાત્રીના ૯ દિવસ સુધી શ્રી દુર્ગા સપ્તશતીનો પાઠ કરશો તો તમને રાહુ અને કેતુથી મુક્તિ મળશે.

રાહુ, કેતુ અને શનિના ખરાબ પ્રભાવથી બચવા માટે નવરાત્રીના નવ દિવસ સુધી ભગવાન શિવને લવિંગ અર્પણ કરવા જોઈએ. આમ કરવાથી આર્થિક સમસ્યાઓથી રાહત મળે છે અને રાહુ અને કેતુની સાથે શનિની ખરાબ અસર પણ દૂર થઈ જાય છે.

તમારે નવરાત્રીના ૯ દિવસ તમારી ક્ષમતા મુજબ ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને મદદ કરવી જોઈએ. એવું કહેવાય છે કે આવું કરવાથી શનિદેવની વિશેષ કૃપા પ્રાપ્ત થાય છે.

ચૈત્રી પ્રતિપદાથી નોમ સુધી અથવા આસો માસની પ્રતિપદાથી નોમ સુધીના નવ દિવસ; નોરતાં. આ દિવસોએ હિંદુ લોકો નવ દુર્ગાનું વ્રત, ઘટસ્થાપન તથા પૂજન વગેરે કરે છે. હિંદુઓ નવરાત્રને પહેલે દિવસે ઘટસ્થાપન કરે છે અને દેવીનું આવાહન તથા પૂજન કરે છે. આ પૂજન નવ દિવસ સુધી ચાલે છે. નવમે દિવસે ભગવતીનું વિસર્જન થાય છે.

વર્ષમાં એક વખત આબોહવામાં વસંત અને પાનખર જેવા બે મહત્વના સંગમોની શરૂઆત થાય છે અને સૂર્યનો પ્રભાવ પણ રહે છે. માતૃદેવીની પૂજા માટે આ બે સમયગાળાને એક પવિત્ર તક તરીકે ગણવામાં આવે છે. ચંદ્ર આધારીત પંચાંગ પ્રમાણે આ ઉત્સવની તારીખો નક્કી કરવામાં આવે છે. નવરાત્રી દેવી દુર્ગાના ઉત્સવનું પ્રતીક છે, જે દેવીને શક્તિ (ઊર્જા)ના સ્વરૂપે વ્યક્ત કરે છે. દશેરા એટલે કે ’દસ દિવસ’ એ નવરાત્રી પછીનો દીવસ છે. નવરાત્રી ઉત્સવ કે નવ રાત્રીઓનો આ ઉત્સવ હવે તેના છેલ્લા દિવસને જોડીને દસ દિવસનો ઉત્સવ બની ગયો છે, જેને વિજયાદશમી કહેવાય છે, જે આ ઉત્સવનો અંતિમ દિવસ છે, આ દસ દિવસોમાં, માતા મહિષાસુર-મર્દીની (દુર્ગા)ના વિવિધ રૂપોનું ઉત્સાહ અને ભક્તિથી પૂજન કરવામાં આવે છે.

# ચૂંટણીની મોસમમાં હેલિકોપ્ટરની માંગ વધી

## દેશભરમાં લગભગ ૨૦૦ હેલિકોપ્ટર છે, એક કલાકનો ચાર્જ ૫ લાખ



નવીદિલ્હી

ચૂંટણીની મોસમ દરેક માટે નફા-નુકસાનનો સોદો હોય છે. ખાસ કરીને હેલિકોપ્ટર સેવાઓ આપનારાઓ માટે આ નફાકારક સમય છે. દેશભરમાં લગભગ ૨૦૦ હેલિકોપ્ટર છે. સરકારી અને અર્ધ-સરકારી વિભાગોને છોડીને, ખાનગી ક્ષેત્ર પાસે લગભગ ૧૬૦ હેલિકોપ્ટર છે. તેમાંથી લગભગ ૧૦૦નો ઉપયોગ વિવિધ નેતાઓ અને રાજકીય પક્ષો લોકસભા ચૂંટણીમાં તેમના પ્રચારમાં કરી રહ્યા છે. મોદી સરકારના તમામ મંત્રીઓ અને વિપક્ષના મોટા નેતાઓ ચૂંટણી પ્રચારમાં હેલિકોપ્ટરનો ઉપયોગ કરી રહ્યા છે.


ચૂંટણી દરમિયાન હેલિકોપ્ટરનું ભાડું ૫ લાખ રૂપિયા પ્રતિ કલાક સુધી પહોંચે છે.

હેલિકોપ્ટરનું સામાન્ય ભાડું ૧.૫ થી ૨.૫ લાખ રૂપિયા પ્રતિ કલાક છે. ચાર્ટર્ડ પ્લેન અને હેલિકોપ્ટર સેવાઓ પૂરી પાડતી કંપનીઓ અનુસાર આ લોકસભા ચૂંટણીમાં બુકિંગ વધી રહ્યું છે. સૌથી વધુ બુકિંગ રાજકીય પક્ષો દ્વારા કરવામાં આવ્યું છે. કેટલીક કંપનીઓ અને ખાનગી લોકો દ્વારા બુકિંગ પણ કરવામાં આવ્યું છે. તેમાંથી કેટલાક લોકસભાના ઉમેદવારો પણ છે. ભાજપ, કોંગ્રેસ અને અન્ય પક્ષોએ હજુ સુધી તેમના તમામ ઉમેદવારો જાહેર કર્યા નથી અને તમામ ચાર્ટર્ડ પ્લેન અને હેલિકોપ્ટરનું એડવાન્સ બુકિંગ ભરાઈ ગયું છે.

ભારતીય ચૂંટણી પંચ પણ લોકસભા ચૂંટણી દરમિયાન ચાર્ટર્ડ પ્લેન અને હેલિકોપ્ટરના ઉપયોગને લઈને એલર્ટ પર છે. આ માટે ચૂંટણી પંચે તમામ એરપોર્ટ, એરલાઈન્સ અને ઉડ્ડયન ક્ષેત્ર સાથે સંબંધિત વિભાગોને માર્ગદર્શિકા આપી છે, જેનો હેતુ ચૂંટણી દરમિયાન ચાર્ટર્ડ પ્લેન અને હેલિકોપ્ટર દ્વારા નાણાંની આપ-લે સહિત અન્ય પ્રકારના દુરુપયોગને રોકવાનો છે.

# સૂર્યમંડળની બહાર ગુરૂ જેવા વિરાટ નવા ગ્રહની શોધ

## ૭૬૨ પ્રકાશવર્ષ દુર નવા ગ્રહનું તાપમાન ૨૨૬ ડીગ્રી



નવીદિલ્હી

અવકાશ વિજ્ઞાનીઓએ સૂર્યમંડળની બહાર એક થવા ગ્રહની શોધ કરી છે અને તેનો આકાર તથા વજન સૂર્યમંડળના સૌથી મોટા ગ્રહ ગુરૂ જેટલુ છે. ટીએઆઈ ૪૮૬૨બી (એનજીટીએસ-૩૦બી) નામ આપવામાં આવ્યું છે અને તે ધરતીથી ૭૬૨ પ્રકાશવર્ષ દુર છે. ગુરૂ ગ્રહનો આકાર એવડો વિરાટ છે કે તેમાં પૃથ્વી જેવડા ૧૩૦૦ ગ્રહ સમાઈ જાય તેમ છે.

આ નવા ગ્રહની શોધ ટ્રાન્ઝીટ એકસોપ્લેનેટ સર્વે સેટેલાઈટ (ટેસ)ની મદદથી થઈ હતી. આ ટેકનીકના આધારે ટ્રાન્ઝીટ પદ્ધતિથી નવા ગ્રહની શોધ કરવામાં આવે છે. કોઈ તારાની ચમક ઘટે તો પણ વૈજ્ઞાનિકો ઓળખ કરી લ્યે છે. આ નવો ગ્રહ પોતાના તારાની પરિક્રમા ૯૮.૩ દિવસમાં કરે છે અને ત્યાંનું મહતમ તાપમાન ૨૨૬ ડીગ્રી છે જે પૃથ્વી કરતા અનેકગણુ વધારે છે.

# બુલેટ ટ્રેનના પ્રોજેક્ટ સંબંધિત ટીમે જાપાનમાં લીધી સ્પેશિયલ તાલીમ


## બુલેટ ટ્રેનના કોરિડોરની કુલ લંબાઈ ૧૩૫.૪૫ કિલોમીટરની છે, આ લાઇન મહારાષ્ટ્રના શીલફાટાથી લઈને ગુજરાતના જારોલી ગામ સુધી પહોંચશે

મુંબઈ

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રકલ્પનું કામને વેગ મળ્યો છે. બુલેટ ટ્રેન પ્રોજેકટના પેકેજ ત્રણ હેઠળ મહારાષ્ટ્રના પાલઘર અને થાણે જિલ્લામાં બુલેટ ટ્રેન માટે કોરિડોર નિર્માણ કરવાનું કામ શરૂ થયું છે. બુલેટ ટ્રેનના કોરિડોરની કુલ લંબાઈ ૧૩૫.૪૫ કિલોમીટરની છે, આ લાઇન મહારાષ્ટ્રના શીલફાટાથી લઈને ગુજરાતના જારોલી ગામ સુધી પહોંચશે.

બુલેટ ટ્રેનના પ્રોજેકટને ભારતમાં સફળ કરવા માટે આ પ્રોજેકટને એમડી સાથે એક ટીમે જાપાનની મુલાકાત લીધી હતી. આ દરમિયાન ટીમે ઓપરેશન કંટ્રોલ સેન્ટર, રોલિંગ સ્ટૉક ડેપો, સ્ટેશન વગેરેનું બુલેટ ટ્રેનને લગતી બાબતોનું પ્રશિક્ષણ લીધું હતું. મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોરમાં ૧૨૪.૨૭ કિલોમીટરના રોડ અને બ્રિજ પણ નિર્માણ કરવામાં આવવાના છે. થાણેથી પાલઘર વિસ્તારમાં ત્રણ સ્ટેશન નિર્માણ કરવામાં આવશે. આ વિસ્તારમાં થાણે, વિરાર અને બોઈસર આ માર્ગમાં ત્રણ નદી પણ આવેલી છે, જેને લીધે આ દરેક નદી પર બ્રિજ નિર્માણ કરવા માટે ૧૩૫ કિલોમીટરના માર્ગનું સર્વેક્ષણ પૂર્ણ થઈ ગયું છે.

# મને ઓલિમ્પિકમાં જવા દેવા નથી માંગતા ડોપિંગ ષડયંત્રનો ડર : વિનેશ ફોગાટ



નવીદિલ્હી

ભારતીય રેસલર વિનેશ ફોગાટ ફરી એકવાર ચર્ચામાં છે. વિનેશે આરોપ લગાવ્યો છે કે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ સંજય સિંહ તેને કોઈપણ કિંમતે પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં રમવાથી રોકવા માગે છે. વિનેશને તેની સામે ડોપિંગ ષડયંત્ર રચવાનો પણ ડર છે. વિનેશને ડર છે કે મેચ દરમિયાન તેને પાણીમાં કંઈક ભેળવીને પીવડાવવામાં આવશે. પેરિસ ઓલિમ્પિક ૨૬ જુલાઈથી ૧૧ ઓગસ્ટ સુધી રમાશે. ૨૯ વર્ષીય વિનેશ ફોગાટે ૨૦૧૯ અને ૨૦૨૨ વર્લ્ડ ચેમ્પિયનશિપ દરમિયાન ૫૩ કિગ્રામાં બ્રોન્ઝ મેડલ અને એશિયન ગેમ્સ (૨૦૧૮)માં ૫૦ કિગ્રામાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. વિનેશ આવતા અઠવાડિયે કિર્ગિસ્તાનના બિશ્કેકમાં યોજાનારી એશિયન ક્વોલિફાઈંગ ટુર્નામેન્ટ દ્વારા ૫૦ કિગ્રા વજન વર્ગમાં ઓલિમ્પિક ક્વોટા હાંસલ કરવા માગે છે. ૫૦ ઉપરાંત, વિનેશે તાજેતરમાં પટિયાલામાં આયોજિત પસંદગી ટ્રાયલ દરમિયાન ૫૩ કિગ્રા વજન વર્ગમાં પણ ભાગ લીધો હતો. તે ૫૩ કિગ્રા વજન વર્ગની સેમિફાઈનલમાં હારી ગઈ હતી. પરંતુ ૫૦ કિગ્રા વજન વર્ગમાં જીતના કારણે વિનેશને એશિયન ઓલિમ્પિક ક્વોલિફાયર માટે એન્ટ્રી મળી હતી. તેણે ૫૦ કિલો વજન વર્ગની ફાઈનલમાં શિવાનીને હરાવી હતી.

વિનેશે એકસ પર એક લાંબી પોસ્ટમાં લખ્યું, ‘બ્રિજ ભૂષણ અને તેના દ્વારા મૂકવામાં આવેલા ડમી સંજય સિંહ મને ઓલિમ્પિકમાં રમવાથી રોકવા માટે દરેક રીતે પ્રયાસ કરી રહ્યા છે. ટીમ સાથે નિયુક્ત કરાયેલા કોચ બ્રિજ ભૂષણ અને તેની ટીમના તમામ ફેવરિટ છે. તેથી એ વાતને નકારી શકાય નહીં કે તેણે મારા પાણીમાં કંઈક ભેળવીને મને મેચ દરમિયાન પીવડાવ્યું હતું.

# શાહરૂખ પોતે હેમાજીનું સેન્ડલ પોતાના હાથથી ઉપાડી પ્રેમથી તેમને એવોર્ડ ફંક્શનના સ્ટેજ પર લઈ ગયો



નવીદિલ્હી

તમે બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં ઘણા લોકોને એવું કહેતા સાંભળ્યા હશે કે શાહરૂખ ખાન જેટલો નમ્ર અને સજ્જન કોઈ નથી. જ્યારે તે કોઈને મળે છે, ત્યારે તે પૂરા દિલથી અને ઉત્સાહથી મળે છે, એટલું જ નહીં, જો કોઈ શાહરૂખના ઘરે આવે છે, તો તે પોતે તેને રિસીવ કરવા અને વિદાય આપવા આવે છે. શાહરૂખ ખાનનો આ સ્વભાવ તેને બોલિવૂડ ઈન્ડસ્ટ્રીના અન્ય લોકો કરતા અલગ બનાવે છે. આવી સ્થિતિમાં, આજે અમે તમને શાહરૂખ ખાનનો એક એવો જ વીડિયો બતાવીએ છીએ જેમાં તેની જેન્ટલમેન ક્વોલિટી સ્પષ્ટ રીતે દેખાઈ રહી છે અને તેને જોઈને તમે પણ કહેશો કે તે માત્ર રીલ જ નહીં, તે રિયલ લાઈફ હીરો પણ છે. ઈન્સ્ટાગ્રામ પર પેજ પર શાહરૂખ ખાનનો એક થ્રોબેક વીડિયો શેર કરવામાં આવ્યો છે.

# યુક્રેનને ૫ લાખથી વધુ સૈનિકોની જરૂર : સંસદે ફરજિયાત લશ્કરી ભરતીનો વિવાદાસ્પદ કાયદો બનાવ્યો



કીવ,

૨ વર્ષથી વધુ સમયથી રશિયા સાથે યુદ્ધ લડી રહેલા યુક્રેનના હજારો સૈનિકો યુદ્ધના મેદાનમાં શહીદ થયા છે. આવી સ્થિતિમાં હથિયારોની સાથે યુક્રેનમાં સૈનિકોની પણ અછત છે. આવી સ્થિતિમાં, યુક્રેનની સંસદે ગુરુવારે સેનામાં નવા ભરતીની ફરજિયાત ભરતીની પદ્ધતિઓ નક્કી કરવા માટે એક વિવાદાસ્પદ કાયદાને મંજૂરી આપી છે. તેનો પ્રારંભિક મુસદ્દો કાયદો બનવામાં ઘણા મહિનાઓ સુધી વિલંબિત થયો હતો અને તેની જોગવાઈઓને હળવી કરવા માટે ઘણા સુધારા રજૂ કરવામાં આવ્યા હતા. સાંસદોએ પણ લાંબા સમયથી આ કાયદા પ્રત્યે ઉદાસીન વલણ અપનાવ્યું હતું કારણ કે તે અપ્રિય હોવાની અપેક્ષા હતી.

રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ ડિસેમ્બરમાં કહ્યું હતું કે કાયદો યુક્રેનની સૈન્યની વિનંતી પર લાવવામાં આવ્યો હતો, જે ૫૦૦,૦૦૦ થી વધુ સૈનિકોને એકત્ર કરવા માંગે છે. આ કાયદો ભૂતપૂર્વ આર્મી કમાન્ડર વેલેરી ઝાલુઝનીની વિનંતી પર તૈયાર કરવામાં આવ્યો છે, જેમને કહ્યું હતું કે સેનાના વિવિધ રેક્રને મજબૂત કરવા માટે ૫,૦૦,૦૦૦ નવી ભરતીની જરૂર છે. યુક્રેન વિરુદ્ધ રશિયાના હુમલા બાદ દેશમાં આગળની લાઈનો પર સૈનિકોની અછત છે. યુક્રેનિયનોએ નવા કાયદાના ડ્રાફ્ટમાં વધુ રસ દાખવ્યો ન હતો. તાજેતરના અઠવાડિયામાં રશિયન હુમલાઓ દ્વારા યુક્રેનનું ઉર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચર બરબાદ થયું હોવાથી કાયદો પસાર થયો છે.

# હોલીવુડની શ્રાપિત ફિલ્મ, છતાં ફિલ્મ જોઈ લોકોના થયા મોત

## આ શ્રાપિત ફિલ્મ, કયારેય સિનેમાઘરોમાં રિલીઝ ના થઈ

મુંબઈ,

હોલીવુડમાં હોરરથી લઈને એક્શન અને લગભગ દરેક શૈલીમાં જબરદસ્ત ફિલ્મો બની છે. આવી જ એક ફિલ્મ હતી ‘એન્ટ્રમ’. આ ફિલ્મને હોલીવુડની શાપિત ફિલ્મ માનવામાં આવે છે. આ જોઈને ઘણા લોકો મૃત્યુ પામ્યા. આજે પણ આ જોઈને લોકો ભયથી ભરાઈ જાય છે. ચાલો તમને તેના વિશે બધું જણાવીએ. કેનેડિયન હોરર ફિલ્મ ‘એન્ટ્રમ’ને અત્યાર સુધીની સૌથી ઘાતક ફિલ્મ માનવામાં આવે છે. ‘એન્ટ્રમ’માં વાર્તા અને ચિત્ર બંને ડરામણા બતાવવામાં આવ્યા છે.

ફિલ્મ ‘એન્ટ્રમ’ કથિત રીતે શાપિત છે, જેના કારણે અનેક લોકોના મોત થયા છે. ‘એન્ટ્રમ’ એક મિની-મોક્યુમેન્ટરીથી શરૂ થાય છે જે ફિલ્મમાં એન્ટ્રમ વિશે વાત કરે છે. તેમાં જંગલનું એક દ્રશ્ય દર્શાવવામાં આવ્યું છે જેમાં બે ભાઈ બહેન આસપાસ ફરે છે. માનવામાં આવે છે કે, ‘એન્ટ્રમ’ ૧૯૭૯માં અનેક ફિલ્મ ફેસ્ટિવલમાં રહસ્યમય રીતે દેખાયું હતું. તેને જોઈને ઘણા લોકો રહસ્યમય રીતે મૃત્યુ પામ્યા અને ત્યારથી તેને શ્રાપિત કહેવામાં આવે છે.

ફિલ્મના સંબંધમાં, લોકોએ શેતાનના ઈતિહાસ વિશે પણ ચર્ચા કરી છે, કારણ કે તે ‘એન્ટ્રમઃ ધ ડેડલીસ્ટ ફિલ્મ એવર મેડ’માં મુખ્ય ભૂમિકા ભજવે છે. ફિલ્મના એક બિંદુ પછી, એન્ટ્રમ ફરીથી દેખાડવામાં આવે છે અને પ્રેક્ષકોને યાદ અપાવવા માટે ચેતવણી જારી કરવામાં આવે છે કે તેઓ તેમના પોતાના જોખમે ફિલ્મ જોઈ રહ્યા છે. એન્ટ્રમના ઈતિહાસને જોતાં, તે અત્યાર સુધીની સૌથી ઘાતક ફિલ્મ છે અને તેના કથિત શ્રાપને જોતાં, તેને જોનાર કોઈપણ દર્શક ભયંકર મૃત્યુનો ભોગ બની શકે છે.



# ૨૦ વર્ષ પછી સાથે જોવા મળ્યા ઈમરાન અને મલ્લિકા શેરાવત

મુંબઈ,

ડબલ ધમાલ, વેલકમ, હિસાસ અને ડર્ટી પોલિટિક્સ જેવી ફિલ્મોમાં જોવા મળેલી અભિનેત્રી મલ્લિકા શેરાવત ફિલ્મી દુનિયાથી દૂર છે. જોકે, તે સોશિયલ મીડિયા દ્વારા ચાહકોમાં લોકપ્રિય છે. પરંતુ તાજેતરમાં તે નિર્માતા આનંદ પંડિતની પુત્રીના લગ્નના રિસેપ્શનમાં જોવા મળી હતી. જ્યાં તે તેની સુપરહિટ ફિલ્મ મર્ડર સ્ટાર ઈમરાન હાશ્મી સાથે પોઝ આપતી જોવા મળી હતી. બંનેને એકસાથે જોઈને ચાહકોએ પણ કહ્યું કે, હવે નવી ફિલ્મ બનવી જોઈએ. સામે આવેલા ફોટોમાં ઈમરાન હાશ્મી સૂટ અને બૂટમાં જોઈ શકાય છે. મલ્લિકા શેરાવત સુંદર ગુલાબી રંગના ગાઉનમાં જોવા મળી રહી છે. બંને પાપારાઝી માટે એકબીજા સાથે પોઝ આપતા જોવા મળ્યા હતા.

આ વીડિયો જોઈને ચાહકોએ કોમેન્ટમાં ફાયર ઈમોજી શેર કર્યા છે. જ્યારે એક યુઝરે લખ્યું કે, બંનેએ પોતાની જાતને જાળવી રાખી છે. અન્ય યુઝરે લખ્યું, ભૂતકાળની ક્ષણો તાજી થઈ. ત્રીજા યુઝરે લખ્યું, ઘણા સમય પછી બને સાથે, ઓએમજી. ચોથા યુઝરે લખ્યું, બંને ખૂબ જ સુંદર લાગી રહ્યા છે. મલ્લિકા શેરાવત અને ઈમરાન હાશ્મીએ ૨૦૦૪માં આવેલી ફિલ્મ મર્ડર ૨માં લીડ તરીકે કામ કર્યું હતું. ફિલ્મના ભીગે હોથ તેરે, બારિશ કી વો બુંદે જેવા ગીતો ખૂબ લોકપ્રિય થયા હતા.

ફિલ્મનું બજેટ ૫ કરોડ રૂપિયા હતું અને ફિલ્મે લગભગ ૨૫ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. આ ફિલ્મ પણ બોક્સ ઓફિસ પર સફળ સાબિત થઈ હતી.

# T-20 સીરીઝ શરૂ થઇ રહી હોવાથી કેટલાક વિદેશી ખેલાડીઓ અધવચ્ચે આઇપીએલ છોડશે

મુંબઇ,

આ દિવસોમાં આઈપીએલની ૧૭ મી સીઝન ચાલી રહી છે. અત્યાર સુધીમાં ૨૫ મેચ રમાઇ ચુકી છે ત્યારે ટી ૨૦ વલ્ડ કપની ૫ સીઝન પણ રમાનારી છે. એવામાં કેટલાક વિદેશી ખેલાડીઓ આઇપીએલને અધવચ્ચે છોડીને તેમની ટીમ સાથે જોડાય તેવી શક્યતા છે. હાલમાં આ બાબતે કોઇ જાણકારી સામે આવી નથી.

૧૮ એપ્રિલ થી ન્યુઝીલેન્ડ અને પાકિસ્તાન વચ્ચે ૫ મેચોની ટી ૨૦ સીરીઝ રમાશે. જેના કારણે ન્યુઝીલેન્ડ ટીમ પાકિસ્તાનનો પ્રવાસ કરશે. આ સીઝનની છેલ્લી મેચ ૨૭ એપ્રિલે રમાશે . આ પ્રવાસ દરમિયાન કોઇ ખેલાડી ઈજાગ્રસ્ત હશે તો આઇપીએલ રમી રહેલા કેટલાક ખેલાડીને ન્યુઝીલેન્ડ બોર્ડ પાકિસ્તાન મોકલી શકે શક્યતા છે. ન્યુઝીલેન્ડના કેન વિલિયમસન ગુજરાત ટાઇટન્સ ટીમના અને ડેરિલ મિશેલ, રચિન રવિન્દ્ર , મિશેલ સેંટર જે ચેન્નાઇ સુપર કિંગ્સનો હિસ્સો છે.

ઝિમ્બાવે અને બાંગ્લાદેશ વચ્ચે ૩ થી ૧૨ મે ની વચ્ચે ટી ૨૦ ઈંટરનેશનલ મેચો રમાશે. બાંગ્લાદેશના મુસ્તફિજુર રહમાન જે ચેન્નાઇ સુપર કિંગ્સનો હિસ્સો છે. તેના સિવાય ૧૦ થી ૧૪ મે ની વચ્ચે પાકિસ્તાન અને આર્યલેન્ડની વચ્ચે ૩ ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચોની સીરીઝ રમાનારી છે. આર્યલેન્ડના જોશુઆ જટિલ જે ગુજરાત ટાઇટન્સનો હિસ્સો છે. જ્યારે પાકિસ્તાનના ખેલાડિઓને આઇપીએલમાં સ્થાન નથી મળતુ.

મે ના છેલ્લા દિવસોમાં બાંગ્લાદેશની ટીમ યુએસએનો પ્રવાસ કરશે. આ દરમિયાન બે ટીમો વચ્ચે ૨૧ થી ૨૫ મેની વચ્ચે ૩ ટી૨૦ ઈન્ટરનેશનલ મેચ રમશે. પાકિસ્તાન ક્રિકેટ ટીમ મે ના ત્રીજા સપ્તાહમાં ઈંગ્લેન્ડનો પ્રવાસ કરશે. આ દરમિયાન બે ટીમો વચ્ચે ૪ ટી ૨૦ ઈન્ટરનેશનલ રમાશે. ઈંગ્લેન્ડના જોસ બટલર (આરઆર), રીસ ટોપીલ (આરસીબી), વિસ જેક્સ (આરસીબી), લિયામ લિવિંગસ્ટોન (પીબીકેએસ) મોઈન અલી (સીએસકે) ફિલ સોલ્ટ (કેકેઆર) સેમ કરન (પીબીકેએસ)અને જોની બેયરસ્ટો (પીબીકેએસ) વગેરે ખેલાડીઓ આ આઈપીએલમાં રમી રહ્યા છે.

# જેલમાં બંધ ઈમરાન ખાન પર દર મહિને ૧૨ લાખનો ખર્ચ

ઈસ્લામાબાદ,

પાકિસ્તાનમાં રાવલપિંડીની અદિયાલા જેલમાં બંધ પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની સુરક્ષા પર દર મહિને ૧૨ લાખ રૂપિયાનો ખર્ચ થઈ રહ્યો છે. લાહોર હાઈકોર્ટમાં જેલ સત્તાવાળાઓ દ્વારા રજૂ કરવામાં આવેલા અહેવાલ મુજબ, ૭૧ વર્ષીય ખાનને જેલ પરિસરમાં વિશેષ સુવિધાઓ આપવામાં આવી છે. જેમાં પાંચ લાખના ખર્ચે અલગ સીસીટીવી સિસ્ટમનો સમાવેશ થાય છે. આ સિસ્ટમ સાત હજાર કેદીઓ પર નજર રાખતી સિસ્ટમથી અલગ છે.

ઈમરાન ખાનનું ભોજન આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડેન્ટની દેખરેખમાં અલગ રસોડામાં રાંધવામાં આવે છે. ભોજન પીરસવામાં આવે તે પહેલાં, તબીબી અધિકારી અથવા નાયબ અધિક્ષક ખોરાકની તપાસ કરે છે. ‘હોલી ફેમિલી હોસ્પિટલ’ના છથી વધુ ડોકટરોની ટીમ પૂર્વ વડાપ્રધાનના સ્વાસ્થ્યની તપાસ અને સારવાર માટે ત્યાં હાજર છે. આ સિવાય એક નિષ્ણાત ટીમ નિયમિતપણે તેમની તપાસ કરે છે.

ઈમરાન ખાનની જેલમાં સાતમાંથી બે સ્પેશિયલ સેલ છે જ્યારે અન્ય પાંચ સેલ સુરક્ષાના કારણોસર બંધ રાખવામાં આવ્યા છે. આ સેલમાં લગભગ ૩૫ કેદીઓને રાખવામાં આવ્યા છે. ખાણ ચેમ્બરમાં પ્રવેશ મર્યાદિત છે; પ્રવેશ માટે પરવાનગી જરૂરી છે.

# ધોળકીયા સ્કુલની બે છાત્રાએ ભારતનું નામ રોશન કર્યુ

## ૩૩ દેશ-૪૨૨ વિજ્ઞાન મોડેલ :ધોળકીયા સ્કુલની કુ.હેતલ વૈષ્ણવને મળ્યું લઘુગ્રહનું નામ 'વૈષ્ણવી ગ્રહ' : અન્ય લઘુગ્રહોને પણ બાળ વૈજ્ઞાનિકોના નામ આપવા કૃષ્ણકાંતભાઈ અને જીતુભાઈ ધોળકીયાનો સંકલ્પ







તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ

વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે ભારતનું નામ ગુંજતું કરનાર રાજકોટની ધોળકીયા સ્કુલ્સના વિદ્યાર્થીઓએ ૨૪મી વખત આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન મેળામાં ભાગ લઈ સમગ્ર શિક્ષણ જગતનું નામ શહેરથી માંડી રાજય કક્ષાએ રોશન કર્યુ છે. શાળા પરિવારના માર્ગદર્શન હેઠળ બાળ વૈજ્ઞાનિકો સતત ઝળકી ગ્રહની ઉંચાઈ સુધી પહોંચી રહ્યા છે ત્યારે ચાલુ વર્ષે ધોળકીયા સ્કુલ્સના ધો.૯ના બે છાત્રાએ ઝુલતા પુલની સેફટી માટેનો રજૂ કરેલો મોનીટરીંગ સિસ્ટમ પ્રોજેકટ આફ્રિકાના 'ઈન્સેફ નેશનલ ફેર-૨૦૨૪'માં વિજેતા બનતા દેશનો તિરંગો ટયુનીશીયામાં છવાઈ ગયો હતો. આ છાત્રાઓએ મેળવેલી સિધ્ધિ અંગેના અનુભવો આજે વર્ણવ્યા હતા અને શાળા પરિવારે ગૌરવની ક્ષણ ગણાવી હતી.

સતત ૨૪મી વખત આંતરરાષ્ટ્રીય કક્ષાએ એવોર્ડ મેળવનાર ધોળકીયા સ્કુલના સર્વોચ્ચ સંશોધન બદલ સંચાલકો કૃષ્ણકાંતભાઈ ધોળકીયા, જીતુભાઈ ધોળકીયા, મિતુલભાઈ ધોળકીયા, ધવલભાઈ ધોળકીયા, વિરલભાઈ ધોળકીયા, સહિતના ૨૦૦થી વધુ શાળા પરિવારના સભ્યો, બંને દિકરીના પરિવારજનો, પ્રાદેશિક લોકવિજ્ઞાન કેન્દ્રના કોઓર્ડીનેટર રમેશભાઈ ભાયાણી, મીનેશભાઈ મેઘાણી, સાયન્સ સીટીના હેડ સુમીતભાઈ વ્યાસ સહિતના સ્કુલ સભ્યોએ બંને ગોલ્ડન ગર્લનું રેલ્વે સ્ટેશન પર ઉષ્માભર્યુ સ્વાગત કર્યુ હતું. આજે પત્રકાર પરિષદમાં વિદ્યાર્થીનીઓ અને શાળા પરિવારોએ આ સિધ્ધિઓની યાદ તાજા કરી હતી.

ત્રણ વખત આંતરરાષ્ટ્રીય એવોર્ડ વિજેતા સન્માન પ્રાપ્ત કરનાર કુ.હેતલ વૈષ્ણવને લઘુગ્રહનું નામ 'વૈષ્ણવી ગ્રહ' મળ્યું છે. સ્કુલ દ્વારા અન્ય લઘુગ્રહોને પણ બાળ વૈજ્ઞાનિકોના નામ મળે તેવો સંકલ્પ લેવામાં આવ્યો છે. ૨૪ વર્ષમાં ૨૬-૨૬ આંતરરાષ્ટ્રીય વિજેતા બાળવૈજ્ઞાનિકો પ્રદાન કરતી સ્કુલ ભારતમાં ટોચ પર પહોંચી છે. આ વર્ષે વિજ્ઞાન મેળામાં ગુજરાતી માધ્યમમાં ધો.૯માં અભ્યાસ કરતા શ્રીમતી રેખાબેન અને શૈલેષભાઈ સોજીત્રાની સુપુત્રી કુ.ધ્વનિ અને શ્રીમતી નીતાબેન અને વિપુલભાઈ ખુંટની સુપુત્રી કુ.સાક્ષીએ ઝુલતા પુલની સેફટી માટેનો સેફટી મોનીટરીંગ પ્રોજેકટ રજૂ કર્યો હતો. આ દુર્ઘટના બાદ બંને છાત્રાએ મોડેલ તૈયાર કર્યુ હતું અને વેઈટ બેલેન્સ તેમજ ડિજીટલ કાઉન્ટર સર્કિટ ગોઠવી હતી. વજન વધે એટલે બેરીગેટ બંધ થઈ જાય અને સાયરન વાગે તેવી ટેકનીક ગોઠવવામાં આવી હતી. આ પ્રોજેકટ આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન મેળા માટે પસંદ થતા બંને વિદ્યાર્થીનીઓએ પ્રોટોટાઈપ મોડલ તૈયાર કરવા ખુબ મહેનત લીધી હતી. ઈજનેરી કોલેજોના પ્રોફેસરોએ માર્ગદર્શન આપ્યું હતું. નિષ્ણાંતોની હાજરીમાં ટેસ્ટીંગ કરવામાં આવ્યા હતા.

આ બંને દિકરીઓએ ૧૯ માર્ચના રોજ રાજકોટથી વિજયકૂચ શરૂ કરી હતી અને આફ્રિકા રવાના થયા હતા. ટયુનીશીયા ખાતે ૩૩થી વધુ દેશના ૪૨૨ પ્રોજેકટ લઈને ૧૦૦૦ વિદ્યાર્થી પહોંચ્યા હતા. બાળકોના ઈન્ટરવ્યુ પણ લીધા હતા. વિજ્ઞાન મેળાના જજીંગ સેશન દરમ્યાન પ્રશ્નોતરી થઈ હતી અને ધ્વનિ તથા સાક્ષીએ 'હેંગીંગ બ્રીજ' કેબલ બ્રીજની સેફટીની વિગતો રજૂ કરતા આ મોડલ છવાઈ ગયું હતું. સાયન્સ ફેરમાં ભારતીય સંસ્કૃતિ પણ રજૂ કરી હતી અને બંને છાત્રાએ તમામ બાળ વૈજ્ઞાનિકોને રામ મંદિરની પ્રતિકૃતિ ભેંટ આપી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો વિજ્ઞાન અને ધર્મનો સંદેશ પણ પહોંચાડયો હતો.

બંને વિદ્યાર્થીનીઓ રાજકોટ પરત ફરતા રેલ્વે સ્ટેશન પર વિજય સભા જેવા વાતાવરણમાં તેઓનું સ્વાગત કરાયું હતું. આજ સુધીમાં શાળાના ૬૫ બાળ વૈજ્ઞાનિકોને ૬.૫૦ લાખની સંશોધન સ્કોલરશીપ મળી છે. સતત ૨૪મી વખત પ્રથમ ક્રમાંક અને ગોલ્ડ મેડલ સાથે ધોળકીયા સ્કુલ્સ ફરી એક વખત વિશ્વ વિજેતા બની છે.

# શ્રીમદ ભાગવત સપ્તાહમાં દર્શન-પૂજન-આશીર્વાદ અને કથાશ્રવણનો લાભ લેતા પરશોતભાઈ રૂપાલા

### નિર્માણથી નિર્વાણ સુધી યાત્રા એટલે શ્રીમદ ભાગવત સપ્તાહ: પરશોતમભાઈ રૂપાલા



રાજકોટ

રાજકોટ જિલ્લાના જસદણ ખાતે ચીતસીયા રોડ સ્થિત રૂપારેલીયા વાડીમાં રૂપારેલીયા પરિવાર આયોજિત શ્રીમદ ભાગવત સપ્તાય જ્ઞાનયજ્ઞના કાર્યક્રમમાં રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાએ ઉપસ્થિત રહીને કથા શ્રવણનો લાભ લીધો હતો. આ પ્રસંગે રૂપારેલીયા પરિવારના સભ્યો જસમતભાઈ ભીખાભાઈ રૂપારેલીયા, રમેશભાઈ રૂપારેલીયા, હિંમતભાઈ, સુરેશભાઈ સહિતના રૂપારેલીયા પરિવારના સદસ્યોએ રૂપાલાજીનું ઉષ્માસભર સ્વાગત કરેલ હતું.

આ તકે પરશોતમભાઈ રૂપાલાએ શ્રીમદ ભાગવત સપ્તાહ કથાના મહિમા વર્ણવતાં જણાવેલ કે નિર્માણ થી નિર્વાણ સુધી યાત્રા એટલે શ્રીમદ ભાગવત સપ્તાહ, શ્રીમદ ભાગવત સપ્તાહ કથા શ્રવણથી માનવીનું જીવન ઈશ્વરમય, પરમાર્થી અને સત્માર્ગે વળે છે. આ તકે સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, સ્થાનિગ આગેવાનો હરેશભાઈ હેરમા, અનિલભાઈ મકાણી, અશોકભાઈ મહેતા, ચંદુભાઈ કચ્છી, નગરપાલિકાના સભ્યો અને બહોળી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહયા હતા.

# લોકસંપર્ક દરમિયાન પરશોતભાઈ રૂપાલાને મળતું અભૂતપૂર્વ લોકસમર્થન અને ઉષ્માભર્યો આવકાર

### વિકસિત ભારતનું નિર્માણ કરવાનો આ સુવર્ણકાળ છે : નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત' ના વિઝનને સહિયારા પ્રયાસો થી સાકાર કરવાનો અવસર મળ્યો છે : પરશોતમભાઈ રૂપાલા



રાજકોટ

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાએ શહેરના વોર્ડ–૭ના વિવિધ વિસ્તારોમાં ખુલ્લી જીપમાં બેસીને લોકસંપર્ક કર્યો હતો.

આ તકે પરશોતમભાઈ રૂપાલાએ શહેરના સુપ્રસિધ્ધ પંચનાથ મંદિર ખાતે દર્શન–પુજન–અર્ચન કરી ભોળાનાથજીને શીશી ઝુકાવી લોકસંપર્કનો પ્રારંભ કર્યો હતો. ત્યારબાદ હરીહર ચોક, સદર બજાર, ફુલછાબ ચોક, રોકડીયા હનુમાનદાદા, ભીલવાસ, ખાટકીવાસ મેઈન રોડ, યાજ્ઞીક રોડ, ૨૦–જાગનાથ મેઈન રોડ સહિતના વિસ્તારોમાં લોકસંપર્ક કરેલ હતો. આ લોકસંપર્ક દરમ્યાન રૂપાલાજીને અભૂતપૂર્વ સમર્થન સાથે ઠેર–ઠેર ઉષ્માભર્યો આવકાર મળ્યો હતો. આ તકે પરશોતમભાઈ રૂપાલાએ જણાવેલ કે દેશના પ્રધાનસેવક નરેન્દ્રભાઈ મોદી દેશને સતત વિકાસની રાહ પર અગ્રેસર કરી રહયા છે અને વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા કટીબધ્ધ છે ત્યારે વિકસિત ભારતનું નિર્માણ કરવાનો આ સુવર્ણકાળ છે. આ વિઝનમાં આર્થિક વૃધ્ધિ, સામાજિક પ્રગીત, પર્યાવરણને અનુકૂળતા અને સુશાસન સહિત વિકાસના વિવિધ પાસાઓનો સમાવેશ થાય છે ત્યારે નરેન્દ્રભાઈ મોદીના આ 'વિકસિત ભારત' ના વિઝનને સહિયારા પ્રયાસો થી સાકાર કરવાનો અવસર મળ્યો છે. આ તકે સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, લોકસભા ચૂંટણી સંયોજક સુરેશભાઈ ગોધાણી, શહેર ભાજપ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, કમલેશભાઈ જોશીપુરા, કોર્પોરેટરો દેવાંગ માંકડ, નેહલ શુકલ, વર્ષાબેન પાંધી, જયશ્રીબેન ચાવડા, તેમજ શૈલેષ હાપલીયા, કૌશિક ચાવડા, વિશાલ માંડલીયા, દિપક પારેખ, ભાવનાબેન જોશીપુરા, ડો. વેકરીયા, ડો.અમિત હપાણી, સહદેવ ડોડીયા, જે.પી. ધામેચા, સંદિપ ડોડીયા, કિરીટ ગોહિલ, અજય પરમાર, જગદીશભાઈ ગોહેલ, અનિરૂધ્ધ વાળા, મોહિલ ભીમજાળીયા, મોહિત ગણાત્રા, આનંદ વાળા, અનિલભાઈ પારેખ, રંજનબેન જેઠવા, કોમલબેન સહિતના સાથે બહોળી સંખ્યામાં વિવિધ શ્રેણીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહયા હતા.

# રાજકોટમાં મહિલા પોલીસની ટીમોએ જાહેર સ્થળોએ પાણીના કુંડા, ચકલીના માળા મુક્યો



રાજકોટ,

રાજકોટ શહેરના મહિલા પોલીસ સ્ટેશિનની ટીમ અને શી ટીમો દ્વારા જીવદયાની કામગીરી કરવામાં આવી હતી. હાલમાં અંગ દઝાડતો તાપ પડી રહ્યો હોઈ આવા વાતાવરણમાં ચકલીઓ, પક્ષીઓ માટે પાણીના કુંડા અને ચકલીના માળા મુકવાની કાર્યવાહી કરવામાં આવી મહિલા પોલીસ સ્ટેપશન દ્વારા કરવામાં આવી છે. મહિલા પોલીસ સ્ટેહશનના પીઆઈ આઈ. એન. સાવલીયા, કોન્સે. પ્રિયંકાબા ભીખુભા, સોનલબેન લાલજીભાઈ, પુર્વ વિભાગની શી ટીમના કર્મચારીઓ કોન્સે. પલ્લવીબેન બાબુભાઈ, ધારાબેન હરેશભાઈ, મિનાક્ષીબેન ડાયાભાઈ સહિતે આજીડેમ પોલીટેકનીક કોલેજ, પોલીસ હેડક્વાુર્ટરના એમટી વિભાગ, મહિલા પોલીસ સ્ટેભશન તેમજ અન્યે કેટલાક સ્થસળોએ પક્ષીઓ માટે પાણીના કુંડા અને ચકલીના માળા મુક્યા, હતાં. પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી પૂજા યાદવ અને એસીપી આર. એસ. બારીયાની રાહબરીમાં આ જીવદયાની કાર્યવાહી થઈ હતી

# વડાપ્રધાન નરેન્દ્રંભાઈ મોદીના નેતૃત્વમાં સૌરાષ્ટ્ર નો અવિરત વિકાસ, હવે ઋણ ચૂકવવાનો અવસર: પ્રવકતા રાજુભાઈ ધ્રુવ

### રાજયરની પ્રથમ એઈમ્સવ, આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, સિગ્નેચર બ્રીજ, ધાર્મિક સ્થરળોનો વિકાસથી પ્રદેશનો અભૂતપૂર્વ વિકાસ



રાજકોટ,

પ્રખર રાષ્ટ્રવાદી? નેતા અને ગુજરાતના પનોતા પુત્ર? નરેન્દ્ર ભાઈ મોદીએ દેશના વિકાસ માટે લીધેલા સંકલ્પાને પરિપૂર્ણ કરવામાં આપણે સહયોગ આપવાનો સુવર્ણ અવસર નજીક આવી રહ્યો છે અને? આગામી તા. ૭મી મેએ ગુજરાતની ૨૬ બેઠકો ઉપર મતદાન થવાનું છે ત્યારે ગુજરાતની પ્રજાએ ૨૬ કમળ ખીલવવાનો સંકલ્પણ કરી લીધો છે તેમ જણાવી સૌરાષ્ટ્ર ભાજપના પ્રવક્તા રાજુભાઈ ધ્રુવે એક નિવેદનમાં કહ્યું છે કે, રાજકોટ જ નહી પણ સમગ્ર સૌરાષ્ટ્રવાસીઓ નરેન્દ્ર ભાઈ મોદીની ત્રીજી જીત માટે આતુર છે અને ભાજપને સમગ્ર દેશમાં ચારસોથી વધુ બેઠક આપીને એક ઈતિહાસના સાક્ષી બનવા થનગને છે.

રાજુભાઈ ધ્રુવે વધુમાં જણાવ્યુંથ છે કે વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીએ રાજકોટ અને સૌરાષ્ટ્રને વિકાસ કાર્યોની ખોબલે ખોબલે ભેટ આપી છે અને લાખ્ખો લોકો તેના મીઠા ફળ ચાખી રહ્યા છે ત્યાૈરે તેમનું આ ઋણ ચૂકવવાનો સુવર્ણ અવસર પ્રજાને પ્રાપ્ત થયો છે. રાજકોટ-સૌરાષ્ટ્રનું નામ પૂરા રાષ્ટ્રથી લઈ વિશ્વભરમાં ગુંજતું થાય તે માટે નરેન્દ્રથભાઈ મોદીએ ઐતિહાસિક પગલાઓ ભર્યા છે અને રાજકોટ-સૌરાષ્ટ્રને આંતરરાષ્ટ્રીય કક્ષાની ભેટ ધરી છે.

રાજકોટને આંતરરાષ્ટ્રીય કક્ષાની એઈમ્સઆ હોસ્પિટલ, જનાના હોસ્પિયટલ અને રાજકોટ-સુરેન્દ્રટનગર ડબલ ટ્રેક રેલવે લાઈનની મળી છે. આ સિવાય ઓખા અને બેટ દ્વારકા વચ્ચેન ૯૮૪ કરોડ રૂપિયાના ખર્ચે બનેલા આઈકોનિક સિગ્નેચર બ્રીજની ભેટ પણ મળી? છે.? આ પહેલા પણ? આંતરરાષ્ટ્રીય કક્ષાનું મહાત્મો ગાંધી મ્યુજઝિયમ, આંતરરાષ્ટ્રીય કક્ષાનો લાઈટહાઉસ પ્રોજેક્ટ , આંતરરાષ્ટ્રીય કક્ષાનો સ્મા ર્ટસિટી પ્રોજેક્ટે, સોમનાથ મહાદેવ વિસ્તાનો સર્વાંગીણ વિકાસ, પાકિસ્તારન સાથેની દરિયાઈ સરહદે મરિન કમાન્ડો્ હેડકવાટર્સ, ભાવનગર-સુરત વચ્ચેસ રો-રો ફેરી સર્વિસ, જામનગર ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાની આયુર્વેદીક યુનિવર્સિટી ઈન્ટિભાવનટ્યૂસટ વગેરેની ભેટ નરેન્દ્ર ભાઈ મોદીએ રાજકોટ-સૌરાષ્ટ્રને ધરી છે. 'સૌની યોજના' વડાપ્રધાન શ્રી નરેન્દ્રંભાઈ મોદી ને આભારી છે. આજે આ યોજનાના ફળ સમગ્ર સૌરાષ્ટ્ર ની પ્રજા ને મળી રહ્યા છે.તેમ રાજુભાઈ ધ્રુવએ યાદીના અંતમાં જણાવ્યું છે.

# રાજકોટમાં કિશાનપરા ચોક રામમય બન્યો : રામધૂન



રાજકોટ,

વિહિપ પ્રેરિત સમિતિ દ્વારા કિશાનપરા ચોકમાં રામોત્સુવ નિમિતે ગઈકાલે રાત્રે આરતી ભાવપૂર્વક કરવામાં આવી હતી. ભાજપ દંડક મનીષભાઈ રાડીયા, મહામંત્રી વિજયભાઈ પાડલીયા, વોર્ડ નં. ૧૦ પ્રમુખ રજનીભાઈ પટેલ, રઘુભાઈ ધોળકીયા, કોર્પોરેટર ચેતનભાઈ સુરેજા, રામેશ્વરીબેન ડોડીયા, ભરતભાઈ ગોસાઈ, મહામંત્રી રત્નીદિપસિંહ જાડેજા, મેહુલભાઈ નથવાણી તેમજ ભકતોએ આરતીનો લાભ લીધો હતો. મહાનુભાવોનું સાલ ઓઢાળીને અશોકસિંહ ડોડીયા, રાજુભાઈ ગોસ્વામી, જગદીશભાઈ અગ્રાવત, પરેશભાઈ રૂપારેલીયા, મનિષ વડેરીયા, રવિન્દ્ર ભાઈ વગેરેએ સન્માન કર્યું હતું. તેમ સમિતિના મહામંત્રી મનીષ વડેરિયા જણાવે છે. આજે શનિવારે રાત્રે ૯ વાગ્યેર રામ જન્મો?ત્સંવ સ્થદળ કિશાનપરા ચોકમાં અશોક ભાયાણીનો 'રામ નામ કે હીરે મોતી' કાર્યક્રમ રાખેલ છે. સૌને લાભ લેવા આયોજક જય પરમાર અને અશોકસિંહ ડોડિયાએ અપીલ કરી છે.

# મોટા દડવા ગામે શિવ મહાપુરાણ કથામાં દર્શન, આશીર્વાદ અને કથા શ્રવણનો લાભ લેવા પરશોતભાઈ રૂપાલા

### શિવ મહાપુરાણ કથા જગતને દિશા બતાવે છે. જયાં શિવકથાનું આયોજન થાય છે ત્યા બધા તીર્થોનો વાસ થાય છે : કથા શ્રવણનો લાભ લઈ ધન્યતા–દિવ્યતા અનુભવતા રૂપાલાજી

રાજકોટ

રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના મોટા દડવા (હમીરપરા) ગામે દેવળવાડીમાં સંતશ્રી આનંદદાસજ બાપુની પ્રેરણાથી ચાલતી શિવ મહાપુરાણ કથામાં દર્શન, આશીર્વાદ અને કથા શ્રવણનો લાભ લઈ રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાએ ધન્યતા–દિવ્યતા અનુભવી હતી. પૂ. ગિરિ બાપુના વ્યાસપીઠ પદે આ શિવ મહાપુરાણ કથા ચાલી રહેલ છે. જેનો સ્થાનિક અને આસપાસના ગામોના ભાવિકજનો બહોળી સંખ્યામાં કથા શ્રવણનો લાભ લઈ રહયા છે.

આ તકે પરશોતભાઈ રૂપાલાએ જણાવેલ કે શિવ મહાપુરાણ કથા જગતને દિશા બતાવે છે. જયાં શિવકથાનું આયોજન થાય છે ત્યા બધા તીર્થોનો વાસ થાય છે. શિવ એટલે કે કલ્યાણ, જેનું નામ લેવાથી સર્વનું કલ્યાણ થાય છે તેવા ભગવાન શિવની કથા એટલે કે શિવ મહાપુરાણ કથા શ્રવણનો લાભ લેવાનો અવસર મળ્યો છે ત્યારે ધન્યતા–દિવ્યતા અનુભવું છુ. આ પ્રસંગે સાંસદ રામભાઈ મોકરીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, રાજયના કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા,, ધારાસભ્ય ગીતાબા જાડેજા, પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠીયા, પૂર્વ જીલ્લા ભાજપ પ્રમુખ નાગદાનભાઈ ચાવડા, જીલ્લા ભાજપ મહામંત્રી હરેશભાઈ હેરમા, નરેન્દ્રસિંહ જાડેજા, તેમજ પ્રભાતભાઈ કોઠીયાળ, ગામના સરપંચ પોપટભાઈ વાળા, ઉપસરપંચ મનુભાઈ લાવડીયા સહિતના બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# 'મોદી પરિવાર સભા' યોજાઈ

### દેશનો દરેક નાગરિક વિકાસના પથ પર આગળ વધી આવનારા સમયમાં 'વિકસિત ભારત'નો સાક્ષી બનવા ઈચ્છે છે : જનકલ્યાણનો એક જ વિકલ્પ, મોદી સરકાર – આ વખત ૪૦૦ ને પાર : ઉદયભાઈ કાનગડ, અશ્વીન મોલીયા



રાજકોટ

રાજકોટ શહેર ભાજપ ધ્વારા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી ડો. માધવ દવે, અશ્વીન મોલીયા, વિરેન્દ્રસિહ ઝાલાના માર્ગદર્શન હેઠળ આગામી લોકસભા ચૂંટણીને અનુલક્ષીને પ્રચાર–પ્રસાર કાર્ય વેગવંતુ બનાવવામાં આવ્યું છે ત્યારે રાજકોટ મહાનગર ખાતે તા. ૮એપ્રિલ થી તા.૧૬ એપ્રિલ સુધી ૮૫ થી વધુ મોદી પરિવાર સભાનું આયોજન કરવામાં આવેલ છે. તે અંતર્ગત વિધાનસભા–૬૮માં શહેરના વોર્ડ–૫ માં ભગીરથ સોસાયટી, દુર્ગા હોલ પાસે મોદી પરિવાર સભા યોજાઈ હતી. જેમાં ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, શહેર ભાજપ મહામંત્રી અશ્વીન મોલીયા, શહેર ભાજપના પૂર્વ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ સહિતનાએ મોદી સરકારની ૧૦ વર્ષની સિધ્ધીઓ વર્ણવી, કેન્દ્ર અને રાજય સરકારની અનેકવિધ લોકકલ્યાણકારી યોજનાઓની માહિતી પુરી પાડતા 'મોદી પરિવાર' સભામાં જનતા જનાર્દનના પ્રચંડ જનસમર્થન સાથે વિજય પ્રાપ્ત કરવા અને દેશનો દરેક નાગરિક વિકાસના પથ પર આગળ વધી આવનારા સમયમાં 'વિકસિત ભારત'નો સાક્ષી બનવા ઈચ્છે છે ત્યારે જન કલ્યાણનો એક જ વિકલ્પ, મોદી સરકાર, આ વખતે ૪૦૦ ને પારના વિજયલક્ષી સંકલ્પને સાકાર કરી રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતભાઈ રૂપાલાને જંગી લીડથી જીતાડી દેશના પ્રધાનસેવક નરેન્દ્રભાઈ મોદીના હાથ વધુ મજબૂત બનાવવા આહવાન કર્યૂ હતું .

# ૨૦૫૦માં હિંદુઓની વસ્તી દુનિયામાં ત્રીજા ક્રમે હશે : મુસલમાનોનો ગ્રોથ સૌથી વધુ રહેશે

## અમેરિકન સંસ્થા પ્યૂ રિસર્ચ સેન્ટરે રિપોર્ટ જાહેર કર્યો

નવી દિલ્હી,

૨૦૫૦ સુધીમાં મુસ્લિમ સમુદાયમાં વસ્તી વિસ્ફોટ થશે. વર્ષ ૨૦૫૦ માં મુસ્લિમોની વસ્તી ૩ અબજ નજીક પહોંચી જશે. ૨૦૨૫ સુધીમાં મુસ્લિમોની ૨ અબજ ૯૦ કરોડ વસ્તી થઈ જવાનો દાવો અમેરિકાની સંસ્થા દ્વારા રિપોર્ટમાં દાવો કરાયો છે. અમેરિકાની પ્યૂ રિસર્ચ સેન્ટરનો ચોંકાવનારો રિપોર્ટ આવ્યો છે. જે મુજબ, મુસલમાનોનો ગ્રોથ સૌથી વધારે રહેશે. ત્રીજા ક્રમ સાથે હિન્દુઓ ૧ અબજ ૩૮ કરોડ નજીક હશે. જે રીતે પૃથ્વી પર લોકોની વસ્તી ધીમે ધીમે વધી રહી છે. તેને લઈને દુનિયાભરના લોકો ચિંતામાં છે. ત્યારે આ વચ્ચે અમેરિકાની એક સંસ્થા પ્યૂ રિસર્ચ સેન્ટર દ્વારા થયેલો સર્વે લોકોની ચિંતામાં વધારો કરી રહ્યો છે. આ રિપોર્ટમાં દાવો કરાયો છે કે ૨૦૫૦ સુધી મુસ્લિમ લોકોની વસ્તીનો ગ્રોથ સૌથી વધારે રહેવાનો છે. જેથી ૨૦૫૦ સુધીમાં દુનિયામાં મુસ્લિમોની વસ્તી ૨ અબજ ૯૦ કરોડ સુધી પહોંચી જશે. એટલે કે ખ્રિસ્તી બાદ સૌથી વધુ જનસંખ્યા મુસ્લિમોની હશે. તો ૧ અબજ ૩૮ કરોડની જનસંખ્યા સાથે હિન્દુઓ દુનિયામાં ત્રીજા ક્રમે હશે. એટલે કે હિન્દુઓની જનસંખ્યા મુસ્લિમ સમુદાય કરતા અડધી હશે. આ રિપોર્ટમાં એ પણ દાવો કરાયો છે કે ૨૦૫૦ સુધીમાં બોદ્ધ ધર્મના લોકોની વસ્તીમાં ઘટાડો થશે. જ્યારે યહૂદીઓની વસ્તી પણ ૨૦૫૦માં ૦.૨ ટકા રહેવાનું અનુમાન છે. ૨૦૫૦ સુધીમાં દુનિયામાં સૌથી વધુ વસ્તી ખ્રિસ્તી લોકોની હશે, જે દુનિયાના ૩૧.૪ ટકા સુધી રહેવાનું અનુમાન અમેરિકાની સંસ્થાએ કર્યુ છે. સંસ્થાએ નાસ્તિકો પર પણ અહેવાલ આપ્યો છે. રિપોર્ટ અનુસાર, વર્ષ ૨૦૧૦ સુધીમાં દુનિયામા નાસ્તિકોની વસ્તી ૧.૧ અબજ કરતા વધારે હતી.

# ગેમિંગ પર હાથ અજમાવ્યા બાદ મોદીએ કહ્યું, ભગવાન કરે મને આની આદત ન પડે

નવીદિલ્હી,

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે દેશના ટૉપ ગેમર્સ સાથે વાતચીત કરી હતી તથા પોતે પણ ગેમિંગ પર હાથ અજમાવ્યો હતો. જોકે ગેમ રમ્યા બાદ મોદીએ કહ્યું હતું કે ભગવાન કરે મને આની આદત પડે નહીં. ગેમર્સ સાથે વાતચીતમાં મોદીએ ગેમિંગ-ઈન્ડસ્ટ્રીને લઈને પોતાના વિચારો સ્પષ્ટ કર્યા હતા. તેમણે ગેમિંગ-સેક્ટર પર નિયંત્રણો મૂકવાની જરૂર નથી એમ જણાવ્યું હતું. વાતચીત દરમ્યાન અનિમેષ અગરવાલ નામના ગેમરે કહ્યું હતું કે સરકારે ગેમિંગને મેઈનસ્ટ્રીમ સ્પૉર્ટ્સ તરીકે માન્યતા આપવી જોઈએ, કારણ કે આ સ્કિલ-બેઝ્ડ રમત છે અને એમાં ગૅમ્બલિંગનો સમાવેશ થતો નથી.



# ૧૯ એપ્રિલે પ્રથમ તબક્કાના મતદાનનું કાઉન્ટડાઉન્ડ શરૂ

નવીદિલ્હી,

૨૧ રાજ્યોમાં ૧૦૨ સંસદીય મતવિસ્તારો માટે ૧૯મી એપ્રિલ, ૨૦૨૪ના રોજ મતદાન યોજાનાર છે જેમાં ૧૨૭ સામાન્ય નિરીક્ષકો, ૬૭ પોલીસ નિરીક્ષકો અને ૧૬૭ ખર્ચ નિરીક્ષકો તૈનાત કરવામાં આવ્યા છે. બધાએ નોમિનેશનની છેલ્લી તારીખ એટલે કે ૨૬મી માર્ચ, ૨૦૨૪ પહેલા મતવિસ્તારમાં જાણ કરી છે. રાજીવ કુમાર, મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી સાથે હતા. જ્ઞાનેશ કુમાર, ચૂંટણી કમિશનર અને શ્રી. ચૂંટણી કમિશનર સુખબીર સિંહ સંધુએ તમામ નિરીક્ષકોને કડકપણે ખાતરી કરવા જણાવ્યું હતું કે મતદાન મથકો ખાસ કરીને ગરમીનો સામનો કરવા માટે મતદારો માટે તમામ સુવિધાઓ ધરાવે છે, પ્રથમ તબક્કાના મતદાનની નજીક કોઈ પ્રલોભનો આપવામાં આવતા નથી, દળોનો શ્રેષ્ઠ ઉપયોગ કરવામાં આવે છે અને કાયદો અને વ્યવસ્થા કડક નજર હેઠળ રાખવામાં આવે છે. કેન્દ્રીય નિરીક્ષકોને અન્ય બાબતોની સાથે સાથે એ સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી હતી કેઃ તમામ મતક્ષેત્રોમાં મતદાન માટેની તૈયારી અગાઉથી જ અને તમામ હોદ્દેદારો એટલે કે ઉમેદવારો અને રાજકીય પક્ષો માટે લેવલ પ્લેઈંગ મેદાનની ખાતરી કરે સંસદીય મતવિસ્તારની અંદર ભૌતિક રીતે ઉપલબ્ધ રહેવા માટે, તેમને સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ફાળવવામાં આવે.

# વીજળીની માગને પહોંચી વળવા સરકારે ગેસ-આધારિત પાવર પ્લાન્ટ્સ કાર્યરત કરવા પગલાં લીધાં

## ગેસ-આધારિત જનરેટિંગ સ્ટેશનોમાંથી મહત્તમ વીજ ઉત્પાદન સુનિશ્ચિત કરવા માટે ધારા ૧૧ અંતર્ગત નિર્દેશો જારી કરવામાં આવ્યા

નવીદિલ્હી,

ઉનાળાની ઋતુમાં દેશમાં વીજળીની ઊંચી માગને પહોંચી વળવા માટે ભારત સરકારે ગેસ આધારિત પાવર પ્લાન્ટ્સ કાર્યરત કરવાનો નિર્ણય લીધો છે. ગેસ-આધારિત જનરેટિંગ સ્ટેશનોમાંથી મહત્તમ વીજ ઉત્પાદન સુનિશ્ચિત કરવા માટે સરકારે તમામ ગેસ-આધારિત જનરેટિંગ સ્ટેશનોને ઈલેક્ટ્રિસિટી એક્ટ, ૨૦૦૩ની કલમ ૧૧ હેઠળ



દિશાનિર્દેશો જારી કર્યા છે (જે અંતર્ગત સરકાર તે નિર્દેશ કરી શકે છે કે એક ઉત્પાદન કંપની, અસાધારણ પરિસ્થિતિઓમાં) કોઈ પણ ઉત્પાદન સ્ટેશનનું સંચાલન અને જાળવણી તે સરકારના નિર્દેશો મુજબ કરે.)

ગેસ-આધારિત જનરેટિંગ સ્ટેશન્સ (જીબીએસ)નો નોંધપાત્ર હિસ્સો હાલમાં બિનઉપયોગી છે, જેનું મુખ્ય કારણ વ્યાવસાયિક બાબતો છે. કલમ ૧૧ હેઠળનો આદેશ, જે આયાતી કોલસા-આધારિત પાવર પ્લાન્ટ્સ માટે કરવામાં આવે છે.

# પૅલેસ્ટાઈનની સમર્થક ગુજરાતી યુવતીએ અમેરિકામાં મચાવ્યું દંગલ : ધરપકડ

કેલિફોર્નિયા

અમેરિકાના કેલિફૉર્નિયા રાજ્યમાં બેકર્સફીલ્ડ શહેરની કાઉન્સિલમાં ગાઝામાં યુદ્ધવિરામના મુદ્દે પ્રસ્તાવ પર ચર્ચા થઈ રહી હતી ત્યારે મેયર અને કાઉન્સિલના મેમ્બરોને જાનથી મારી નાખવાની ધમકી આપવાના આરોપમાં ૨૮ વર્ષની ભારતીય અમેરિકન યુવતી રિદ્ધિ પટેલની ધરપકડ કરવામાં આવી છે. રિદ્ધિ પટેલનું ભાષણ સોશ્યલ મીડિયા ઍક્સ અને ટિકટૉક પર વાઈરલ થયું છે.રિદ્ધિએ ગાઝામાં યુદ્ધવિરામ માટે લાવવામાં આવેલા પ્રસ્તાવનું સમર્થન નહીં કરવાના મુદ્દે નારાજગી દર્શાવી હતી અને તેણે ધમકીભર્યું ભાષણ આપ્યું હતું. ત્યાર બાદ તેની ધરપકડ કરીને તેને જેલમાં મોકલી દેવામાં આવી છે. રિદ્ધિ પટેલ પર આરોપ છે કે તેણે કાઉન્સિલના મેમ્બરો અને મેયરને ધમકી આપીને લોકોને ડરાવ્યા છે. પોલીસે જ્યારે તેને કોર્ટમાં રજૂ કરી ત્યારે તે રડતી નજરે પડી હતી. રિદ્ધિ પટેલે તેના ભાષણમાં કહ્યું હતું કે 'તમે સૌ લોકો એકદમ ખરાબ માણસો છો અને જો ઈસા મસીહ અહીં હોત તો તેમણે જાતે જ તમને લોકોને મારી નાખ્યા હોત. તમારામાંથી કોઈને પણ પરવા નથી કે પૅલેસ્ટાઈનમાં શું થઈ રહ્યું છે અથવા તો એવા દેશોમાં કે જ્યાં લોકોને પરેશાન કરવામાં આવી રહ્યા છે.

# દેશમાં ત્રણ પ્રકારની વંદે ભારત ટ્રેન દોડશે બુલેટ ટ્રેનને લઈને પણ ભાજપે કર્યો વાયદો

નવીદિલ્હી,

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે ભાજપે પોતાનો સંકલ્પ પત્ર જાહેર કર્યો છે. મોદીની ગેરંટીના નામથી આ સંકલ્પ પત્રમાં ભાજપે યુવાઓ, મહિલાો, ખેડૂતો અને ગરીબો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. મોદી સરકાર ૩.૦માં શું કરવામાં આવશે તેનો એક રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે.

ભાજપે વાયદો કર્યો કે મોદી સરકારના આગામી કાર્યકાળમાં વંદે ભારત ટ્રેનની સંખ્યા વધારવામાં આવશે. ત્રણ રીતની વંદે ભારત ટ્રેન, વંદે ચેર કાર, વંદે સ્લીપર અને વંદે મેટ્રો ટ્રેન પાટા પર દોડશે. કેટલાક દિવસ પહેલા કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે આ વાતનો ઉલ્લેખ પણ કર્યો હતો. પાર્ટીના સંકલ્પ પત્રમાં લખવામાં આવ્યું, 'વર્તમાન સમયમાં મોદી સરકાર ૧૩૦૦થી વધુ રેલ્વે સ્ટેશનોનું વિશ્વસ્તરીય માનકોનો પુનર્વિકાસ કરી રહી છે. અમે વિશ્વસ્તરીય વંદે ભારત, અમૃત ભારત અને નમો ટ્રેનનો વિકાસ અને નિર્માણ કર્યું છે. બીજી તરફ વંદે ભારત સ્લીપર ટ્રેન દ્વારા દેશની જનતા આરામદાયક લાંબા અંતરની મુસાફરી કરી શકશે. દેશના મુખ્ય શહેરોમાં મેટ્રોનો વિસ્તાર કરવામાં આવશે. છેલ્લા ૧૦ વર્ષમાં ૨૦થી વધુ શહેરોમાં મેટ્રો શરૂ કરવામાં આવી છે. સંકલ્પ પત્રમાં કહેવામાં આવ્યું કે અમે (મોદી સરકાર) પ્રથમ બુલેટ ટ્રેન કોરિડોર વિકસિત કરી રહી છે. અમે આ બુલેટ ટ્રેન નેટવર્કના વિસ્તાર માટે ઉત્તર, દક્ષિણ અને પૂર્વમાં નવા કોરિડોર માટે ફિઝિબિલિટી સ્ટડી કરીશું.

# ઓવૈસી મહિલાઓની મર્યાદા જાળવતા નથી : માધવી લતા

હૈદરાબાદ

લોકસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. સાત તબક્કાની સામાન્ય ચૂંટણી માટે ૧૯ એપ્રિલથી મતદાન શરૂ થશે. જેને જોતા રાજકીય પક્ષોએ તૈયારીઓ કરી લીધી છે. નેતાઓના પક્ષ બદલવાથી લઈને રાજકીય નિવેદનો સુધીનો સિલસિલો ચાલુ રહે છે.

ત્યારે હૈદરાબાદના ભાજપના ઉમેદવારે ઓવૈસીને લઈને ફરી એકવાર પ્રહાર કર્યા છે. હૈદરાબાદથી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર માધવી લતાએ તેલંગાણાના હૈદરાબાદમાં ડોર ટુ ડોર પ્રચાર કર્યો હતો. તે દરમિયાન તેમણે મીડિયા સાથે વાતચીત દરમિયાન AIMIMના વડા અસદુદ્દીન ઓવૈસી પર આકરા પ્રહાર કર્યા હતા. માધવી લતાએ મીડિયા સાથે વાતચીત દરમિયાન જણાવ્યું કે ધરતી પર જન્મ લેનારા દરેકનો હક છે કે તેને ઘર, સ્વાસ્થ્ય અને શિક્ષણ મળવું જોઈએ. આ લોકોના બાળકો કેમ ન ભણે ? દરેક પ્રકારની સુવિધાઓ મળવી જોઈએ જે અમીર લોકોને મળે છે. આ લોકોને હું તેમનો હક અપાવીને જ રહીશ તેમ પણ જણાવ્યું હતું. મહત્વનું છે કે હૈદરાબાદમાં અસદુદ્દીન ઓવૈસીની વિરુદ્ધ ભાજપે માધવી લતાને મેદાને ઉતાર્યા છે.

# મેઘા એન્જિનયરિંગ કંપની પર CBIની કાર્યવાહી

નવીદિલ્હી,

સ્ટીલ મંત્રાલય તથા મેઘા એન્જિનયરિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડના અધિકારિયો પર ૩૧૫ કરોડ રૂપિયાની એનઆઈએસપી પરિયોજનામાં કથિક ભ્રષ્ટાચારને લઈને કેસ નોંધવામાં આવ્યો છે. સીબીઆઈએ આ જાણકારી આપી હતી. તપાસ એજન્સીએ જણાવ્યું છે કે ૩૧૫ કરોડ રૂપિયાની પરિયોજનાના અમલિકરણમાં ભ્રષ્ટાચારને લઈ સ્ટીલ મંત્રાલયના એનએમડીસી આયર્ન એન્ડ સ્ટીલ




પ્લાન્ટનાં આઠ અધિકારિઓ સહિત મેઘા એન્જિનયરિંગ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડની સામે કેસ નોંધવામાં આવ્યા છે.

તમને જણાવી દઈએ કે હાલમાં ચૂંટણી બોન્ડને લઈને મેઘા એન્જિનયરિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ ખૂબ ચર્ચામાં રહ્યું છે. હૈદરાબાદની કંપની એન્જિનયરિંગ એન્ડ ઈંફ્રાસ્ટ્રક્ચર ચૂંટણી બોન્ડ દ્વારા રાજકીય પક્ષોને દાન આપનારી બીજી સૌથી મોટી કંપની છે.

# રાજકીય માહોલ તેજ : આમ આદમી પાર્ટીના સાંસદ સંજયસિંહે ખડગે સાથે કરી મુલાકાત

નવીદિલ્હી

લોકસભાની ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો તેજ બન્યો છે. ત્યારે થોડા સમય પહેલા જ જેલમાંથી છૂટેલા આપ નેતા સંજયસિંહ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને મળવા પહોંચ્યા હતા.

આમ આદમી પાર્ટી સાંસદ સંજય સિંહે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સાથે દિલ્હીમાં તેમના નિવાસસ્થાને મુલાકાત કરી હતી. જે બાદ સંજય સિંહે કહ્યું કે જેલમાંથી છૂટ્યા બાદ આગળની લડાઈ માટે મલ્લિકાર્જુન ખડગેના આશીર્વાદ લેવાના હતા. કારણ કે તેઓ સદનમાં પણ અમારી હિંમત વધારે છે.તેમની સાથે મુલાકાત કરી. આ દરમિયાન અમે વિપક્ષ વિરુદ્ધ દેશમાં થઈ રહેલી તપાસ એજન્સીની કાર્યવાહીને લઈને પણ વાતચીત કરી હતી.

સંજય સિંહે વધુમાં જણાવ્યું કે આગામી દિવસોમાં ટૂંક સમયમાં એક કોમન મિનિમમ પ્રોગ્રામની જાહેરાત કરવામાં આવશે, જે સરકારની રચના પછી ભારત ગઠબંધન દ્વારા લાગુ કરવામાં આવશે. સંજય સિંહે વધિમાં કહ્યું કે બાબા સાહેબની જન્મજયંતિ નિમિત્તે ભારતમાં લોકશાહી બચાવવા માટે આપણે એક થઈને કેવી રીતે કામ કરીશું તે અંગે ચર્ચા થઈ હતી.

# બાબાસાહેબના સંવિધાનના કારણે જ ગરીબ માતાનો દીકરો મોદી ત્રીજી વાર દેશસેવા કરવા આશીર્વાદ માંગે છે : મોદી

## કોંગ્રેસે બાબા સાહેબનું અપમાન કર્યું : મધ્યપ્રદેશમાં વડાપ્રધાને સભા સંબોધી

મધ્યપ્રદેશ,

મધ્યપ્રદેશમાં ચાર તબક્કામાં લોકસભાની ચૂંટણી યોજાવાની છે. રાજકીય પક્ષોએ પ્રથમ તબક્કાની સાથે બીજા તબક્કાની બેઠકો પર ચૂંટણી પ્રચાર તેજ કર્યો છે. પીએમ નરેન્દ્ર મોદી રવિવારે બીજા તબક્કાની હોશંગાબાદ બેઠકના પિપરિયામાં જનસભાને સંબોધિત કરી રહ્યા છે. પીએમ મોદીએ બાબા સાહેબને યાદ કરત કહ્યું કે મહુમાં તેમનું ઘર છે. જે અહીથી નજીક છે. તેઓ દેશ વિદેશમાં જ્યાં પણ રહ્યા તે સ્થાનોને પંચ તીર્થના રૂપમાં વિકસિત કરવાનું સૌભાગ્ય



ભાજપા સરકારને મળ્યુ છે. જે સન્માન કોંગ્રેસ પાર્ટીએ ક્યારેય આપ્યું નથી. તે સન્માન કરવાનું સૌભાગ્ય અમને મળ્યુ. કોંગ્રેસ જેવી પાર્ટીઓએ બાબા સાહેબને અપમાનિત કરવાનું કામ કર્યું . તેમણે જે સંવિધાન બનાવ્યુ તેના કારણે જ ગરીબ માતાનો દીકરો મોદી, તમને ત્રીજી વાર સેવા કરવા માટે આશીર્વાદ માંગે છે. તેમના સંવિધાનને કારણે જ દેશના રાષ્ટ્રપતિ આદિવાસી પરિવારની દીકરી છે. જે સમાજને સૌથી અંતમાં પૂછવામાં આવ્યુ જેને અંતિમ રાખવામાં આવ્યો તે સમાજની દિકરી આજે રાષ્ટ્રપતિ છે. બાબા સાહેબને અમે વિચારોથી સિમિત નથી રાખ્યા. પરંતુ આધુનિક ભારતમાં તેમના યોગદાનને નવી ઓળખ આપી છે.

# આઈપીએલ મેચને પગલે ઝઘડો થતા મિત્રએ મિત્રની કરી હત્યા

મુંબઈ

આઈપીએલ ક્રિકેટ મેચમાં કરોડો રૂપીયાની બોલી બોલાય છે. આયોજકોને કરોડો રૂપિયા મળે છે પરંતુ મેચ જોનારા ચાહકો ફક્ત ઈર્ષાને કારણે ક્યારેક એકબીજાની હત્યા કરી નાંખે છે. મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં આવી જ એક ઘટના બની છે. કોલ્હાપુરના ચેન્નાઈ સુપરકિંગ્સના એક ફેન્સ ઉપર મુંબઈ ઈન્ડિયન્સના પેન્સ પર હુમલો કરી દીધો હતો. જેમાં તેને જીવ ગુમાવવો પડ્યો હતો. જેને પગલે આ વિસ્તારમાં દહેશતનો માહોલ છે. કોલ્હાપુર જીલ્લાના હનમંતવાડીમાં ગયા અઠવાડિયે એક જ ગલીમાં રહેતા બે પરિવારો વચ્ચે આપીએલ મેચ સંબંધે ઝઘડો થઈ ગયો. સાગર ઝાંઝગે અને બલવંત ઝાંઝગે કાકા-ભત્રીજા થાય છે. બન્ને મુંબઈ ઈન્ડિયન્સના ચાહક છે. પડોશમાં રહેતા ગાયકવાડના ઘરે તેઓ ક્રેકટ જોતા હોય છે. ગયા અઠવાડિયા હૈદરાબાદની ટીમે રનનો ઢગલો કરી દીધો હતો. જેને કારણે બન્ને ગુસ્સા સાથે પરેશાન હતા. તેમાં મુંબઈનો રોહિત આઉટ થઈ ગયો. તે સમયે ચેન્નાઈ સુપરકિંગ્સનો એક ચાહક બંદોપંત ટિબળે અહીં આવ્યો અને અન્ય બન્નેને કહ્યું કે રોહિત તો આઉટ થી ગયો હવે મુબંઈ શું જીતશે. રોહિતના આઉટ થવાથી પહેલેથી નારાજ ઝાંઝગે ટિંબળે પર ગુસ્સે થઈ ગયો.

# માર્ચમાં છૂટક ફુગાવો ઘટીને ૪.૮૫ ટકા થયો

## માર્ચ ૨૦૨૪ મહિના માટે ગ્રામીણ, શહેરી અને સંયુક્ત માટે આધાર ૨૦૧૨=૧૦૦ પર ગ્રાહક ભાવ સૂચકાંકો

નવીદિલ્હી,

રાષ્ટ્રીય આંકડાકીય કચેરી, આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય આ પ્રેસનોટમાં ૨૦૧૨=૧૦૦ પર આધારિત ઓલ ઈન્ડિયા કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ અને ગ્રામીણ, શહેરી અને સંયુક્ત સંબંધિત માર્ચ ૨૦૨૪ (કામચલાઉ) મહિના માટે તમામ રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશો માટે સંયુક્ત સમગ્ર ભારત અને પેટા જૂથો અને જૂથો માટે કન્ઝ્યુમર ફૂડ પ્રાઈસ ઈન્ડેક્સ (CFPI) CPI બહાર પાડી રહ્યું છે.

સાપ્તાહિક રોસ્ટર પર NSO, MOSPIના ફિલ્ડ ઓપરેશન્સ ડિવિઝનના ફિલ્ડ સ્ટાફ દ્વારા વ્યક્તિગત મુલાકાતો દ્વારા તમામ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોને આવરી લેતા ૧૧૧૪ શહેરી બજારો અને ૧૧૮૧ ગામોમાંથી ભાવ ડેટા એકત્રિત કરવામાં આવે છે. માર્ચ ૨૦૨૪ના મહિના દરમિયાન, NSOએ ૯૯.૮ ટકા ગામડાઓ અને ૯૮.૫ ટકા શહેરી બજારોમાંથી કિંમતો એકત્રિત કરી હતી, જયારે બજાર મુજબની કિંમતો ગ્રામીણ માટે ૮૯.૬ ટકા અને શહેરી માટે ૯૩.૨ ટકા હતી.

સામાન્ય ઈન્ડેક્સ અને CFPI પર આધારિત અખિલ ભારતીય ફુગાવાના દરો (પોઈન્ટ ટુ પોઈન્ટ આધારે એટલે કે ગયા વર્ષના સમાન મહિનાની સરખામણીએ ચાલુ મહિને, એટલે કે માર્ચ ૨૦૨૪ની સરખામણીમાં માર્ચ ૨૦૨૩) નીચે મુજબ આપવામાં આવ્યા છેઃ

# અદાણી ગ્રુપે ભારતીય સિમેન્ટ માર્કેટમાં પોતાનું વર્ચસ્વ વધારવાની બનાવી નવી વ્યુહરચના

નવીદિલ્હી,

અદાણી ગ્રુપે ભારતીય સિમેન્ટ માર્કેટમાં પોતાનું વર્ચસ્વ વધારવા તૈયારીઓ શરૂ કરી દીધી છે. ગૌતમ અદાણીની આગેવાની હેઠળના અદાણી ગ્રુપે નાણાકીય વર્ષ ૨૦૨૭-૨૮ સુધીમાં ભારતીય સિમેન્ટ માર્કેટમાં લગભગ ૨૦ ટકા હિસ્સો હાંસલ કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. જૂથ અંબુજા સિમેન્ટ અને ACC લિમિટેડની માલિકી ધરાવે છે. અદાણી સિમેન્ટ બિઝનેસ આંતરિક ઉપાર્જન દ્વારા તેના ઝડપી મૂડી ખર્ચ કાર્યક્રમને અમલમાં મૂકશે અને દેવું મુક્ત રહેશે, એમ અંબુજા સિમેન્ટે રોકાણકારોની રજૂઆતમાં જણાવ્યું હતું. આ ઉપરાંત, અદાણી ગ્રૂપ સિમેન્ટ




ક્ષમતા વિસ્તરણની ગતિ પણ વધારી રહ્યું છે અને ૧૬ ટકાના વૃદ્ધિ દર સાથે, તે નાણાકીય વર્ષ ૨૦૨૭-૨૮ સુધીમાં પ્રતિ વર્ષ ૧૪૦ મિલિયન ટન સુધી પહોંચવાની અપેક્ષા છે. બજારના નિષ્ણાતોનું કહેવું છે કે અંબુજા સિમેન્ટ અને એસીસી લિમિટેડને સિમેન્ટ બિઝનેસમાં હિસ્સો વધારવાથી ફાયદો થશે. તેની અસર આગામી દિવસોમાં આ કંપનીઓના શેર પર જોવા મળશે.

અદાણી ગ્રૂપની કંપનીએ જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૭-૨૮ સુધીમાં અદાણી સિમેન્ટનો બજાર હિસ્સો વર્તમાન ૧૪ ટકાથી વધારીને ૨૦ ટકા કરવાનો લક્ષ્યાંક છે. હાલમાં અદાણી સિમેન્ટ આ સેક્ટરમાં આદિત્ય બિરલા ગ્રૂપની કંપની અલ્ટ્રાટેક સિમેન્ટ પછી બીજી અગ્રણી કંપની છે. અદાણી સિમેન્ટે જણાવ્યું હતું કે તેની પાસે ૮૦૦ કરોડ ટનના ચૂનાના પત્થરોનો કુલ ભંડાર છે, જે સિમેન્ટ ઉદ્યોગ માટે મુખ્ય કાચો માલ છે.

# રાજકોટની બેડી ચોકડીએ બસની ટક્કરથી ટ્રક ઉંધો વળતાં કલાકો ટ્રાફિક જામ: પોલીસે ક્રેઈનથી ટ્રક હટાવ્યો

## રાતે શરૂ થયેલી ટ્રક હટાવવાની કામગીરી છેક સવાર સુધી ચાલી : અનેક વાહન ચાલકો ટ્રાફિકમાં ફસાયા



રાજકોટ,

રાજકોટ શહેરના મોરબી રોડ બેડી ચોકડી નજીક રાત્રીના એસટી બસ અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયા બાદ ટ્રક રોડ પર આડો થઈ જતાં રસ્તો બંધ થઈ ગયો હતો. બસમાં બેઠેલા ચાર પાંચ મુસાફરોને નજીવી ઈજાઓ થઈ હતી. મોડી રાત્રે બનેલી આ ઘટનાને પગલે સવાર સુધી રોડ પર આડો પડેલો ટ્રક હટાવી શકાયો ન હોઈ જેના લીધે માધાપર ચોકડથી બેડી ચોકડી તરફ અને બેડી માર્કેટ યાર્ડથી બેડી ચોકડી અને ગ્રીનલેન્ડ ચોકડીથી બેડી ચોકડી તેમજ અમદાવાદ તરફથી બેડી ચોકડી તરફ આવતાં ચારેય રસ્તાઓ પર હજ્જારો વાહનોની કતારો જામી જતાં ભારે જામ સર્જાયો હતો. કલાકો સુધી તંત્રવાહકો આડા પડેલા ટ્રકને હટાવી ન શકતાં હેરાન થયેલા વાહનચાલકોમાં ભારે દેકારો મચી ગયો હતો અને તંત્રવાહકો પર ઉકળાટ ઠાલવ્યો હતો. આ જામમાં ફસાઈ જવાને કારણે અનેક લોકોના ટાઈમટેબલ ખોરવાઈ ગયા હતાં.

જાણવા મળ્યા મુજબ વધુ માહિતી મુજબ ટ્રાફિક પોલીસની પાંચ ગાડીઓ, ઈન્ટસેપ્ટર વેન સાથે બે પીએસઆઈ, બી-ડિવીઝન પોલીસનો સ્ટાફ તથા અન્ય પોલીસ કાફલો મોડી રાતથી ટ્રાફિક ક્લીયર કરાવવા કામે લાગ્યો હતો. જો કે સવારે સાડા દસ સુધી ટ્રકને રોડ પરથી હટાવી શકાયો ન હોઈ જેના કારણે જામ વધુ સર્જાયો હતો. સવારે ચારેય તરફના મુખ્ય માર્ગો પરથી વાહનોની આવ-જા વધી ગઈ હોઈ માધાપર ચોકડીથી બેડી ચોકડી તરફના રસ્તો અને બેડી યાર્ડથી બેડી ચોકડી સુધી સૌથી વધુ ટ્રાફિક જામ થઈ ગયો હતો. અન્ય? રસ્તા ઓ પર પણ વાહનો ફસાઈ જતાં ચાલકોમાં દેકારો મચી ગયો હતો. બનાવની જાણ થતાં ટ્રાફિક બ્રાંચના પીએસઆઈ બી. આર. પરમાર, પીએઅસાઈ ચારણ તેમજ બી-ડિવીઝનનો સ્ટાફ, પીસીઆર વાન, સ્ટાફ તથા અન્ય, ચાર પીએસઆઈ સહિતનો કાફલો પહોંચ્યો હતો.પીએસઆઈ પરમાર અને ૨૫થી વધુનો પોલીસ સ્ટાફ કામે લાગ્યોએ હતો. તોતીંગ ટ્રકને હટાવવા ક્રેઈનની મદદ લેવામાં આવી હતી.

# રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં પવનના સૂસવાટા સાથે આછા વાદળા : બપોરે ગરમી

## મહતમ તાપમાનનો પારો ઉંચે ચડતા ગરમી યથાવત



રાજકોટ,

રાજકોટ સહિત સૌરાષ્ટ્રો-કચ્છયમાં માવઠાની આગાહી કરવામાં આવી છે. ત્યારે આજે સવારે પવનના સૂસવાટા ફુંકાયા હતા અને આછા વાદળા છવાઈ ગયા હતા. સર્વત્ર મહતમ તાપમાનનો પારો ઉંચે ચડતા ગરમી યથાવત રહી છે.

જૂનાગઢમાં વાતાવરણ વાદળછાયું થઈ જતાં સોરઠમાં લઘુતમ તાપમાનનો પારો સ્થિાર રહ્યો હતો. બીજી તરફ ભેજનું પ્રમાણ વધતા બફારો વધ્યોલ હતો. હિટવેવને બ્રેક લાગતા શુક્રવારે સવારે જૂનાગઢ શહેરનું લઘુતમ તાપમાન ૨૫.૩ ડિગ્રી રહ્યા બાદ શનીવારની સવારે લઘુતમ તાપમાનનો પારો સ્થિર રહીને ૨૪.૪ ડિગ્રી નોંધાયું હતું જ્યા રે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધીને ૮૦ ટકા થઈ જતાં બફારો વધ્યોથ હતો.

બીજી તરફ ૧૦ એપ્રિલ બુધવારના રોજ સિઝનનું સૌથી ઊંચું ૪૦.૯ ડિગ્રી તાપમાન નોંધાયું હતું પરંતુ આ પછી તાપમાનમાં ક્રમશઃ ઘટાડો શરૂ થતા શુક્રવારે પારો નીચે ઉતરીને ૩૭.૯ ડિગ્રીએ આવી ગયો હતો. સોરઠનાં મહતમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે ત્યારરે જૂનાગઢ કળષિ યુનિવર્સિટીને હવામાન વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, જૂનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર જિલ્લામાં તા. ૧૩ થી ૧૭ એપ્રિલ ૫ દિવસ દરમિયાન મુખ્ય ત્વે આકાશ ચોખ્ખુંઘ થી અંશત વાદળછાયું રહેશે.

# રાજકોટના માધાપર ચોકડી ગાંધી સોસાયટી પાસે ઈકો- સ્વીફટ વચ્ચે ટક્કર : દાદી-પૌત્રીને ઈજા




રાજકોટ,

રાજકોટના જામનગર રોડ માધાપર ચોકડી નજીક ગાંધી સોસાયટી પાસે રાતે એકાદ વાગ્યે? હિટ એન્ડ રનની ઘટના બની હતી. જેમાં ઈકો કારનો ચાલક સ્વી્ફટ કારને ઠોકરે લઈ ભાગી જતાં કારમાં બેઠેલા દાદી-પૌત્રીને ઈજાઓ થઈ હતી.જાણવા મળ્યા મુજબ દૂધ સાગર રોડ પર શ્રમજીવી સોસાયટી-૩માં રહેતાં યાસીનભાઈ નાઝીરભાઈ શેખ (ઉ.વ.૪૪) ગઈકાલે પોતાની કારમાં માતા રઝીયાબેન નઝીરભાઈ શેખ (ઉ.વ.૬૦) અને દિકરી યામીના યાસીનભાઈ શેખ (ઉ.વ.૧૬)ને બેસાડી ગાંધી સોસાયટીમાં સગાના ઘરે બેસવા આવ્યા. હતાં. રાતે એકાદ વાગ્યે. પરત પોતાની ઘરે જવા નીકળ્યા ત્યાસરે ગાંધી સોસાયટીનો ઢાળ ચડી રોડ પર પહોંચ્યા ત્યાં જ જામનગર રોડ તરફથી આવતી ઈકો કારનો ચાલક સ્વીફટને ઠોકરે લઈ ભાગી ગયો હતો. આ અકસ્માયતમાં રઝીયાબેન અને પૌત્રી યામીનાને ઈજાઓ થતાં સિવિલ હોસ્પિ ટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઈ વરૂ અને ભાવેશભાઈ મકવાણાએ ગાંધીગ્રામ પોલીસને જાણ કરી હતી.

દરમિયાન યાસીનભાઈ શેખે જણાવ્યું હતું કે જ્યાંશ અકસ્માત સર્જાયો છે એ માધાપર ચોકડીના ગાંધી સોસાયટી તરફના ઓવરબ્રીજના છેડે આ બ્રીજ ખુલ્લો મુકાયો ત્યા?રથી સર્વિસ રોડ બંધ છે. આ કારણે ગાંધી સોસાયટી, કૃષ્ણનગર, વ્હોયરા સોસાયટી તરફથી માધાપર ચોકડી તરફ જતાં વાહન ચાલકો અને બજરંગવાડી રોડ તરફથી માધાપર ચોકડી તરફ જતાં વાહનોને ફરજીયાત રોંગ સાઈડના સર્વિસ રોડમાં જવું પડે છે. આ વખતે ઓવરબ્રિજ પરથી આવતાં જતાં વાહનો સાથે અકસ્મા ત સર્જાવાનો સતત ભય રહે છે. તંત્રવાહકો સર્વિસ રોડ ચાલુ કરાવી શક્યા્ ન હોઈ તેના કારણે વાહનચાલકો અને રાહદારીને સતત અકસ્માતનો ભય રહે છે. સર્વિસ રોડ ઝડપથી ચાલુ કરવવામાં આવે તેવી વધુ એક વખત લોકોએ માંગણી ઉઠાવી છે.

# રાજકોટના શાપર વેરાવળમાં પિસ્તોલ-કાર્ટીસ સાથે એક શખ્સની ધરપકડ



રાજકોટ,

રાજકોટ શહેર એસઓજીએ ગોંડલ રોડ પર ક્રિષ્ના વોટર પાર્કથી આગળ રાજકોટ લેબના ગેઈટ નજીકથી મુળ માંગરોળના અને હાલ શાપર ભક્તિડનગર સોસાયટી બીલીપત્રા એપાર્ટમેન્ટ ફલેટ નં. ૧૦૧માં રહેતાં નિલેષ પ્રવિણભાઈ ચૌહાણ (ઉ.વ.૨૪)ને દેશી બનાવટની રૂ. ૨૫ હજારની પિસ્તોલ અને રૂ. ૨૦૦ના બે જીવતા કાર્ટી સાથે પકડી લેવાયો છે.

લોકસભાની ચૂંટણી અંતર્ગત શાંતિ સલામતી અને કાયદો વ્યયવસ્થા જળવાઈ રહે તે માટે એસઓજીની ટીમ ગેરકાયદે હથીયારો શોધી કાઢવા પ્રયત્નશીલ હોઈ એએસઆઈ ફિરોઝભાઈ ઈકબાલભાઈ શેખ અને હેડકોન્સી. ઉપેન્દ્રસિંહ જયવીરસિંહ ઝાલાને બાતમી મળતાં નિલેષ ચૌહાણને પિસ્તોબલ-કાર્ટીસ સાથે દબોચી લીધો હતો.

નિલેષ ચાર પાંચ વર્ષથી શાપરમાં રહે છે અને કારખાનામાં કામ કરે છે. તેણે એવુ રટણ કર્યુ હતું કે એક મિત્રને ભૈયા સાથે માથાકુટ ચાલતી હોઈ મિત્રએ આ હથીયાર સાચવવાનું કહેતાં પોતાને પણ હથીયાર રાખવાનો શોખ હોઈ પોતાની પાસે રાખ્યુ હતું. વધુ વિગતો માટે રિમાન્ડાની તજવીજ હાથ ધરી છે.

પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી ડો. પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ક્રાઈમ બી. બી. બસીયાની સુચના અનુસાર એસઓજી પીઆઈ જે. એમ. કૈલા, એએસઆઈ ફિરોઝભાઈ શેખ, ધર્મેશભાઈ બી. ખેર, હેડકોન્સક. ઉપેન્દ્ર સિંહ ઝાલા અને દિગ્વી જયસિંહ ગોહિલે આ કામગીરી કરી હતી.

# જસદણ અતુલ મોટર્સના કર્મચારીની રૂપિયા ૩.૪૬ લાખની ઉચાપત : પોલીસમાં ફરીયાદ

## ડાઉન્ટ પેમેન્ટ્ અને વિમાના રૂપિયા ગ્રાહકો પાસેથી લઈ કંપનીમાં જમા કરાવ્યા જ નહીં

રાજકોટ,

જસદણ અતુલ મોટર્સના સેલ્સ?મેનએ ડાઉન્ટ પેમેન્ટ અને વિમાના રૂપિયા ૩.૪૬ લાખ ગ્રાહકો પાસેથી લઈ કંપનીમાં જમા ન કરાવી ઉચાપત કરતા પોલીસમાં ફરીયાદ થઈ છે.જસદણ-આટકોટ રોડ બાયપાસ ખાતે આવેલ અતુલ મોટર્સ મારૂતી સૂઝૂકી શો રૂમના મેનેજર દિલીપગીરી ગોસ્વાબમી રે. સરધારએ શોરૂમમાં સેલ્સો એક્ઝીક્યુટીવ તરીકે નોકરી કરતા મેહુલ રતીલાલ પરમાર રહે. જસદણ સામે જસદણ પોલીસ મથકમાં ફરીયાદ કરી છે. ફરીયાદમાં જણાવ્યાત મુજબ આરોપીએ કંપનીના નામે ગ્રાહકોને વિશ્વાસમાં લઈ ડાઉન પેમેન્ટ તથા ઈન્યોર રન્સ ના કુલ ૧૧.૦૩,૪૯૭ ગ્રાહકો પાસેથી લઈ કંપનીમાં જમા કરાવવાનો બદલે પોતાની પાસે રાખેલ અને તેમાંથી આરોપીએ ૮.૧૬ લાખ પરત ચૂકવી આપેલ બાકીના પેનલ્ટ સહિતના રૂ. ૩,૪૬ લાખ ન ચૂકવી કંપની તથા ગ્રાહકો સાથે છેતરપીંડી કરી ઉચાપત કરી હતી.

આ ફરીયાદ અન્વયે જસદણ પોલીસે આરોપી મેહુલ પરમાર સામે આઈપીસી ૪૦૬, ૪૦૮, ૪૨૦ મુજબ ગુન્હોં દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં યુવકને તાવ ભરખી ગયો : બેભાન હાલતમાં મોત

રાજકોટ,

રાજકોટ સહિત રાજયભરમાં મિશ્ર ઋતુમાં રોગચાળો વકર્યો હોય અનેક પરિવારે તાવ જેવી સામાન્ય બીમારીમાં પણ પોતાના સ્વજનો ગુમાવ્યા હોવાની અનેક ઘટનાઓ પ્રકાશમાં આવી છે. ત્યારે વધુ એક બનાવમાં રાજકોટમાં યુવાનને તાવ ભરખી જતા પરિવારમાં કરૂણ કલ્પાંત સર્જાયો છે.



આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં ગોંડલ ચોકડી પાસે પુનિતના ટાંકા નજીક ઝુપડપટ્ટીમાં રહેતા રોહિત વિનુભાઈ વાઘેલા નામનો ૩૦ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે બેભાન હાલતમાં ઢળી પડ્યો હતો. યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં તેની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે જોઈ તપાસી મૃત જાહેર કરતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી આ અંગે સિવિલ હોસ્પિટલ આપે તાલુકા પોલીસને જાણ કરતા તાલુકા પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી યુવકના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મેડિકલ કોલેજ ખાતે ખસેડ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં મૃતક રોહિત વાઘેલા બે બહેનોનો એકનો એક ભાઈ હતો અને તેને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે છેલ્લા ત્રણેક દિવસથી રોહિત વાઘેલાને તાવ આવતો હતો અને ખાનગી ક્લિનિકમાંથી દવા લેતો હતો પરંતુ આજે અચાનક બેભાન હાલતમાં ઢળી પડ્યા બાદ મોત નીપજયુ હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે તાલુકા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટના ત્રણ કુખ્યાત બૂટલેગરની પાસામાં અટકાયત : જેલહવાલે



રાજકોટ,

રાજકોટ જિલ્લાના કુખ્યાત ત્રણ બુટલેગરોની પાસા હેઠળ અટકાયત કરી વડોદરા, અમદાવાદ અને ભૂજ જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતાં.રાજકોટ જિલ્લામાં અસામાજિક પ્રવૃતિઓને અંકુશમાં લેવા માટે ચૂંટણી પંચના આદેશથી જિલ્લા પોલીસ દ્વારા હિસ્ટ્રીશિટરો સામે અટકાયતી પગલાનો દૌર શરૂ કર્યો છે ત્યારે તાજેતરમાં જ ચૂંટણીને ધ્યાને રાખીને મોટાપાયે વિદેશી દારૂનો જથ્થો ઉતારનાર બુટલેગરો સામે પણ પોલીસે કડક કાર્યવાહી કરી હતી જેમાં રાજકોટ જિલ્લાના ત્રણ કુખ્યાત બુટલેગરોનો વિદેશી દારૂનો જંગી જથ્થો મળી આવ્યો હતો. વિદેશી દારૂના જથ્થા સાથે પકડાયેલા કુખ્યાત બુટલેગરો સામે પાસાની દરખાસ્ત તૈયાર કરી કલેક્ટરને મોકલી આપતા ત્રણેય કુખ્યાત બુટલેગરો સામે વોરંટ ઈસ્યુ કર્યા હતા જેની સામે રૂરલ એલસીબીએ જેતપુર ઉદ્યોગનગર પોલીસસ્ટેશન વિસ્તારમાંથી વિદેશી દારૂના જંગી જથ્થા સાથે પકડાયેલા હરેષ ઉર્ફે હરિયો રવજીભાઈ મકવાણાની પાસા હેઠળ અટકાયત કરી ભૂજ જેલમાં ધકેલી દીધો હતો.આ ઉપરાંત કોટડાસાંગાણીના માણેકવડા પાસેથી વિદેશી દારૂના જંગી જથ્થા સાથે પકડાયેલા આરોપી જીતેન્દ્રસિંહ ઉર્ફે જીતુભા નિર્મળસિંહ જાડેજાની પાસા હેઠળ અટકાયત કરી અમદાવાદ જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે. જયારે કોટડાસાંગાણીમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે પકડાયેલા હડમતાળા ગામના દિવ્યરાજસિંહ ઘનશ્યામસિંહ જાડેજા ઉ.વ.૩૪ની પાસા હેઠળ અટકાયત કરી વડોદરા જેલમાં મોકલી આપ્યા છે.

# રાજકોટ રેલનગર વિસ્તારની શાંતિકુંજ રેસીડેન્સીમાં બંધ મકાનમાંથી રૂા.૯૧ હજારની મતાની ચોરી

## પરિવારજનો માતાની ઉત્તરક્રિયામાં જતા તસ્કરો રાણી સિક્કા, દાગીના, રોકડ ચોરી ગયા

રાજકોટ,

શહેરના રેલનગર વિસ્તારમાં આવેલી શાંતિકુંજ રેસીડેન્સીમાં રહેતાં મહિલા અને તેનો પરિવાર માતાની ઉતરક્રિયામાં બહાર ગામ ગયો હતો ત્યારે તસ્કરોએ મકાનને નિશાન બનાવી દરવાજાના તાળા તોડી તિજોરીમાં રાખેલા રાણી સિક્કા, સોનાના દાગીના અને રોકડ મળી રૂા.૯૧ હજારની ચોરી કરી ગયાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાતા પ્ર.નગર પોલીસે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.રેલનગરમાં આવેલી શાંતિકુંજ રેસીડેન્સીમાં બ્લોક નં.બી-૩માં રહેતા ભાવનાબેન કિશોરભાઈ નિમાવત (ઉ.૪૫) નામના બાવાજી મહિલાએ પ્ર.નગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ, તેઓ તેમના પતિ અને સંતાનો સાથે અહિં રહે છે ગત તા.૩૧-૩નાં રોજ ગુંદાસરા ગામે રહેતા તેના માતાનું અવસાન થયું હોય ત્યારથી તેઓ ગુંદાસરા ગામે હતાં. ગત તા.૧૧નાં રોજ તેમના માતાની ઉતરક્રિયા હોવાથી પતિ મકાનને તાળુ મારી ગુંદાસરા ગામે આવ્યા હતાં. પાડોશમાં રહેતા બે જમાઈ પણ ગુંદાસરા ગામે આવેલા દરમિયાન જમાઈ ભાવેશભાઈને તેના માતા ભારતીબેનનો ફોન આવેલો અને કહેલું કે ‘તારા સાસુના મકાનમાં લાઈટ ચાલુ છે અને દરવાજાને તાળુ મારેલું નથી’ તેમ જણાવતાં ફરિયાદી અને પરિવારજનો રાજકોટ દોડી આવ્યા હતાં અને તપાસ કરતાં તસ્કરો મકાનના દરવાજાનો નકુચો તોડી મકાનમાં પ્રવેશ કરી માલસામાન વેરવિખેર કરી નાખ્યો હતો તથા લોખંડના કબાટનો લોક તોડી તિજોરીમાંથી સોનાની ચાર બંગળી કિ.રૂા.૫૦ હજાર, સોનાના બુટીયા કિ.રૂા.૧૦ હજાર, સો વર્ષ જુના ચાંદીના રાણી સિક્કા નં.૩૦ કિ.રૂા.૧૦૦૦ તથા રોકડા રૂપિયા ૩૦ હજાર મળી કુલ રૂા.૯૧ હજારના માલમત્તાની ચોરી કરી ગયા હતાં. આ અંગે પ્ર.નગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ગુનો નોંધી પીએસઆઈ જે.જી.તેરૈયાએ તસ્કરોની શોધખોળ હાથ ધરી છે.



# રાજકોટમાં પ્રતિબંધિત પ્લાસ્ટીક તથા ગંદકી કરનાર ૩૬૮ દુકાનદારોને ૯૪ હજારનો દંડ

## વિવિધ વિસ્તારમાંથી ૨૪ કિલો પ્લાસ્ટીક જપ્તઃ સોલીડ વેસ્ટ શાખાની કાર્યવાહી

રાજકોટ,

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ ) રૂલ્સ - ૨૦૨૧ અન્વકયે શહેર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લા્સ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જો અન્વ્યે તા. ૧૦ થી ૧૨ સુધીમાં ત્રણેય ઝોનવિવિધ વિસ્તારમાંથી પાસેથી ૧૫.૭ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લા સ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી દુકાનદારો પાસેથી રૂ. ૩૪,૧૦૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યોલ હતો.

આ અંગે મનપાની સતાવાર યાદીમાં જણાવ્યા મુજબ સોલીડ વેસ્ટ શાખા દ્વારા કરવામાં આવેલ કામગીરીની વિગત જોતાં સેન્ટ્રલ ઝોન

સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્યધમાર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૪૬ પાસેથી ૯.૬ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીકિ જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૩૫૨૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૨૯ પાસેથી ૯.૪ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાોસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૩૪૬૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.



ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૯૩ આસામીઓ પાસેથી ૪.૯ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાૂસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૨૩૭૦૦/નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.ઉપરોક્તા કામગીરી મ્યુનિસિપલ કમિશનરશ્રી આનંદ પટેલની સુચના અને નાયબ મ્યુ નિસિપલ કમિશનરશ્રી સ્વોપ્નલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરશ્રીના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/ સેનીટેશન ઓફિસર હાજરીમાં સેનેટરી ઈન્પેકટર/ સેનેટરી સબ ઈન્પેકટર દ્વારા કરવામાં આવેલ.